દેહી અને તેની દેહ.

નિયોજક
દુલેરાય મહીપતરાય ઓઝા.

પ્રસિદ્ધ કર્તા,
ભાવનગર બ્રાંચ ઑવ ધી થિઓસોફીકલ સોસાઈટી,
ભાવનગર.

અમદાવાદ
ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૪. સને ૧૮૯૮.

કિંમત ત્રણ આના.

દેહી અને તેની દેહ.

નિયોજક

દુલેરાય મહીપતરાય ઓઝા.

પ્રસિદ્ધ કર્તા,
ભાવનગર બ્રાંચ ઑવ ધી થિઓસોફીકલ સોસાઈટી,
ભાવનગર.

અમદાવાદ
શ્રી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત ૧૯૫૪. સને ૧૮૯૮.

કિંમત ત્રણ આના.

દેહી અને તેની દેહ.

દેહી જે દેહ ધારણ કરે છે એ અને ઉપાધિદ્વારા જે ચિત્‌શક્તિ પ્રકાશ પામે છે એ સર્વમાં શું શું ભેદ છે તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવામાં વખતો વખત ઘણી ગુંચવણ આવેછે તેથી એ વિષય પરત્વે જેટલું જાણવામાં આવ્યું છે તે અભ્યાસકો સમિપ મૂકવાથી અધ્યાત્મજ્ઞાનનું મનન કરનારાઓને સરળતા થશે એમ ધારી આ વિષય લખવામાં આવે છે. અભ્યાસ કરતાં કરતાં એટલે સુધી પોહોંચ્યા છે કે પ્રથમ કેટલીક વાતો સમજાતી નહી હતી તે હવે સ્પષ્ટ સમજી શકાય છે; પ્રથમ જેના સંબંધમાં કાંઈ નિઃશંક વાત કહી શકાતી નહી તે હવે ચોકસ લાગે છે; પ્રથમ જે અનુમાન કરવામાં આવતું તેનું હવે પ્રત્યક્ષ જ્ઞાન થયું છે. એથી કરી સ્થાપિત થયેલ હકીકત ચોકસ અનુક્રમમાં ગોઠવી શકાય એવું છે અને જેમ જેમ ઉત્તરોત્તર અભ્યાસકોની અવલોકન શક્તિ વૃદ્ધિ પામતી જશે તેમ તેમ તેઓ વારંવાર તે ઉપર લક્ષ આપી જેમ સ્થૂલવિજ્ઞાનશાસ્ત્રીઓ અવલોકન કરેલા અને ક્રમાનુસાર ગોઠવેલા પ્રયોગોને માટે ખાત્રી પૂર્વક વાત કરે છે તેમ આ અભ્યાસકો પણ વાત કરવા સમર્થ થશે.

પાશ્ચાત્ય મતવાદીઓને આ વિષયના અભ્યાસના આરંભકાળમાં એટલું સૂચવવાની જરૂર છે કે તેઓના વિચાર પ્રમાણે જે દેહાત્મભાવ પ્રાધાન્ય છે તે છોડી દઈ દેહીનું ખરૂં સ્વરૂપ અને તેની ઉપાધિ અથવા દેહ એ કેવળ અલગ છે એમ સ્પષ્ટ સમજ રાખવી. શરીર રૂપી વસ્ત્ર જ જાણે આપણે છૈયે એમ દેહ અને જીવની ઐક્યતા માનવાની આપણને સામાન્ય ટેવ પડી ગઈ છે અને તેને લીધે દેહમાં આત્મભાવના રહ્યા કરે છે. પણ આ વિષયની યથાસ્થિત સમજ પડવા માટે એ માન્યતા દૂર કરી માત્ર કોષ રૂપે જ દેહ જીવ ધારણ કરે છે; વળી કિંચિત કાળ પછી તેને ઉતારી નાંખે છે; વળી જરૂર પડે છે ત્યારે પુનરપિ નવિન ધારણ કરે છે; એવાં શરીર તે સાથે દેહી પોતે તે જ છે એવા આત્મ ભાવનો ત્યાગ કરવો. આ ધારણ કરેલાં શરીરને મનુષ્યે પોતારૂપ માનવું એ આપણાં પેહેરેલાં વસ્ત્રને આપણા પોતારૂપ

માનવા જેવું ભૂલ ભરેલું સમજરહિત અને મૂર્ખાઈ ભરેલું છે. એ શરીર જેટલે અંશે એક સાધન રૂપ હોઈ તે દ્વારા લાભ લેવાનો છે તે કરતાં મનુષ્યને એ વધારે મૂલ્યવાન નથી. સામાન્ય મનુષ્યની આ ભૂલ ભરેલી સમજ એક પ્રકારે જોઈએ તો માફ થઈ શકે તેવી છે કારણ કે જે ચિત્‌શક્તિ ભિન્ન ભિન્ન ઉપાધિમાં કાર્ય કરે છે તેનો જાગ્રદવસ્થા અને સ્વપ્નાવસ્થામાં સ્થૂળ શરીર સાથે એવો નિકટ સંબંધ જોવામાં આવે છે કે માણસને દેહ પ્રત્યે આત્મભાવ સહજ થઈ જાય છે. પરંતુ ખરી વાત શું છે તેનું તો પરોક્ષજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે. તે પ્રમાણે દેહી અને તેની ઉપાધિ ભિન્ન છે તથા દેહી તેનો પ્રેરક છે અને ધણી છે એમ સદાકાળ મનને કેળવી જાણી લેવાનું છે. ત્યાર પછી જ્યારે કાળે કરી શરીરથી દેહીને છુટો પાડતાં શીખી તેમાંથી બહાર નિકળી વિચરે એટલી શક્તિ પ્રાપ્ત થાય છે ત્યારે જણાય છે કે શરીરમાં જેટલી ચિત્‌શક્તિ સંકોચવાળી દેખાતી હતી તેના કરતાં તે ઘણી વિસ્તાર વાળી છે એટલે ઉપાધિસાથે દેહીને બહુ વળગી રહેવાની જરૂર નથી. આ શિખરે જ્યારે જ્ઞાન પોહોચે છે ત્યાર પછી દેહી દેહ પ્રત્યે આત્મભાવ રાખી શકતો જ નથી. અને ધારણ કરેલ વસ્તુ આપણા પોતારૂપ છે એવી ભૂલ થવાનો સંભવ નથી. પરોક્ષ જ્ઞાન સર્વ કોઈ પ્રાપ્ત કરવા સમર્થ છે. એથી કરી દેહી અને દેહ કેવળ નિરાળાં છે એમ સમજવા મનને માન્યતા કરવાની ટેવ પાડી શકાય છે. આટલું માત્ર સમજવામાં આવે તો એ પણ સામાન્ય સમજનું આવરણ છે તેમાંથી મુક્ત થવાની બરાબર છે ત્યારથી વ્યવહાર અને જગત્‌માં વર્તન થાય છે તે પ્રથમના કરતાં જુદું જ થાય છે, અને આ નાશવંત દુનિયા જેમાં પ્રારબ્ધ આધિન થઈ વિવિધ સુખ દુઃખ ભોગવવાં પડે છે તેનાથી ઊચ્ચ શાન્ત અને ભવ્ય પ્રદેશમાં માણસ રહે છે. વળી ક્ષણભંગુર સંસારમાં અનિત્ય અને નિત્યનો ભેદ પણ જાણવામાં આવે છે, અને એક મનુષ્ય સંસાર સાગરના તરંગમાં ગોથાં ખાતો ગુંગળાઈ મરવાની તૈયારીમાં હોય છે તેની અને એક મનુષ્ય જેના પગ ખડક ઉપર લાગેલા હોય અને તેની આસપાસ એવા તરંગ અથડાઈ હાનિ કર્યા વિના પાછા ફરતા હોય તેની સ્થિતિમાં જેવો તફાવત પડે છે તેવો તાદૃશ્ય દેખાય છે.

આ વિષય પરત્વે દેહી શબ્દથી જે જીવાત્મા જીવનવાળો, ચિત્‌શક્તિવાળો, વિચાર કરનાર જે કોઈ છે તે સમજવાનો છે. અને દેહ એ શબ્દથી જેમાં એ જીવાત્મા બંધાએલો છે અને જે દ્વારા જગત્‌માં તે અમુક અમુક

ભૂમિકામાં પ્રવર્તે છે તે સમજવાનાં છે. જેમ પ્રવાસ કરવામાં આપણે જમીન ઉપર વિવિધ પ્રકારનાં વાહનોનો ઉપયોગ કરીયે છીયે, પાણી ઉપર વહાણનો ઉપયોગ કરીયે છીયે, વાયુમાં બલૂનનો ઉપયોગ કરીયે છીયે છતાં પ્રવાસીતો તેનો તે છે તેમ જ દેહી—જીવાત્મા—જે મનુષ્યનું સત્યરૂપ છે તે ગમે તે શરીરમાં રહી પ્રવર્તે છે તો પણ તે તો એકનો એક જ છે વળી જેવી રીતે પ્રત્યેક ભૌતિક તત્વમાં ગમન કરવા માટે યોગ્યતા પ્રમાણે ગાડી, વહાણ, બલૂન ભિન્ન ભિન્ન પ્રકારની સામગ્રીથી બનાવવામાં આવે છે અને તેની યોજના પણ ભિન્ન ભિન્ન હોય છે તેમ આ શરીરો પણ યોગ્યતા અને યોજના પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે. એક શરીર બીજાના કરતાં વિશેષ સ્થૂળ હોય છે, વિશેષ ટુંકો કાળ ટકે છે, વિશેષ થોડી શક્તિ ધરાવે છે. પરંતુ એ સર્વમાં સામાન્ય ગુણ પણ કેટલાક છે જેવા કે સર્વ શરીર નાશવંત છે; તે દેહીનાં સાધન છે; તેનાં પરિજન છે; તેનો ક્ષય થાય છે અને વળી નવીન થાય છે. અને મનુષ્યની વૃદ્ધિ પામતી શક્તિ તથા જરૂરીઆત પ્રમાણે તેમાં ફેરફાર થયા કરે છે. આપણે તેનું અનુક્રમે અવલોકન કરશું. સર્વથી પહેલાં સ્થૂલનું વર્ણન આરંભી અંતે મનુષ્ય જે સર્વ શરીરમાં કર્તા રૂપે રહે છે તેનું વર્ણન આપશું.

સ્થૂળ દેહ.

સ્થૂળ દેહ આ શબ્દમાં થીઓસોફીકલ યાને અધ્યાત્મવાદની પરિભાષામાં સ્થૂળ શરીર અને વાયુરૂપ પ્રતિક શરીર જેને કહે છે એ બેનો સમાવેશ થાય છે. કારણ કે તે બન્નેની પ્રવર્તિ સ્થૂળ ભૂમિકા ઉપર છે અને તે સ્થૂળ ભૌતિક પ્રકૃતિનાં બનેલાં છે. બન્ને સ્થૂળ જીંદગી વખતે નવાં નવાં બને છે અને મરણ સમયે મનુષ્ય તેને કાઢી નાંખે છે. જ્યારે દેહી સૂક્ષ્મ—આકાશિક—ભૂમિકામાં ગમન કરે છે ત્યારે તેઓ આ સ્થૂળ ભૂમિકામાં લય પામે છે. આ બેને સ્થુળ શરીર અથવા સ્થુલોપાધિની સંજ્ઞા આપવાનું બીજું કારણ એ છે કે જ્યાં સુધી આપણે આ સ્થુલ ભૂમિકામાં અર્થાત આ દુનીઆમાં રહીએ છીએ ત્યાં સુધી એ બે અથવા વખતે બેમાંના એકનો ઉપયોગ કરીએ છીએ. તેની બનાવટની સામગ્રી પણ સ્થુલ ભૂમિકાની છે અને તેની બહાર તે જઈ શકતાં નથી. તેમાં કાર્ય કરનાર ચિતશક્તિ તેનાં બંધનથી છુટી થઈ શકતી નથી એટલે દેશકાળના બાધના સામાન્ય નિયમને તે આધિન છે. કાંઇક અંશે એ બે તત્વ છુટાં પડી શકે છે પરંતુ જ્યાં સુધી આ દુનીઆમાં માણસ જીવે છે ત્યાં સુધી એવું બહુ ક્વચિત બને છે. તેમ એ પ્રમાણે થાય અથવા કરવું એ સારૂં પણ

નથી. જ્યારે એવી રીતે છુટાં પડે ત્યારે એમ સમજવું કે તે માણસ રોગીછે અને તેના શરીરના બંધારમાં કાંઈ ખામી છે.

એ બન્નેની બનાવટ પણ ભિન્ન ભિન્ન સામગ્રીની છે એટલે સ્થુળ અને તેના પ્રતિકનો ભેદ જણાઈ આવે છે. જે સ્થુળ આપણા જોવામાં આવે છે, તે જ નમુનાનું એ પ્રતિક છે. તેમાં એક રજકણનો પણ ફેર હોતો નથી. તે દ્વારા જીવનશક્તિ અને વિદ્યુતશક્તિ પોતાનો પ્રવાહ ચલાવે છે અને સ્થુળને કાર્ય કરાવે છે એટલે સ્થુળનો સર્વ આધાર તેના ઉપર છે.

સ્થુળ પ્રકૃતિના સાત વિભાગ છે. તે એક બીજાથી જુદા પાડી શકેછે અને પોત પોતાની મર્યાદામાં પ્રત્યેકમાં ઘણા પ્રકારે મિશ્રિત થતા જોવામાં આવે છે. કઠિન, પ્રવાહી, વાયુરૂપ, આકાશિક અને એ આકાશિકના ફરી કઠિન, પ્રવાહી અને વાયુરૂપ એમ મળી એ સાત વિભાગ છે. એ સાતવિભાગમાંથી કોઈ પણ એક વિભાગમાંનો થોડો ભાગ આમાંની કોઈ પણ સ્થિતિ પર્યંત પહોચી શકે છે. આપણે જેને સામાન્ય ઉષ્મા અને વાતાવરણનું દબાણ કહીયે છીયે તેવી સ્થિતિમાં તો તે પ્રકૃતિ એ વિભાગમાંની કોઈ એક સ્થિતિમાં કાયમ માટે રહે છે. જેમકે સુવર્ણ સામાન્ય રીતે કઠિન રહેછે; જળ પ્રવાહી રહેછે; ક્લોરીન વાયુરૂપ રહે છે. માણસનું સ્થુળ શરીર એ સાતે વિભાગની પ્રકૃતિનું બનેલું છે. જે સ્થુળ શરીર જોવામાં આવે છે તે કઠિન પ્રવાહી અને વાયુનું છે. અને પ્રતિક છે તે બાકીનાં ચાર વિભાગની પ્રકૃતિનું છે. તેને ઈથિર અથવા સૂક્ષ્મ વાયુ એવું નામ આપી અને પહેલા, બીજા, ત્રીજા તથા ચોથા પ્રકારનો સૂક્ષ્મવાયુ એવી સંજ્ઞા આપીશું.

અધ્યાત્મ વિદ્યાના સિદ્ધાન્તો જ્યારે કહેવામાં આવે છે ત્યારે લોકો વારંવાર એવી ફરીઆદ કરે છે કે સર્વ વાત એટલી બધી ઢંકાયેલી લાગે છે કે ક્યાંથી આરંભ કરવો એ સુઝ પડતી નથી. તેઓએ પોતાને પોતાની મેળે અભ્યાસ કરી અનુભવ પ્રાપ્ત કરવો હોય તો ક્યાંથી પ્રથમ શરૂ કરવું એ પ્રશ્ન થાય છે. તેઓ કહે છે કે બધી વાત તો ઠીક પણ તમારો કક્કો ક્યાં છે. અમારે પ્રથમ કીયે રસ્તે ચાલવું. જેઓ એમ કહે છે કે અમે તે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને તે ઉપરથી અમે અમુક વાત કહીયે છીયે એ ઉપર જો વિશ્વાસ રાખવો હોય નહી અને તે સિદ્ધ કરવા પોતે જાતે જે લોકો ઈચ્છા રાખતા હોય તેઓએ શું કરવું ? આવાં પ્રશ્ન થાય તેનો ઉત્તર શું છે અને તે કેમ આપવો તે વિષે આપણે કહેવાનું છે. એ ઉપરથી જેઓને ખરેખરી ઉત્કંઠા અધ્યાત્મ વિદ્યાનો અભ્યાસ કરવાની હશે તેઓને પ્રથમ કીયે માર્ગે ચાલવું તે

સમજવામાં આવશે. ધર્મ–નીતિ, અને સમજશક્તિ જેનાં કેળવાયેલાંછે અથવા કેળવાય છે તેઓને આ માર્ગ ઉપર ગમન કરવાનું બનશે એ વાત પ્રથમથી ધ્યાનમાં રાખવાની છે. માત્ર સ્થૂળ શરીર પ્રત્યે ક્રિયા કરવાથી કોઈ માણુસથી સિદ્ધ કે સાધુ થવાતું નથી પણ એટલી વાત ખરી છે કે એ પણ એકસાધન છે તેથી તેને પણ કેટલેક અંશે કેળવવાની જરૂર છે. એટલે સન્માર્ગપર જવામાં આપણુને સુગમતા થાય. જેમ માત્ર સ્થુળ શરીરને જ કેળવવાથી આપણે ઇચ્છિત શિખરે પોહોંચવાના નથી તેમ તેને કેળવ્યા વિના પણ ત્યાં જવું અશક્ય છે. મનુષ્યનાં સાધન જ તેનાં શરીર છે અને તે દ્વારા સર્વ કાર્ય કરવાનાં છે. પણ તેમાં એક વાત વિશેષે કરી લક્ષમાં રાખવાની છે કે દેહ આપણે–દેહી માટે છે. દેહી દેહ માટે નથી. દેહી દેહનો ઉપયોગ કરવાનો છે, દેહ દેહીને વશ કરી તેનો ઉપયોગ કરવાનો નથી. શરીર એવું સાધન છે કે તેને કેળવવાની અને સુધારવાની જરૂર છે. તેને સ્વચ્છ કરવું પણ જોઇયે અને તેની સામગ્રીમાં પણ એવો ફેરફાર કરવો જોઇયે કે આ લોકમાં મનુષ્યને ઉચ્ચ કાર્યો કરવામાં અને તેનો હેતુ પાર પાડવામાં તે ઉત્તમ સાધનરૂપ થાય. એટલા માટે જે જે કરવાથી એ સ્થિતિ સધાય તે ઉપર વિશેષ લક્ષ આપવું અને તે પ્રમાણે વર્તન કરવું અવશ્યનું છે અને એથી વિરૂદ્ધ વાત હોય તેનો ત્યાગ કરવો જોઇયે. પૂર્વે શરીરની વાસના ગમે તેવી હોય અથવા ગમે તેવી ટેવ તેણે ગ્રહણ કરી હોય તેની જરા પણ દરકાર કરવી નહી. શરીર આપણું છે, આપણું નોકર છે અને તેને આપણી ઈચ્છા પ્રમાણે કામ કરાવવાની આપણી સત્તા છે. પણ જો તેને સ્વતંત્ર થઈ પોતાની ઇચ્છા પૂર્વક વર્તન કરવા દેવામાં આવે અને દેહીની આજ્ઞામાં નહી રહેતાં તેને પોતાની આજ્ઞા પ્રમાણે ચલાવે તો એમ નિઃશંક માનવું કે જીવિતનો સર્વ હેતુ ઉંધો વળવાનો થયો. અને આગળ વધવાની તો આશા જ છોડી દેવી. આ વાત પ્રથમારંભમાં લક્ષપૂર્વક ધ્યાનમાં લઈ પ્રત્યેક ઉત્કંઠિત મનુષ્યે શરૂ કરવું જોઇયે. સ્થુળ શરીરનો સ્વભાવ જ એવો છે કે તેને બહુ સેહેલથી સાધન અથવા સેવક તરીકે કામે લગાડી શકાયછે. કેટલીક તેની ખાસીયતો એવી છે કે તેને આપણે સહેલથી કેળવી શકીયે છીયે અને તેને જે રસ્તે ચલાવવા આપણે ઇચ્છીયે તે રસ્તે ચલાવી શકાય છે અને તેવું વલન કરાવી શકાય છે. એક મુખ્ય ખાસીયત તો એ છે કે તેને અમુક માર્ગ ઉપર ચઢાવ્યું હોય તો તે માર્ગ ઉપર જ તે ચાલ્યું જવાનું. અને તેમ કરતાં તેને એવી ટેવ પડે છે કે તે બહુ ખુશીથી એ પ્રમાણે વર્તે છે. અને તેથી અન્ય રીતે વર્તન કરવામાં

જેવો તેને આનંદ પ્રાપ્ત થતો તેવો જ આનંદ આ સમયે પણ થાયછે કોઈ દુષ્ટ ટેવ પડી ગઈ હોય છે તો તેમાં ફેરફાર કરવા જતાં શરીર સારી પેઠે અટકાવ કરે છે, પણ જો તે ફેરવવા તેને ફરજ પાડવામાં આવે અને જે જે વિઘ્ન તે લાવે એ દૂર કરવામાં આવે, અને મનુષ્ય પોતે ધારે તેમ તેને ચલાવે તો થોડા કાળ પછી એનું એ શરીર નવી ટેવ પ્રમાણે પોતાની જ ઈચ્છાથી કાર્ય કરે જશે અને મનુષ્યે જે પોતાની ઇષ્ટ ટેવ પાડી હોય છે તે પ્રમાણે આગળની ટેવ જે મનુષ્યે ખરાબ ધારી છોડાવી હોય છે તે માફક જ કરે જશે. ત્યારે હવે આપણે સ્થુળ શરીર જે કે ઘણે ભાગે આપણી દૃષ્ટિગોચર છે તેનું વિવેચન કરીએ. આમાં પણ એટલું તો છે કે કેટલીક વાયુરૂપ સામગ્રી જેની દૃષ્ટિ કેળવાયલી નથી તેના જોવામાં આવતી નથી. આ દેહીનું સર્વથી ઉપરનું ઢાંકણ છે. તેનું સર્વથી છેવટનું સ્ફુરેલું તત્વ છે અને તે દ્વારા તે બહુ જ અપૂર્ણ અને ટુંકી મર્યાદામાં પ્રકાશમાન થઈ શકેછે.

સ્થુલ શરીર:—આ શરીરની બનાવટ સંબંધી આપણે કાંઇક વિસ્તારથી અવલોકન કરવું અવશ્યનું છે. કેમકે એ ઉપરથી વિશેષે કરી સમજવાનું છે કે એ શરીરને આપણે કેમ આધિન કરવું, કેમ સ્વચ્છ કરવું અને કેમ કેળવવું. તેનાં કેટલાક કાર્ય એવાં છે કે જે ઇચ્છાશક્તિની પણ સત્તાને આધિન નથી તો તેનું પ્રથમ અવલોકન કરવું જોઇએ અને ત્યાર પછી જે એ શક્તિને આધિન છે તે જોવા જોઇયે. જ્ઞાનતંતુઓની રચનાવડે એ સર્વ કાર્યો કરે છે પરંતુ એ રચના જુદા જુદા પ્રકારની હોય છે. એક એવી છે કે તે આપણા સામાન્ય વ્યવહારમાં શરીરનાં સર્વ કાર્ય કરાવે છે. જેમકે ફેફસાં સંકોચાય છે છે અને ફુલે છે, રક્તાશયનો થડકારો થયા કરે છે, પાચનક્રિયા નિયમપૂર્વક કાર્ય કરે છે ઇત્યાદિ આ રચનામાં આવેલાં જ્ઞાનતંતુઓ કાંઈ પણ પ્રેરણા વિના કાર્ય કરે જાય છે અને તેને સામાન્ય રીતે સાનુકમ્પિત રચના કહેવામાં આવે છે. પૂર્વે ઘણા કાળ ઉપરજ્યારે હજી સ્થુલ બંધારણ ખીલતું આવતું હતું ત્યારે આ જ્ઞાનતંતુઓનો પ્રેરક પશુ વૃત્તિવાળો જીવ હતો. પણ પાછળથી તેના પ્રેરણા બંધ થતાં તે આપોઆપ કાર્ય કરવા લાગ્યાં. ઇચ્છાશક્તિની તેના ઉપર સત્તા રહી નહી. તેઓ સ્વતંત્ર જેવાં થયાં અને શરીરને જીવતું રાખવા માટે ચલુ સામાન્ય કામ ચલાવવા લાગ્યાં. માણસને આરોગ્યતા હોય છે ત્યાં સુધી આ કાર્યો કેમ થાય છે તે ધ્યાનમાં આવતું નથી. પણ જ્યારે શ્વાસનું રૂંધન થાય છે ત્યારે શ્વાસ લેવો પડે છે એ જણાય છે. જ્યારે રક્તાશયના ધબકારા અનિયમિત અથવા જોસબંધ થાય છે ત્યારે તેના ધબકારા થાય છે

એ જણાય છે. આ સર્વ ક્રિયા નિયમિત ચાલે છે ત્યાં સુધી આપણું લક્ષ તેના તરફ જતું નથી. આધુનિક સ્થિતિમાં તો જો લાંબા કાળ પર્યંત કષ્ટસહન કરી અભ્યાસ કરીયે તો આ સાનુકંમ્પિત રચનાનાં જ્ઞાનતંતુઓને ઇચ્છા શક્તિને આધિન કરી શકાય છે. ભરતખંડમાં હઠયોગીઓ થાય છે તે આ સત્તા અસાધારણ અંશે પ્રાપ્ત કરે છે અને તેને લીધે ઉતરતી પંક્તિની સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. માણુસ સમજ, નીતિ અથવા જ્ઞાનની વૃદ્ધિ કર્યા વિના માત્ર સ્થુલ શરીર પ્રત્યે ક્રિયા કરી આ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. હઠયોગી પ્રાણુ ઉપર સત્તા ચલાવતાં શીખે છે. લાંબા કાળપર્યંત તેને રૂંધી રાખે છે. રક્તાશયને બંધ પાડી દેછે. રૂધિરનું વહન વેગથી ચલાવે છે અથવા મંદ પાડી દેછે. એવી રીતે કરી સમાધિ કરે છે અને સુક્ષ્મ શરીરને છુટું કરે છે. આ ક્રિયા વાસ્તવિક જોઇશું તો કરવા જેવી નથી. પરંતુ પાશ્ચાત્યલોકો અને તેઓના અનુયાયી જેઓ સ્થુળ શરીર જ સર્વ છે એમ મમત કરે છે તેઓને સમજવા માટે એ વાત જણાવવાની જરૂર છે કે જે ચલુસામાન્ય શારીરિક વ્યવહારની ક્રિયાઓ છે તે માણુસ કેવી સંપૂર્ણ રીતે પોતાને આધિન કરી લે છે. એટલું બધું કષ્ટ સહન કરવાનો હેતુ માત્ર આ કારાગ્રહ રૂપી જે સ્થુલ શરીર છે તેમાંથી છુટવાનો છે એ પણ જાણુવા જેવી વાત છે. વળી વિશેષમાં એ પણ જાણુવા યોગ્ય છે કે પ્રાણુનું ચલનવલન બંધ પડયા છતાં તે શરીર જીવતાં રહી શકે છે. તેઓ કાર્ય કરવામાં ઉત્સુક છે એટલું તો ચોકસ છે અને માત્ર ઇંદ્રિના દાસ થઇ રહેલા નથી એ પણ નિશ્ચય છે.

હવે આપણે જે જ્ઞાનતંતુઓની રચના માણુસની ઇચ્છાનુસાર વર્તે છે તે ઉપર જ્યારે લક્ષ કરીયે છીયે ત્યારે જણાય છે કે તે આપણાં માનસિક કાર્યોને અર્થે બહુ અગત્યતા ધરાવે છે. આ રચનાવડે આપણે વિચાર કરીએ છીએ. તેવડે આપણે સર્વ ઇંદ્રિયજન્ય જ્ઞાન થાય છે. આ રચનામાં મુખ્ય મગજ અને બરડાની કરોડ છે. તેમાંથી જ્ઞાનતંતુઓની શાખાઓ આખા શરીરમાં પ્રસરે છે. ઉપર જે મુખ્ય બે ભાગ કહ્યા તે એકંદરે આખી રચનાની ધરી રૂપે વર્તે છે એટલે તેની સહાયતાથી બીજાં સર્વ જ્ઞાનતંતુઓ કર્મેન્દ્રિયજન્ય કાર્ય કરે છે. તેની અસર ધરીથી માંડી બહીર સીમા પર્યંત અને એ સીમાથી ધરી પર્યંત થાય છે. શરીરનાં પ્રત્યેક અંગમાં એ જ્ઞાનતંતુઓ ઓતપ્રોત થયેલાં છે અને પ્રત્યેક ભાગનાં તંતુઓનો સમૂહ એકત્ર થઇ બરડાની કરોડ સાથે જઇ મળે છે અને તે ઉપર પથરાઇ તંતુજાળ રૂપે રહે છે. ત્યાંથી તે ઉપર ચઢે છે અને આગળ જતાં તે પથરાઈ જઈ મગજમાં પ્રથક પ્રથક શાખારૂપે

છુટાં પડે છે. એથી કરી મગજ સર્વ ઇંદ્રિયજન્ય જ્ઞાનનું મથક બને છે અને તેમાં થતી સઘળી કાર્ય પરત્વની ગતિ ઉપર ઇચ્છાશક્તિ અંકુશ રાખી શકે. છે. આ જ્ઞાનતંતુની રચનાવડે માણસ પોતાની ઇચ્છા તથા ક્રિતુશક્તિ પ્રદર્શિત કરે છે. અને તેઓનું સ્થાન મગજમાં છે એમ કહેવાય છે. જો તે નિયમપુર્વક કાર્ય કરે નહી તો તે માણસનું ઠેકાણે રહેતુ નથી, કેમકે મગજ અને જ્ઞાનતંતુઓ વિના સ્થુલ વ્યવહાર કોઈ પણ થઈ શકતો નથી. આ હકીકતને લઈ સ્થુલ વાદીઓ એમ વાદ કરે છે કે મગજનું કાર્ય અને વિચાર એ બન્ને સાથે જ રહી સરખી રીતે વર્તે છે. માત્ર સ્થુલ વ્યવહારને ધ્યાનમાં રાખી વાત કરીયે તો એ લોકોનું કહેવું યથાર્થ છે, પરંતુ જ્ઞાનતંતુના કાર્યથી વિચાર ઉત્પન્ન થતા નથી. એ બતાવવા માટે સુક્ષ્મભૂમિકામાં જે શક્તિઓનું કાર્ય થાય છે તે જોવાની આવશ્યકતા છે. ઔષધિ, રોગ, અથવા કોઈ બીજી પીડાને લીધે મગજને અસર થઈ હોય તો તે માણસના વિચાર સ્થુલ વ્યવહારમાં યથાસ્થિત પ્રદર્શિત થઈ શકતા નથી. સ્થુળવાદી એમ પણ કહે છે કે અમુક રોગને લીધે વિચાર ઉપર ખાસ અસર થાય છે. મગજનું બહેરાપણું એ નામનો રોગ કવચિત થાય છે ત્યારે કાન પાસેના મગજના ભાગમાંના એક થોડા ભાગનો તે નાશ કરે છે અને સ્મરણશક્તિનો નાશ કરે છે. તે માત્ર કહી શકતો નથી એટલે અંશેજ બને છે. એવા રોગીને કાંઈ પ્રશ્ન પૂછીએ તો તે ઉત્તર આપતો નથી. તેનું નામ પૂછશો તો પણ કાંઈ જવાબ આપશે નહી. પણ જો તેનું નામ લઈ બોલાવશો તો તરત તે સમજ્યો છે એમ બતાવશે. કાંઈ વાત લખીને તેને વંચાવશો તો તે પોતાને મંજુર છે વા નામંજુર છે એમ જણાવશે. તાત્પર્ય એ છે કે તે વિચાર કરી શકે છે પણ તેને પ્રદર્શિત કરી શકતો નથી. એ ઉપરથી એમ જણાય છે કે મગજનો જે ભાગ ખોટો પડી ગયો તેનો સંબંધ વૈખરી વાણીની સ્મરણશક્તિ સાથે હોવો જોઇએ. જો એમ હોય તો પછી તે ભાગનો નાશ થવાથી શબ્દોનું વિસ્મરણ થઈ જાય છે અને સ્થુલ વ્યવહાર પ્રત્યે તે મુંગો થઈ જાય છે પણ વિચારણાશક્તિ જેમની તેમ રહે છે તેથી કોઈ વાત તેને કરવામાં આવે તેની અનુકુલતા પ્રતિકુલતા તે જણાવે છે. આ હકીકત જોતાં સ્થુલવાદનું ખંડન થાય છે. કારણ કે મનુષ્ય પોતાના અપૂર્ણ સાધનથી અલગ થઈ કાર્ય કરે છે પોતાની શક્તિ પ્રદર્શિત કરે છે એ સ્પષ્ટ જણાય છે. અને જો તેને સ્થુલ શરીરદ્વારા એવી રીતે વર્તવા કહેવામાં આવે તો તે તેનાથી બની શકતું નથી. પ્રસ્તુત વિષય સબંધે આપણે સ્થુલવાદીનું મત યોગ્ય છે વા અયોગ્ય છે એ પ્રતિપા-

દન કરવાનું નથી. આપણે તો એટલું માત્ર દર્શાવવાનું છે કે સ્થુલ વ્યવહારના પ્રસંગે મનુષ્ય સ્થુલ સાધનથી બંધાયેલ છે. તેની સ્થિતિને તે આધિન છે અને તે સાધનો જેમ પોતાનાં કાર્ય કરવામાં પણ સ્થુલ સંયોગોથી સ્થુલ શરીરને કાંઈ હાનિ કર્તા થાય છે તેમ તેનાથી તે સુધરી પણ શકે છે. આ હકીકત પણ આપણને બહુ અગત્યની છે એમ જણાશે.

શરીરના બંધારણની સર્વ રચના અનુસાર જ્ઞાનતંતુની રચના પણ સૂક્ષ્મ થેલીઓથી બનેલી છે. આ થેલીઓ પ્રથક્ પ્રથક્ સૂક્ષ્મ પિંડ છે, તે ચોપાસથી બંધ છે અને તેમાં અમુક પદાર્થ રહે છે. આ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોઇ શકાય છે. તેઓને જે ભિન્ન ભિન્ન કાર્ય શરીરમાં રહી કરવાનાં છે તે પ્રમાણે તેમાં ફેરફાર પણ હોય છે. એ થેલીઓનું બંધારણ સૂક્ષ્મ રજકણોથી બનેલું હોય. છે અને એ રજકણો પરમાણુથી બને છે. એ પરમાણુને રસાયન શાસ્ત્રીઓ પ્રત્યેક રસાયણિક મૂળપદાર્થનો અત્યંત અવિભાજ્ય ભાગ છે એમ માને છે. આવાં પરમાણુઓનો સમૂહ ભિન્ન ભિન્ન પ્રકારે એકઠો મળી વિવિધ પ્રકારના વાયુ, પ્રવાહી પદાર્થ અને કઠિન પદાર્થ બને છે અને એ સર્વ મળી સ્થુળ શરીર બને છે. આત્મજ્ઞાનીને પ્રત્યેક પરમાણુ જીવતિ વસ્તુ છે. તે સ્વતંત્રપણે પોતાનું જીવિત ભોગવવા શક્તિમાન છે. તેવીજ રીતે તેઓનો સમુહ થઈ રજકણ બને છે તેપણ તેવીજ શક્તિ ધરાવે છે. એ રીતે અવલોકન કરતાં પ્રત્યેક થેલી, રજકણ અને પરમાણુને પોતપોતાની જીવનશક્તિ છે અને તે સર્વ એકત્ર મળી આ ઘણાં અંગવાળું શરીર બને છે. પરંતુ તેઓની પ્રથક્ પ્રથક્ ચિત્ શક્તિ કરતાં એકત્ર થયાનંતર તેઓજ દ્વારા ચિત્‌શક્તિ ઉદ્‌ભવે છે તે ઉચ્ચ પ્રકારની છે. આ સર્વ પિંડોનાં રજકણો છે તે સર્વદા આવજા કર્યા કરે છે. પરંતુ તે એટલાં ઝીણાં છે કે તેમાંનાં થોડાંજ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોવામાં આવે છે. ખુલ્લી આંખ વડે તો તે જોઈ શકાતાં જ નથી. સૂક્ષ્મદર્શક યંત્ર નીચે લોહીનું ટીપું મૂકી જોઇયે તો તેમાં સંખ્યાબંધ જીવતા પિંડો ચલન વલન કરતા જોવામાં આવે છે. આમાંના કેટલાક સફેત હોય છે કેટલાક રાતા હોય છે. સફેત પિંડો સામાન્ય "એમીબી" જાતનાં સૂક્ષ્મ જંતુઓને તેના બંધારણમાં અને કાર્યમાં બહુ મળતા આવે છે. જુદા જૂદા રોગોના સંબંધે થયેલ શોધોમાં પણ તેના જંતુઓ માલૂમ પડેલાં છે. જંતુઓ તે પણ શરીરમાં લાભકારક અને હાનીકારક બે પ્રકારનાં કાર્ય કરવા વાળાં છે એમ સ્થુલ વિજ્ઞાન શાસ્ત્રીઓ કહે છે. તેઓ એમ પણ કહે છે કે હાનિકારક છે તે શરીરને પીડા કરે છે અને લાભકારક છે તે એવાં હાનીકારક જંતુઓ તેમજ બીજા બગડેલા પદાર્થો ભક્ષ કરી જાય છે. કેટલાંક જંતુઓ બહારથી

પ્રવેશ કરી રોગ ઉત્પન્ન કરે છે તેમ કેટલાંક એવાં પણુ હોય છે કે જે આરોગ્ય વૃદ્ધિ કરે છે. આવી આ શરીર રૂપી વસ્ત્રોની સામગ્રીમાં નિત્ય ફેરફાર થયાં કરે છે. થોડા કાળ રહી પાછા ચાલ્યાં જાય છે અને વળી બીજા શરીરમાં જઈ મળે છે. આમ સર્વદા આગમનગમન ફેરફેર થયેજ જાય છે.

ઉપર જે વર્ણન કરવામાં આવ્યું તે વિષે મનુષ્ય જાતનો ઘણો ખરો ભાગ થોડું જ્ઞાન ધરાવે છે તો પછી તેની ચિંતા તેઓ કરે નહી એ દેખીતું છે. પણ સ્થુલ શરીરને પવિત્ર કરવાનો આધાર સઘળો તેના ઉપર છે. અને જો તે પવિત્ર થાય તોજ દેહીને માટે તે યોગ્ય ઉપાધિ થઈ શકે છે. સાધારણ માણસો પોતાના શરીરનું બંધારણ અનાયાસે જેવી સામગ્રી આવી મળે છે તે થકી થવાદે છે. તેઓ તેના ગુણ વિષે બહુ કાળજી રાખતા નથી તેઓની માત્ર એકજ વૃત્તિ હોય છે કે તેઓની કામનાને તે અનુકુળ અને રૂચિકર હોય તો બસ. તેઓ દેહીને નિવાસ કરવા માટે પવિત્ર ઉચ્ચસ્થાન થાય તેવી યોગ્યાયોગ્યતા જોતા નથી. કારણુ કે તેઓ સનાતન પુરૂષ જે સર્વદા સત્ય છે તેને ઓળખતા નથી. જેમ કોઈ સલાટ ઘર બાંધવા બેસે છે ત્યારે તેની સામગ્રીમાંથી સારી નરસી ચુંટી કાઢી લેવાને બદલે કામમાં પથ્થર—ગારો રેતી લાકડાંના કટકા—ખીલા—ઉન—વાળ—ઇત્યાદિ કોઈ પણ વસ્તુ કામની વા નકામી પડી હોય તે હાથમાં આવી તેમ ચણતરમાં અડાવી દે છે તેવી રીતિ સાધારણ માણસોની છે. એથી કરી સ્થુલ શરીરને પવિત્ર કરવા માટે તેમાં આવાગમન કરતાં રજકણોને માટે બહુ ધ્યાન આપવું પડે છે. ભોજન કરવાની વસ્તુઓમાં જેમાં બહુ પવિત્ર રજકણો હોય તેવી પસંદ કરવી જોઇયે અને જેમાં અપવિત્ર અથવા સ્થુલ રજકણો હોય તેવી ત્યજવી જોઇયે, એટલે જે કાળમાં એ સંભાળ નહી રાખવામાં આવેલી ત્યારે જે રજકણો દાખલ થઈ ગયાં હશે તે પોતાની મેળે ધીમે ધીમે નિકળી જશે. એ ફેરફાર થવાને ઘણામાં ઘણાં સાત વર્ષ લાગે છે. પણ જો અપવિત્ર રજકણ આવવા દેવાં નહી એવો નિશ્ચય કરી પ્રયાસ કરવામાં આવે છે તો ત્વરાથી તે કામ થાય છે. શરીરમાં જેટલે અંશે પવિત્ર રજકણો વધે છે તે પ્રમાણે તે શરીરનું રક્ષક સૈન્ય વધારે થાય છે અને તેઓ બહારથી આવતાં અથવા અંદર પેસી ગયેલાં દુષ્ટ રજકણોનો પરાજય કરે છે. વળી શરીર પવિત્ર જ રાખવું એવી સતત ઇચ્છા રાખ્યાં કરવી એથી પણ રક્ષણ થાય છે. એ ઇચ્છાની આકર્ષક શક્તિ એવી બળવાન હોય છે કે જેટલાં મલિન સત્વ તેની સન્નિધિમાં આવી શરીરમાં પ્રવેશ કરવા આવે છે તેને સામો ધક્કો વાગે છે. એથી કરી માણસ જ્યારે કોઈ પણ પ્રકારની મલિનતા વાળા વાતાવરણમાં હોય છે તો પણ તેવાં સત્વો સામે તેની બળવાન ઇચ્છા રક્ષણ કરે છે.

 ૪૮૨૯

કોઈ પણ મનુષ્ય દેહને પવિત્ર કરી દેહીને પોતાનું કાર્ય કરવા યોગ્ય સાધન મળે એવી ધારણા કરી પ્રથમજ નિશ્ચય કરે છે તો તેણે યોગાભ્યાસનું પ્રથમ પગલું ભર્યું એમ સમજવું. આ પગલું પ્રત્યેક માણસને આ જન્મ અથવા હરકોઈ ભવિષ્યમાં થનાર જન્મમાં લેવાનું તો છે જ. અને એ પગલું ભર્યા પછી જ "આત્મજ્ઞાનમાં જે સત્ય સમાયેલું છે તેનો અપરોક્ષ અનુભવ મને કેમ પ્રાપ્ત થાય?" એવું પ્રશ્ન તેનાથી પૂછી શકાય. જો સૂક્ષ્મ પ્રદેશની સ્થિતિનું અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો તેણે સ્થુળ શરીરને પરિપૂર્ણ શરીરનો ખરો માલેક જે દેહી છે તેને આધિન કરવું. જેને અપરોક્ષ અનુભવ મેળવવાનો છે તે શરીરરૂપી કારાગ્રહમાં બંધનમાં છે ત્યાં સુધી કાંઈ કરી શકવાનો નથી. પૂર્વ જન્માંતરમાં અભ્યાસથી પ્રાપ્ત કરેલી થોડી ઘણી સિદ્ધિ તે આ જન્મમાં લાવેલ હશે તે જો શરીર મલિન હશે તો પ્રતિકુલ સંયોગો છતાં થોડે અંશેઉદ્ભવ પામશે ખરી, પરંતુ સ્થુળ શરીરમાં રહી તેનો કાંઈ ઉપયોગ થવા તેને અવકાશ મળવાનો નથી. તેની શક્તિઓ કાંતો મંદ પડી જાય છે અથવા તેને લીધે વિપરિત ભાસે છે એટલે તે દ્વારા જે કાંઈ જણાય તે વિશ્વાસ પાત્ર થતું નથી.

એક મનુષ્ય પોતાનું શરીર પવિત્ર રાખવા ઈચ્છા રાખે છે એમ ધારો. ત્યારે તેમાં કાંતો સાત વર્ષે અનાયાસે ફેરફાર થશે તે ઉપર દૃષ્ટિ રાખી રહે અથવા વધારે કઠિન માર્ગ ગ્રહણ કરી ટુંકા કાળમાં તે ફેરફાર કરવા પ્રયાસ કરે. બન્ને પ્રકારમાં શુદ્ધ સામગ્રીનાં રજકણો પોતાના નવા બંધારણમાં લેવા તે પસંદ કરે છે. આમાં પ્રથમ ભોજનની વસ્તુનો વિચાર કરવો પડે છે. ત્યારે તે જે વસ્તુનો આહાર કરવાથી શરીરમાં અશુદ્ધ અને અપવિત્ર રજકણો આવે તેનો ત્યાગ કરશે. મદિરા અથવા સુરાપાન કરવાની વાત જ છોડી દેશે. આ વસ્તુઓ એવી છે કે તે શરીરમાં ઘણાંજ મલિન અને કંટાળો પમાડે એવાં જંતુઓ દાખલ કરે છે, કારણ કે એ વસ્તુઓજ અન્ય વસ્તુના બીગાડ થવાથી બને છે અને તેની તે ઉત્પત્તિ છે. વળી તેનાં જંતુઓ એવાંજ કંટાળો ઉપજાવે તેવાં જંતુઓ આકર્ષે છે. એટલે જે શરીરમાં તેનો પ્રવેશ થયો હોય છે તે પ્રત્યે પણ તેઓનું એટલુંજ આકર્ષણ થાય છે. આમાં કેટલાંક તો સ્થુલ દૃષ્ટિએ અદૃશ્ય સૂક્ષ્મ લોક નિવાસી એવાં દુષ્ટ હોય છે કે તેનાથી દૂર રહેવાય તોજ સારૂં. આ લોકમાંથી મરણ પામેલા દારૂડીઆઓ પોતાની મદિરાપાન કરવાની નીચ વૃત્તિને સંતોષવા માટે જ્યાં એ પાન કરવા લોકો એકઠા થતા હોય છે ત્યાં આસપાસ ટીંગાઈ રહે છે. ત્યાં પીવા આવનાર માણસોમાંના જેઓના શરીરમાં લાગ પડે તેમાં પ્રવેશ કરે છે અને તેઓ દ્વારા પોતાની નીચ વૃત્તિને

આનંદ પમાડે છે. ઉચ્ચ સ્થિતિની સ્ત્રીઓને જો તેઓની આ મઝામાં ભાગ લેનાર કંટાળો પેદા કરે તેવાં પ્રાણીઓને તેઓ જોઇ શકે તો ફરી દારૂ પીવાની વાતથી કંપારી છુટયા વગર રહેશે નહી; કારણ કે તેઓને જણાય છે કે એ પ્રાણીઓ તેઓ સાથે સંબંધ જોડી દે છે. આ વિના બીજાં દુષ્ટ સત્વો પણ આસપાસ આવી મળે છે. એ સત્વો છાકટા લોકોનાં વિચાર-રૂપ છે. તે સાથે બીજા મદિરાપાન કરનારા અને વહી ગયેલ લોકોનાં શરીરમાંથી નિકળેલાં રજકણો આસપાસના વાતાવરણમાંથી એવા માણસના શરીર પ્રત્યે આકર્ષાય છે અને તેના બંધારણમાં દાખલ થઈ જાયછે. તેથી તે વધારે સ્થુલતા અને અધમતાને પામેછે. જે લોકો પીઠાં રાખી દારૂ બનાવવાનો તથા વેચવાનો ધંધો કરતા હોય તેઓનાં શરીર તરફ જોશો તો તે એવાં જણાયા વિના રહેશે નહીં. સાધારણ માણસોનાં શરીરમાં આવાં રજકણ ધીમે ધીમે દાખલ થાયછે પણ પીઠા વાળાનાં અને દુકાનદારનાં માણસોમાં તેની અસર પૂરે પૂરી દેખાયછે. ગમે તેવી સ્થિતિનો માણસ હોય પણ જો તે અતિશય મદિરાપાન કરવા વાળો હોય તો તેની પણ તેજ ગતિ સમજવી. જેમ એવાં રજકણ વધારે હોય છે તેમ શરીર વધારે સ્થુલતા પામે છે. એજ પ્રમાણે ભોજનના પદાર્થનું પણ સમજવું. પશુ, પક્ષી, પેટે ચાલનારાં, માછલાં, અને જે પ્રાણીઓ પોતે મુડદાલ માંસ, રૂધીરનો આહાર કરી જીવનારાં છે, તેનું માંસ માણસના ખોરાક માટે લાયક ચીજ છેજ નહી છતાં તેનો આહાર કરે છે તેની એવીજ અવસ્થા થાય છે. આર્ય જનના તો હોઠને સ્પર્શ પણ થાય એ ઉચિત નથી, અને જો એવી સામગ્રીનાં શરીર હોય તો પછી તે ઉચ્ચ કયાંથી હોય ? તેની ઈંદ્રિયો જાગ્રત કયાંથી હોય? તે આરોગ્ય અને નિયમિત કાર્ય કરવાવાળાં કયાંથીહોય? તેનામાં પોલાદના જેવું બળ અને તિક્ષણપણું કયાંથી હોય? અને માણસને ઉચ્ચ કાર્ય કરવાને જે પ્રકારની સામગ્રીની આવશ્યકતા છે તે તેઓમાં કયાંથી લાવવી? જેઓ ભ્રષ્ટ સામગ્રીથી શરીરનું બંધારણ કરે છે તેઓ તરફ ભ્રષ્ટ પિશાચો પણ આકર્ષાય છે. જેની આંતરદ્રષ્ટિ જાગ્રત થઇ હોય છે તેઓ ખાટકીની દુકાન આસપાસ એવાં પિશાચોને રખડતાં જુવે છે. તેઓ વધ કરેલ જાનવરનાં મુડદાંમાંથી નીકળતા રૂધિર અને તેની ગંધમાં પોતાનાં રક્ત ગોળ મોઢાં નાંખે છે અને તે ચાટે છે. આવા સંયોગમાં રહેનારાં લોકોનાં શરીર જોઈ વધારે ખાત્રી કરવાની જરૂર હોય તો કરી લેવી, અગર જો કે અમારા વિચાર પ્રમાણે એમ કરવાની જરૂર રહેશે નહી. વધ કરનાર અને વેચનાર ખાટકીનાં શરીર જુઓ અને સારી પેઠે વિચાર કરો કે આત્મ જ્ઞાનનાં અથવા કોઇ ઉચ્ચ વિચાર કરવા માટે તે યોગ્ય સાધન છે? અને

ત્યાર પછી એટલું ધ્યાનમાં આવશેજ કે તેઓ જે મલિન માંસ વેચે છે તેના ખાવાવાળાનાં શરીર તેઓનાં સંપૂર્ણ નાલાયક શરીરના પ્રમાણમાં માત્ર ઓછાં વધતાં એવાં કાર્ય માટે અયોગ્ય હોવાં જોઈએ. સ્થુલ શરીરને પવિત્ર રાખવા માટે આટલું બધું કહેતાં એ પણ કહેવું અવશ્યનું છે કે માત્ર એક પક્ષે સ્થુળ શરીરનીજ સંભાળ રાખવાથી કાંઇ આત્મજ્ઞાન પ્રાપ્ત થઇ જતું નથી. પરંતુ તે એક સાધન છે તો પછી તેને મલિન કરવું શામાટે? તેની શક્તિ વિના કારણ બાંધી લઇ તે ગમે તેટલી થોડી ઘણી પ્રદર્શિત કરવા સમર્થ હોય તેમાં આડાં વિઘ્ન શામાટે નાખવાં, અથવા તે પોતાનું કાર્ય કરી શકે નહી એવું શામાટે થવા દેવું જોઇએ?

એ સર્વ વાતની સાથે એક મુશ્કેલી છે તે પણ ધ્યાનમાં રાખવી જોઇયે. આપણે આપણાં શરીર પવિત્ર રાખવા બનતી કોશીષ કરીયે અને તેમાં જરા પણ મલિનતા થવા દઇયે નહી પણ આપણે દિવસ રાત્રિ એવા લોકોના સહવાસમાં રહેવું પડે છે કે જેઓ આ વિષયથી કેવળ અજ્ઞાત છે એટલે તેના સંબંધમાં લેશ માત્ર કાળજી રાખતા નથી તેનું શું થાય? મોટાં મોટાં શહેરોમાં તેમાં એ પાશ્ચાત્ય દેશનાં શહેરોમાં વિશેષે કરીને જ્યાં દારૂ વેચનારની અને માંસ વેચનારની દુકાનો નાકે નાકે અને ચકલે ચકલે હોય છે અને જેનો ગંધ બીજાની સાથે અનુસંધાનમાં રહ્યા કરે છે ત્યાં તેમાંથી દૂર કેમ રહેવાય? તેમાંતો ઉલટું દુઃખ થઇ પડે છે, કારણ કે જેમ ઇંદ્રિઓ વિશેષ તિવ્ર થાય છે તેમ લાગણી વિશેષ થાય છે એટલે વર્તમાન કાળના સ્થુળ અને પશુવૃતિને ઉત્તેજક સુધારામાં એ દુઃખમાંથી બચવું કઠિન છે. પણ આપણે આશા રાખીયે છીયે કે જેમ જેમ આ વાત લોકોના સામાન્ય સમજવામાં આવશે તેમ તેમ આવી બાબતમાં કાંઇ સારી યોજના થશે અને એવી ગંદી અને હાનિકારક વસ્તુ અમુક સ્થળે રાખવામાં આવશે કે જેને તેનો ઉપયોગ કરવાની ઇચ્છા હોય તેજ ત્યાં જાય. તે દરમ્યાન જ્યાં જેવી અવસ્થા હોય ત્યાં તેવી નિભાવી લેવી જોઇયે. તેમાં વખતે એવાં સ્થુળ રજકણ આવી પણ જવા સંભવ છે, પરંતુ તેની સાથે એ પણ સમજવાનું છે કે જેમ સામાન્ય રીતે આરોગ્ય શરીર હોય છે તેમાં રોગનાં જંતુઓ પ્રવેશ કરી રોગની ઉત્પત્તિ કરી શકતાં નથી તેવી રીતે પવિત્ર શરીરમાં મલિન રજકણો પ્રવેશ કરી મલિનતાની ઉત્પત્તિ થવાને અનુકુળ સ્થાન પ્રાપ્ત કરી શકતાં નથી. એ વિના બીજી એવી હકીકત છે કે આપણા શરીરના રૂધિરમાં કેટલાક પ્રકારનાં જીવતાં જંતુઓ સર્વદા તેને સ્વચ્છ રાખવા કામે લાગેલાંજ રહે છે. તેઓનું સૈન્ય શરીરનું રક્ષણ કરે છે અને કોઇ એવા પવિત્ર શરીરમાં ઝેરી રજકણો પ્રવેશ કરવા

લાગે છે કે તત્કાળ તેમના ઉપર તુટી પડે છે, અને તેનો નાશ કરી નાંખે છે. માણસે આમાં આટલુંજ પસંદ કરવાનું છે કે પોતાના શરીરમાં એવાં રક્ષક સૈન્યનો નિવાસ હોય તો સારૂં કે લુટારૂ અને ખુની સૈન્ય રાખવું એ સારૂં ? શરીરમાં જેટલી મલિનતા ઓછી રાખવાનો નિશ્ચય કરી વર્તન કરવામાં આવશે તેના પ્રમાણમાં બહારના હુમલા સામે ટકાવ થઇ શકશે એમ સમજવું.

આગળ કહેવામાં આવ્યું છે કે શરીર કેટલેક અંશે સ્વેચ્છાચારી છે અને તેને જે આદત પડી હોય છે તે પ્રમાણે કરે જાય છે. વળી એ પણ કહેવામાં આવ્યું છે કે તેના આ લક્ષણનો આપણે ઉપયોગ કરી શકીયે છીયે. યોગાભ્યાસ કરવાને તત્પર થયેલ અને ઉંચ્ચ ભુમિકામાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખનારને કોઇ આગ્રહવાળા એમ કહે કે " ભાઇ એ અભ્યાસનો આરંભ કરતા પહેલાં બહિરાચાર પવિત્ર રાખો કારણ કે મલિન અને અનિયમિત આચરણ વાળા શરીરથી અભ્યાસ કરવાથી જેટલો દારૂ પાસે અગ્નિ લઇ જવાનો ભય છે તેટલો ભય રાખવાનો છે. " આવું સુચન કરનારને ઉત્તર ઘણે અંશે એવોજ મળવાનો કે એમ કરવા જઇયે તો રોગ પ્રાપ્ત થાય. પરંતુ સત્ય વાત તો એટલીજ છે કે શરીરને તમે ગમે તેવું આપશો તો તેથી તેને કાંઇ અસર થવાની નથી અને લાંબે કાળે તેને એની ટેવ થઇ જાય છે. માત્ર જોવાનું એટલુંજ છે કે જે આપવું તે તેની આરોગ્યતા સચવાય તેવું હોવું જોઇયે. એટલે સ્વચ્છ અને પોષક વસ્તુનો આહાર કરવામાં આવે તો થોડા વખતમાં તેને રૂચિકર થઇ જાય છે. શરીર સ્વેચ્છાચારી છે એટલે જે વસ્તુ તેને આપવામાં નહી આવે તેની તૃષ્ણા પણ થોડે કાળે બંધ પડી જશે એટલુંજ નહી પણ સ્થુળ અને હાનિકારક આહારની વસ્તુ માટેની તેની ઈચ્છા વખતો વખત અટકાવવામાં આવે તો તેનો ઉલટો તિરસ્કાર થશે એટલે સુધી ટેવ પડશે જે માણસ વિવિધ પ્રકારની મલિન વસ્તુનો આહાર કરે છે તેના શરીરને તેની ટેવ પડવાથી તે શરીર બળાત્કારે તેવીજ વસ્તુઓ માગી લે છે અને તે માણસ તેને આધિન થઇ રહે છે. પણ જો તેવી માગણીને તે ગણકારશે નહી અને શરીરના વલણ કરતાં પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે જશે તો તેને થોડા વખતમાં નવાઈ જેવો ફેરફાર જણાશે. તે જોશે કે દેહ પોતાનાપર અંકુશ રાખનાર દેહીને આધિન રહે છે અને તેની આજ્ઞા પ્રમાણે વર્તે છે. તે જે જે વસ્તુ આપે છે તે તેને ભાવે છે અને મલિન આહારનો ત્યાગ કરે છે તથા સાત્વિક વસ્તુ તેને પ્રિય લાગે છે. ટેવ એવી ચીજ છે કે તે સહાયકારક પણ થાય છે તેમજ હાનિકારક પણ થાય છે. દેહીએ સ્વામીત્વધારણ કર્યું છે એમ શરીર જાણે છે ત્યારે તે તેને આધિન થઇ રહે છે

અને તે સમજે છે કે પોતે માત્ર સાધન છે એટલે જીવિતના કાર્યનો જે હેતુ છે તેની કારકીર્દિમાં વચ્ચે આવવા તેનો કાંઈ હક નથી. આમાં ખરી હકીકત એવી છે કે શરીરની તેમાં કાંઈ ભૂલ નથી પરંતુ વિષય વાસના અથવા કામ એ સર્વ કરે છે. યુવાન મનુષ્યનું શરીર અમુક વસ્તુની પ્રાપ્તિ માટે ઇચ્છા કરે છે પણ બાળક એવી સ્થુળ પ્રાકૃતિક વસ્તુ પ્રાપ્ત કરવા અથવા તેનો ઉપભોગ કરવા માટે ઇચ્છા કરતું નથી. પરાપૂર્વથી ઉતરતી આવેલી ટેવવાળાં કુટુંબને માટે તો એટલી ખાત્રીથી કેહવાતું નથી પરંતુ સામાન્ય રીતે જોવામાં આવશે તો જણાશે કે બાળક માંસ તેમજ દારૂથી દૂર રહેવાનું કરે છે છતાં તેનાં વડીલો તેને બળાત્કારે ખવરાવે પીવરાવે છે. જમવા વખતે માંસ ખવરાવે છે પાછળથી પોતે દારૂ પીએ છે ત્યારે એક એક ઘુંટડો ઉતારતાં શીખવે છે અને વખતે લાડમાં એમ પણ કહે છે કે "અરે તું નાનું સરખું માણસ બન." આમ કરતાં કરતાં કાંઇક નકલ કરવાની પ્રકૃતિને લીધે, બીજાના તરફના બળાત્કારથી તે અનિષ્ટ માર્ગે ચડી જાય છે. પછી તેની મલિન વૃત્તિઓ બંધાય છે અને પૂર્વની વાસનાઓ—જે ઉત્તેજન મળ્યું હોત નહી તો પોતાની મેળે નાશ પામત તે—જાગ્રત થાય છે અને જે જે વસ્તુઓ ખાવા પીવાની ટેવ પાડી હોય છે તે શરીર માગી લે છે. પૂર્વે આમ ગમે તે થઇ ગયું તોપણ હજી જો તે ફેરવવામાં આવે અને ક્રમેક્રમે શરીરનાં એવી વાસનાવાળાં રજકણનો નિકાલ કરવામાં આવે તો એવી મલિન વસ્તુની ઇચ્છા પોતાની મેળે બંધ પડે છે, ટેવ સઘળી બદલાઇ જાય છે, અને જે વસ્તુઓ આનંદ આપતી હોય તેની ગંધથી ઉકરાંટા આવે છે. ખરે ખરી મુશ્કેલી શરીર સુધારવામાં નથી પણ વૃત્તિ સુધારવામાં છે. જો તમારી ઈચ્છા હોય તો તમે તે સુધારો કરી શકો છો જો ઈચ્છા નહિ હોય તો કાંઈ થવાનું નથી. ઘણીવાર માણસો એમ પણ કહે છે કે "આખર તેમાં બહુ માલ નથી. મારી આંતર ઇંદ્રિઓ જાગ્રત થાય એમ કાંઇ લાગતું નથી. મને એમ નથી લાગતું કે કાંઇ એવો પ્રભાવ થવા જેટલે હું પોહોંચ્યો હોઉં." પણ એમ બોલવાથી કાંઈ વળવાનું નથી. કારણ કે જેટલું બની શકશે તેટલું પવિત્ર રહેવા પ્રયત્ન કરવામાં આવે નાહ તો આગળ વધવાની આશા રાખવી વૃથા છે. જો વિષયવૃત્તિ વચમાં ઘાલમેલ કર્યા કરે તેને અટકાવો નહી તો પછી કાંઇ થવાનું નહી. લોકો એમ કહે છે ખરા કે "મારી આંતર ચક્ષુ ખુલ્લે તો કેવું સારૂં અથવા હું મારા સૂક્ષ્મ શરીરથી વહન કરી શકું તો કેવું સારૂં ?" પરંતુ જ્યાં અણી ઉપર વાત આવે છે ત્યાં તો સ્વાદિષ્ટ ભોજન કરવા ઉપર મન દોડે છે. ધારો કે કોઇએ એક કરોડ રૂપિયાનું ઈનામ આપવાનું ઠરાવ્યું

હોય કે જે એક વર્ષ સુધી મલિન વસ્તુનો આહાર કરશે નહી તેને તે ઈનામ મળશે તો આ બધી મુસ્કેલી દૂર થઇ જશે અને માંસ અને દારૂ વિના શરીરનો સહજ નિર્વાહ કરી લેશે, પણ ઉચ્ચ જીવિત રૂપી અમુલ્ય ધન બદલામાં આપવાનું કહેવામાં આવે છે તેની જેને કીમત નથી તેને મુસ્કેલી એવી લાગે છે કે તે દૂર થઇ શકે એમ લાગતું નથી. માણસો જેવી ઇચ્છા રાખવાનો ડોળ કરે છે તે જો ખરેખરી હોય તો તો માણસોમાં આપણને બહુ સત્વર ફેરફાર થતો જોવામાં આવે અને હાલ જે જોવામાં આવે છે તેવું હોય નહિ. પણ ઇચ્છાને બદલે માત્ર માન્યતાજ હોય છે અને એ માન્યતા અંતઃકરણ પૂર્વક હોવાથી લોકો ઇચ્છા છે એમ ધારી ઠગાય છે, એટલે જન્મના જન્મ પર્યંત હજારો વર્ષ એક પગલું પણ આગળ વધ્યા વિના જ્યાંના ત્યાં રહે છે. એમ કરતાં કોઇ જન્મમાં તેને વિસ્મય થાય છે કે આ તે શું ? આંહીના આંહી કાં ? પેલો માણસ તો સત્વર આગળ વધી ગયો અને હું તો પાછળ પડી રહ્યો એમ લાગી આવે છે. જે માણસ છુટી છવાઈ રીતે નહી પણ ખરા જીગરથી અને પૂરા આગ્રહથી અભ્યાસ રાખે છે તો પોતાની ધારણા પ્રમાણે આગળ વધી શકે છે પણ માત્ર મનમાં માની બેસી રહે તો જન્મના જન્મ થવા છતાં ઘાણીના બળદની પેઠે ફરી ફરીને જ્યાંનો ત્યાં આવીને ઉભો રહે છે.

સર્વ પ્રકારના યોગાભ્યાસમાં પ્રથમ સાધન શરીરની પવિત્રતા છે અગર જો કે તે એકજ નથી તોપણ તે બહુ અવશ્યનું છે. સ્થુળ શરીર જે ચિત શક્તિની સર્વથી છેલી ઉપાધી છે તે માટે આટલું કહેવું બસ છે.

વાયુ રૂપ પ્રતિક શરીરઃ—આધુનિક, સ્થુલ વિજ્ઞાન, શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે કે શરીરના સર્વ ભાગોમાં એટલે સ્નાયુ, જ્ઞાનરજ્જુ, તથા થેલિઓમાં જે જે ફેરફાર થય છે તેને પરિણામે વિજળી પેદા થાય છે. આવી જ રીતે રસાયણિક ફેરફારો જે સર્વદા થયાં કરે છે તેને માટે પણ સમજવું. વિધુતમાપક સૂક્ષ્મયંત્રોથી બહુ સંભાળથી કરેલ અવલોકન ઉપરથી પ્રમાણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે તેથી આ વાત સિદ્ધ થયેલી છે. જ્યાં વિજળી ઉત્પન્ન થાય છે ત્યાં 'ઈથર" યાને એક પ્રકારના સૂક્ષ્મ આકાશિક ભૌતિક પદાર્થનું અસ્તિત્વ છે એ નિઃશંક સમજવું. કારણ કે એ પદાર્થ સર્વમાં અને સર્વની આસપાસ જ્યાં જ્યાં પોલાણ છે ત્યાં રહેલો હોય છે અને તેને લીધે વિજળી સર્વ દિશામાં વહન કરી શકે છે. વાસ્તવિક જોઇશું તો કોઈ પણ સ્થુલ વ્યકિતનાં રજકણો એક બીજા સાથે સંયોગ કરી રહેતાં નથી પરંતુ પ્રત્યેક રજકણ પોતપોતાના આકાશિક પદાર્થના ક્ષેત્રમાં ઘુમ્યા કરે છે. પૂર્વ પ્રદેશનાં શાસ્ત્રોના અભ્યાસકો જે વાત સ્થાપિત માની જણાવે છે કે તે પ્રત્યક્ષ પ્રમાણથી

સિદ્ધ થઈ શકે તેવી છે તેજ વાત પશ્ચિમ પ્રદેશના શાસ્ત્રવેત્તા એક આવશ્યક અનુમાન કહી આગળ મુકે છે. પણ એ આકાશિક પદાર્થ જેવી રીતે એક ખુરશી અથવા મેજ આપણે જોઈયે છીયે તેવી રીતે જોઇ શકાય તેવો છે. માત્ર તે જોવા માટે ચર્મ ચક્ષુથી જુદાં ચક્ષુની આવશ્યકતા છે. પ્રથમ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે એ પદાર્થના ચાર પ્રકાર છે. તેમાંનો સર્વથી સૂક્ષ્મ સ્થુળ પરમાણુની અંત્યાવસ્થા છે. પણ તે રસાયણિક પરમાણુ સમજવું નહિ કારણ કે તે તો મિશ્રિત વસ્તુ છે. એ પરમાણુમાંથી પ્રથક્કરણ કરતાં આકાશિક ભૌતિક પદાર્થ છુટો પડે છે. એ પ્રતિક શરીર આ ચાર પ્રકારના આકાશિક પદાર્થનું બને છે. સ્થુળ શરીરમાં કઠિન, પ્રવાહી, અને વાયુરૂપ જે રજકણો છે તેમાં તે ઓતપ્રોત થઈ રહે છે. તેના પ્રત્યેકના રજકણ ઉપર એ આકાશિક પદાર્થનુ પડ વિંટાયેલ રહે છે એટલે તેના જેવુંજ પ્રતિકરૂપ બની રહે છે. આંતર્ દ્રષ્ટિવાળાં મનુષ્યો એ શરીરને યથાસ્થિત જોઈ શકે છે, તેનો વર્ણ નીલ લોહિત સાથે કાંઈ ઘેરો શ્વેત મિશ્રિત દેખાય છે. તેની સૂક્ષ્મતા સ્થુળ શરીર ઉપર વિશેષે આધાર રાખે છે. જેટલે અંશે સ્થુળ શરીર સૂક્ષ્મતાને પોહોચેલું હાય છે તેટલે અંશે તેની સૂક્ષ્મતા હોય છે. કઠિન, પ્રવાહી અને વાયુનાં રજકણો સ્થુળ શરીરમાં છે તેવી રીતે ચાર પ્રકારના આકાશિક પદાર્થનાં રજકણો તેમાં સમાયેલા છે, અને સ્થુળનાં રજકણો જેમ એક બીજાના સબંધમાં રહે છે તેમ આં પણ રહે છે. એ ઉપરથી વિશેષે કરી એટલુંજ ધ્યાનમાં રાખવાનું છે કે શરીર બંધારણના ગુણમાં આ બે શરીરનો બહુ નિકટ સંબંધ છે. એટલે યોગાભ્યાસ કરવાને ઉત્સુક હોય તેણે સ્થુળને સુધારવા પ્રયાસ કરવો તો આ શરીર તો અનાયાસેજ સુધરી જશે કારણ કે તે સ્થુળનુ અનુયાયી છે, તે થશે તેની ખાસ ખબર પણ પડવાની નથી તેમ તે માટે ખાસ મહેનત લેવાની પણ જરૂર નથી.

મનુષ્યનાં શરીરોને આંતર્ દૃષ્ટિથી નિચેના ક્રમથી જોતાં એ પ્રતિક શરીર અને કામ-રૂપ એક બીજાની સાથે ઓતપ્રોત થયેલાં જોવામાં આવે છે, અને તે બન્ને પાછાં સ્થુળ શરીરમાં ઓતપ્રોત થયેલાં દેખાય છે. થિઓસોફીનાં પુસ્તકોમાં આ બન્ને શરીરોને એક ગણી લિંગદેહ કહેવામાં આવેલી છે. એથી કરી લિંગ શરીર અને કામ-રૂપ શરીરનાં ભિન્ન ભિન્ન કાર્ય સમજાવવામાં બહુ ગુંચવારો થઈ પડેલો છે. પાછળથી કરેલ ચોકસ અવલોકનથી એ વાત સ્પષ્ટ થઈ છે કે પ્રતિક શરીરનું બંધારણ જે આકાશિક ભૌતિક પદાર્થો ચાર પ્રકારના ઉપર જે કહેવામાં આવેલા છે તેનુંજ છે તેથી તે આ

શરીરથી છુટું પડી બહુ દૂર જઈ શકતું નથી તેમ આ લોકથી પણ બહુ દૂર જતું નથી. વિશેષ એ પણ જાણવામાં આવ્યું છે કે તે શરીર દેહી અવતરતી વખતે લઈ આવતો નથી પણ કર્મના દેવતાએ ઘડેલા ઘાટ પ્રમાણે તે બંધાય છે, અને સ્થુળ શરીરની સાથે દેહીને ગ્રહણ કરવા તત્પર થઈ રહે છે. કામ-રૂપ યાને વાસનામય શરીર સૂક્ષ્મ આકાશિક પ્રકૃતિનું બંધારણ છે. તે સ્થુળ શરીરથી છુટું થઈ કામલોક પર્યંત વિચરે છે અને તે લોકમાં દેહીની ઉપાધિ થઈ રહે છે. પુનર્જન્મ થતી વખતે દેહી એ લોકમાંથી તેને લઈ આવે છે; એટલા માટે એ બે શરીર ભિન્ન ગણી સમજવાની જરૂર છે કે આગળ ગુચવણ પડે નહિ.

પ્રતિક શરીરવડે પ્રાણ શરીરમાં જ્ઞાનતંતુ ફરતો વહ્યા કરે છે અને બહારથી થતા આઘાતોને ગતિ અથવા લાગણીરૂપે અંતરજ્ઞાન પમાડે છે. વિચાર કરવાની, ચલનવલન કરવાની, અથવા લાગણી થવાની શક્તિ, સ્થુળ અથવા આકાશિક ભૌતિક પદાર્થમાં રહેલી નથી. દેહીનાં તે સર્વ કાર્ય અંદરનાં શરીરમાં થાય છે અને તેનો સ્થુળ લોકમાં પ્રભાવ થાય છે તે પ્રાણના વહનથી જ્ઞાનતંતુ અને જ્ઞાન નલિકાઓ દ્વારા થાય છે. કારણ કે શ્રીશંકરાચાર્ય કહે છે તેમ પ્રાણ આત્માની જાગ્રત્ અવસ્થા છે પ્રતિક શરીર એ કાર્યોનો પ્રભાવ કરવામાં સાધનભૂત હોવાથી તેને થીઓસોફીનાં પુસ્તકોમાં પ્રાણની ઉપાધિ કહેવામાં આવેલી છે. આ સ્થળે એક અગત્યની વાત કહેવી અવશ્યની છે કે આ શરીર મદિરાનાં વાયુરૂપ રજકણોની અસર વિશેષે કરી તત્કાલ ગ્રહણ કરે છે.

સ્થુળ શરીર સંબંધે કેટલાક ચમત્કારો:—જ્યારે માણુસ નિદ્રાવશ થાય છે ત્યારે દેહી શરીરમાંથી નિકલી પડે છે અને શરીરને જે કાંઈ શ્રમ પડયો હોય તેમાંથી પાછું તાજું થવા દેવા માટે તેને સુવા દે છે. એટલે સ્થુળ અને પ્રતિક શરીર પોતાની ઈચ્છાનુસાર વર્તન કરે છે; તેની ટેવ અને બંધારણનાં રજકણ પ્રમાણે ભિન્ન ભિન્ન સત્વોને આકર્ષે છે અને તેને આધિન થઈ વર્તે છે. કામલોકમાંથી વિચાર-રૂપોનો પ્રવાહ ચાલ્યો આવે છે. એ રૂપો જેવા વિચાર દેહીએ જાગ્રત્ અવસ્થામા પ્રતિદિવસ કર્યા હોય છે તેને અનુકુળ થાય તેવાં હોય છે. તે સ્થુળ અને પ્રતિકના મગજમાં પેસનિકળ કરે છે, અને દેહીએ જે ગતિ જાગ્રત્ સમયે ચાલતી કરી હોય છે તે સાથે મળી જઈ અર્થ વિનાનાં અને ભાંગ્યાતુટયાં સ્વપ્ન લાવે છે. આ વાત ઘણાખરા લોકોના અનુભવમાં આવેલી હોવી જોઇયે. સ્થુળ શરીરને જો પોતાથી કાર્ય કરવા

દેવામાં આવે તો તે શું કરે છે એ આ ભાંગીતુટી રચના કહી આપે છે. તે કાંઈ પણ સંબંધ અને સમજી શકાય તેવા નિયમ વિના પૂર્વે ઉત્પન્ન કરેલી મતિમાંથી કટકા કટકા ઉભા કરે છે, અને જેમ આવે તેમ બેસારી દેછે. તે ગમે તેવા સંબંધરહિત હોય તેની દરકાર કરતું નથી. ગમે તેવું ગાંડુઘેલું દેખાય તેની પણ તેને દરકાર નથી, માત્ર આકૃતિ અને વર્ણના પસારાથીજ આનંદ પામે છે. તે પસારો પણ કોઈ ક્રમ અથવા નિયમ અનુસારે હોતો નથી. આટલી વાત ઉપરથી સહજ સમજી શકાશે કે સ્થુળ અને પ્રતિક શરીર વિચારનાં ઉત્પાદક નથી પણ સાધન છે, કારણ કે જો તેને સ્વતંત્ર કાર્ય કરવા દેવામાં આવે છે ત્યારે તેની ઉત્પત્તિ ઉપર વર્ણવી તેમ ઠેકાણા વિનાની હોય છે.

એ બે શરીર (અથવા એકજ શરીરના દૃશ્ય અને અદૃશ્ય બે ભાગ કહીયે તો પણ ચાલે) નિદ્રાવશ થયા પછી દેહી તેમાંથી ચાલી નિકળે છે અને તેને પડયું મુકે છે. મરણ સમયે દેહી છેલ્લીવાર છોડી દેછે. આ બે વખતના છોડવામાં ભેદ એટલો છે કે મરણ સમયે પ્રતિક શરીરને પણ દેહી સાથે લઈ લેછે. તેને સ્થુળથી છુટું પાડે છે એથી કરી તેની ઐક્યતા રહેતી નથી અને તેને લીધે પ્રાણ પોતાનુ કાર્ય કરી શકતો નથી. પ્રતિક શરીર આ લોકથી આગળ જઈ શકતું નથી એટલે જીવાત્મા તેને પણ પાછળથી પડતુ મુકે છે અને તે સ્થુળની પેઠે લય પામે છે. શબની સમિપ કોઈ વખતે તે માણસોના જોવામાં આવી જાય છે, પણ તેને કાંઈ ભાન હોતુ નથી તેથી માત્ર દેખાવ દેછે પણ તે બોલીચાલી શકતું નથી. તે સ્થુળગુણવાળું હોવાથી સહેલથી જોવામાં આવે છે. માત્ર જ્ઞાનતંતુની રચનાને જરા જોર આપવામાં આવે છે તો દૃષ્ટિ તે દેખાય એટલી સૂક્ષ્મ થાય છે. કબરસ્તાનમાં કબરમાં મુકેલાં શબની આસપાસ ઘણીવાર જે ભૂત જોવામાં આવે છે તેનું મૂળ કારણ આ છે, કારણ કે કામ-રૂપ કરતાં તે બહુ સહેલથી દેખાવ દેછે મતલબ મરણ પછી પણ તે બહુ જુદાં પડતાં નથી. ઘણામાં ઘણું તો થોડા હાથ દૂર જાય છે.

સાધારણ રીતે માણસના મરણ સમયે આ શરીર છુટું પડે છે, પણ કેટલાક ભુવા અથવા પોઠીઆની પ્રકૃતિનાં માણસોનુ એ શરીર કેટલેક અંશે જીવતાં પણ છુટું પડે છે. આવી સ્થિતિ ઘણી ભયભરેલી છે, અને સારાં ભાગ્યે બહુ થોડાં માણસોમાં તે હોય છે. એ માણસોનાં જ્ઞાનતંતુઓમાં ઘણો ખળભળાટ થાય છે અને તેને ઘણું આકર્ષણ પડે છે. જ્યારે એ શરીર બહાર નિકળે છે ત્યારે તે ત્રુટી જાય છે અને બે ભાગ થઈ જાય છે, કારણ કે મરણ થાય તોજ આખું શરીર બહાર નિકળી શકે છે, અને વળી પ્રાણના

વહન માટે પણ એ સાધનની આવશ્યકતા છે. તેને થોડે અંશે બહાર ખેંચી લેવામાં આવે છે ત્યારે પણ સ્થુળ શરીર બેભાન થઈ જાય છે અને જીવન શક્તિનાં સર્વે કાર્ય લગભગ અટકી પડે છે. છુટા પડેલા ભાગને પાછો દાખલ કરવામાં આવે છે ત્યારે અત્યંત થાક લાગ્યો હોય એવું લાગે છે અને એ સંયુક્ત શરીર પોતાનું નિયમિત કાર્ય કરવા માંડે ત્યાં સુધી તે માણસના શરીર માટે બહુ ભય રાખવો પડે છે. 'મીડીયમ' યાને પોઠીઆ અથવા ભુવાઓ પ્રત્યે જે ચમત્કારો જોવામાં આવે છે તેમાંનો ઘણો ભાગ આ પ્રતિક શરીરના બહાર નિકળવા સાથે સંબંધ રાખે છે એમ ચોકસ નથી; પરંતુ કેટલાકમાં એવી શક્તિ હોય છે કે એ પ્રતિકને અજાયબ રીતે સ્થુળરૂપ આપી શકે છે અને તેનું બીજા લોકોને અવલોકન કરવાનું ખાસ બની આવે છે. એવું જણાવવામાં આવે છે કે મી. એગ્લીન્ટન નામનો એક શક્ષ હતો તેનામાં આ શક્તિ અગાધ હતી તેની ડાબી બાજુમાંથી એનું પ્રતિક શરીર સ્રવતું જોવામાં આવતું અને તે વખતે તેનું સ્થુળ શરીર સંકોચાઈ જતું જોવામાં આવતું. આવીજ રીતે મી હસ્ક નામનો એક શક્ષ પણ કરતો તેનું સ્થુળ એટલું સંકોચાતું કે તેના પહેરેલાં વસ્ત્ર તેને મોટાં પડતાં થઈ જતાં. મી. એગ્લીન્ટનનું સ્થુળ શરીર એક વેળા એટલું નાનું થઈ ગયું હતું કે તેના પ્રતિકથી થયેલ સ્થુળરૂપે તેને ઉપાડી દૃષ્ટાઓની સમક્ષ ધર્યું હતું આવો બનાવ બહુ ક્વચિત બને છે. સાધારણ એવી રીતે બનેલું સ્થુળ અને એ "મીડીયમ" નું સ્થુળ બન્ને બરાબર તપાસી શકાય એવા પ્રકાશમાં સાથે જોવામાં આવતાં નથી. "મીડીયમ" નું સ્થુળ સંકોચાઈ જાય છે તે ઉપરથી એમ અનુમાન થઈ શકે છે કે સ્થુળનાં કઠિન રજકણો તેમાંથી ખેંચી લેવામાં આવે છે. ઘણે ભાગે પ્રવાહી પદાર્થના રજકણો તે હોવાં જોઇયે એમ લાગે છે. પણ તે સંબંધી જોઇયે તેટલી ખાત્રી કરવામાં અત્યાર સુધી આવી નથી એમ લાગે છે એટલે તે વિશે કાંઈ ચોકસ અભિપ્રાય આપી શકાય નહીં. એટલી વાત તો નિર્વિવાદ છે કે થોડે અંશે પણ તેને બહાર કાઢવાથી જ્ઞાનતંતુની રચનામાં બહુ ગડબડ થાય છે એટલા માટે ડાહ્યા માણસોએ તો એ કામ કરવાનુંજ નથી. કદાપિ કોઇને માઠા ભાગ્યે એવી ટેવ પડી હોય તો પણ તે મટાડવાને માટે પ્રયત્ન કરવાની જરૂર છે.

દેહી ને સ્થુળ ભૂમિકાપર કાર્ય કરવા માટે જે કોષની જરૂર છે તે શરીર—સ્થુળ અને પ્રતિકનું ઉપર વર્ણન કરવામાં આવ્યું. આ શરીર તેનું નિવસમહ છે એટલે તેનો સદ્ઉપયોગ કરી યથાર્થ કાર્ય કરે અથવા તો તેને કારાગ્રહરૂપ બનાવે. અને તેમ કરે તો પછી તે માત્ર મરણ સમયે ખુલ્લે છે. આપણે કહી ગયા તે ઉપરથી શું શું અવશ્યનું છે અને શું શું આપણે ક્રમે

ક્રમે કરી શકીયે છીયે તે જોવામાં આવ્યું હશે. પ્રથમ તો શરીર બળવાન અને આરોગ્ય હોતું જોઇયે. તે સાથે તેનાં અંગ નાજુક, સુધારેલાં, અને જ્ઞાન ગ્રાહક થવાં જોઇયે. આરોગ્યતાની આવશ્યકતા એટલી બધી છે કે પૂર્વ દેશોમા શિષ્ય કરવામાં એ વાત પહેલી જોવામાં આવે છે. વાસ્તવિક પણ એમજ છે કારણ કે જો આરોગ્યતા હોય નહિ તો તે દેહ દેહીનું યોગ્ય સાધન થઈ શકે નહિ; અને અંતર સ્ફુરણા તથા બહિર સંસ્કાર બન્નેનાં રૂપાન્તર થઈ ઉદ્ધચતું પ્રદર્શિત કરે. તેવીજ રીતે જો એ સાધન રોગથી અથવા અતિ શ્રમથી બગડી ગયું હોય છે તો દેહીનાં કાર્ય પણ યથાસ્થિત થઈ શકતાં નથી. એટલા માટે શરીરનું બંધારણ એવું કરવા તરફ લક્ષ રાખવું કે જેથી તે આરોગ્ય રહે, તેનાં અંગ કોમળ રહે, તેમાં મલિનતા રહે નહિ, આંતર અને બાહ્ય જ્ઞાન સરળતાથી ગ્રહણ કરે, તેના પોતાથીજ દુષ્ટ કર્ત્તાને દૂર કરે, ઇષ્ટ કર્ત્તાને ગ્રહણ કરે, અને એવી રીતે કરવામાં પોતાની આસપાસ જે જે વસ્તુઓ હોય તેમાંથી શ્રેયસ્કર પસંદ કરે આમાં એટલું લક્ષમાં રાખવું જોઇયે કે કાર્યસિદ્ધિ ધીમે ધીમે થવાની છે માટે એક હેતુ કાયમ રાખી ધિરજથી અને દૃઢતાથી કાર્ય કરે જવું. આપણા હેતુમાં આપણે થોડે અંશે પાર પડવા માંડીયે છીયે તેની આપણને સત્વર ખબર પડવા માંડે છે. જે ઇંદ્રિયજન્ય જ્ઞાન ગ્રહણ કરવા માટે ઇંદ્રિઓ મંદ હતી તે જાગ્રત થયેલી આપણને જણાવા લાગે છે. જેનું દર્શન અને શ્રવણ થતુ નહિ તે હવે થવા માંડે છે. ભિન્ન ભિન્ન સુરમાં પૂર્ણતા, કોમળતા, અને માધુર્યતા લાગે છે. ભિન્ન ભિન્ન વર્ણોમાં કોમળતા, સૌંદર્યતા, અને ચિતાકર્ષકતા જણાય છે. જેમ કોઈ ચિત્રકાર વર્ણની કોમળતા પારખવાની પોતાની ચક્ષુને ટેવ પાડે છે જે કે સાધારણ માણસોના લક્ષમાં આવતી નથી. અને જેમ કોઈ ગાયક પોતાના કાનને ઉંચા અથવા નીચા સુરો શ્રવણ કરવા ટેવ પાડે છે જે કે સાધારણ માણસો સમજી શકતાં નથી. તેવી રીતે સૃષ્ટમાં કોમળ ગતિથી કેટલોક વ્યવહાર થાય છે તે ગ્રહણ કરતાં આપણાં શરીરે શીખવું જોઇયે. આવા વ્યવહાર સાધારણ માણસના ધ્યાનમાં આવતા નથી અરૂચિકર કેટલીક વાતો એ પ્રસંગે આવી મળશે એ પણ ધ્યાનમાં રાખવું કારણ કે આપણે જે સૃષ્ટિમાં નિવાસ કરીયે છીયે તે આપણે માણુસ જાતેજ કઠોર અને વિવેકહીન કરી નાંખી છે. પણ તે સાથે એ પણ ધ્યાનમાં રાખવું કે એવી વાતોના પાર ઉતરી જશો તો તેમાં જે મુશ્કેલીઓ પડી હશે તેનાથી શતગણો આનંદ જે સૌંદર્યતાનું આપોઆપ દર્શન થશે તેથી થશે. આ દર્શન કાંઈ આપણે એવું શરીર બનાવ્યું છે માટે આપણા સ્વાર્થને માટે થતું નથી. કારણ કે આપણે તેનો મદ કે મોહ નથી. પણ તે થવાથી આપણે તેનો વિશેષ ઉપયોગ કરી અન્યને લાભ

કરી શકીયે અને તેવાં કાર્ય કરવા આપણામાં વિશેષ શક્તિ આવે એટલા માટે થાય છે. એવું સંપૂર્ણ સાધન હોય તો મનુષ્ય જાતના આગળ વધવા માટે સહેલાઈથી મદદ આપી શકાય છે, અને આપણા મહાન્ ગુરૂઓ જેઓ એ કામમાં પ્રયાસ કર્યા જાય છે તેમાં સહાય કર્ત્તા થવા વિશેષ પાત્ર થવાય છે, અને એવી સહાય કરવા આપણને યોગ્યતા પ્રાપ્ત થાય છે.

અત્યાર પર્યંત આપણે માત્ર સ્થુળ ભુમિકા સંબંધી વર્ણન કર્યું છે તે ઉપરથી એટલું તો જાણવામાં આવ્યું હશે કે તેનો અભ્યાસ પણ નિરર્થક નથી તેમજ આપણી ચિત્ શક્તિની આ સર્વથી છેવટની ઉપાધિ ઉપર લક્ષ આપવાની આવશ્યકતા છે અને જો આપણે તેને સંભાળીએ તો તેનો બદલો મળ્યા વિના રહેશે નહિ. એ સમજ જો સર્વને સરખી થાય તો આપણાં શહેર, દેશ ઇત્યાદિ પવિત્ર, સુંદર અને ઉત્કૃષ્ટ થાય. તે સાથે તેમાં એટલી બાત પણ લક્ષમાં રાખવાની છે કે માત્ર બુદ્ધિજન્ય સમજથી કાંઈ થવાનું નથી પરંતુ નિરંતર વ્યવહારમાં વર્તન કરવાથીજ થાય છે.

પ્રતિક શરીર.

સ્થુળ શરીરના દશ્ય અને અદશ્ય વિભાગો બન્નેનું વર્ણન કરવામાં આવ્યું અને તેમાં એટલી વાત સમજાવવામાં આવી કે જાગ્રત અવસ્થામાં, સ્થુળ ભુમિકામાં દેહી—જીવાત્મા પોતાનું જ્ઞાન તથા શક્તિ જેટલી એ શરીરદ્વારા પ્રદર્શિત થઈ શકે તેટલી પ્રદર્શિત કરે છે. જેટલે અંશે એ શરીર સંપૂર્ણ વા અપૂર્ણ ખીલેલું હોય છે તેટલે અંશે તે ઓછી વધતી પ્રદર્શિત કરવાની શક્તિ ધરાવે છે આ લોકમાં તેની કાર્ય કરવાની શક્તિની મર્યાદા બંધાઈ જાય છે અને વાસ્તવિક અલંઘનિય કોટ બંધાય છે. તેમાંથી જે બહાર જઈ શકે નહિ તેનું બહિર દર્શન પણ થતું નથી. આ સર્વ કારણને લીધે જે દેહી ખીલતા જાય છે તેને એની આવશ્યકતા છે. તેવીજ રીતે જ્યારે જગતના બીજા પ્રદેશમાં દેહી ભૂર્ લોકની ઉપરના ભુવર્ લોકમાં સ્થુળ શરીર વિના વિચરે છે અને કાર્ય કરે છે ત્યારે પણ જેટલે અંશે સૂક્ષ્મ શરીર તેની શક્તિ પ્રદર્શિત થવા દે તેટલે અંશેજ તે પાછી થઈ શકે છે. અર્થાત ત્યાં દેહી તેને આધિન છે. દેહ દેહીનું સાધન અને બંધન થાય એવા બન્ને ગુણ ધરાવે છે. દેહી શરીર કરતાં બહુ ચઢીઆતો છે. તેનામાં એવી ઘણી રીતની શક્તિ છે કે જે સ્થુળ અથવા સૂક્ષ્મ ભૂમિકામાં પ્રદર્શિત થઈ શકતી નથી. એટલે જેટલી શક્તિ પ્રદર્શિત થાય તેટલે અંશે એ લોક પ્રત્યે તે શરીરને દેહીરૂપ માનીયેતો બસ છે. આ લોકમાં સ્થુળ શરીરદ્વારા જેટલું પ્રદર્શિત થઈ શકે

તેટલુંજ થઇ શકે છે. તેમજ સૂક્ષ્મ ભૂમિકામાં સૂક્ષ્મ શરીરદ્વારા જેટલું પ્રદર્શિત થઇ શકે તેટલુંજ થઇ શકે છે. માટે જેમ જેમ આપણે ઉચ્ચ ભૂમિકા વિષે વિચારશું તેમ તેમ પુરૂષ આગળ વધી ખીલે છે તેથી વિશેષ શક્તિ પ્રદર્શિત કરે છે, અને ઉચ્ચ અવસ્થાને પ્રાપ્ત થતાં તેની સ્થિતિ પૂર્ણાંશે ધીમે ધીમે ખીલતી જાય છે એમ જોવામાં આવશે.

સાધારણ રીતે મનુષ્ય વર્ગ જે માર્ગે ગયેલ નથી અને જે માર્ગનું જ્ઞાન નથી તે વિષે જ્યારે કથન કરવામાં આવે છે ત્યારે વાચક વર્ગને એટલું પણ ચેતવવાની આવશ્યકતા છે કે અત્રસ્થ જે કાંઈ જણાવવામાં આવશે તેમાં કાંઈ પણ ભૂલ નિકળી શકે તેમ નથી અથવા સંપૂર્ણ શક્તિથી અવલોકન કરીને જણાવેલું છે એમ મનાવવાની ઇચ્છા નથી. અવલોકન કરવામાં અને અનુમાન બાંધવામાં જેમ આ લોકમાં તેમ અન્ય લોકમાં ભુલ થવા સંભવ છે એ વાત ધ્યાનમાંથી દૂર કાઢવા જેવી નથી. જેમ જેમ શક્તિ કેળવાય છે અને જ્ઞાન વૃદ્ધિ પામે છે તેમ તેમ વિશેષ ચોકસ થતા જવાય છે અને ધીમે ધીમે ભૂલ થવાની સંભવતા ઘટતી જાય છે. લેખક પોતે માત્ર શિષ્ય વર્ગમાંથી છે એટલે વખતે સહજસાજ ભૂલ થઈ ગઈ હશે તો તે ભવિષ્યમાં સુધારવામાં આવશે; પરંતુ તે સાથે એટલું જણાવી દેવું અવસ્યનું છે કે સામાન્ય નિયમો અથવા મુખ્ય મુખ્ય સારભૂત અનુમાનમાં તેવી ભૂલ હોવા સંભવ નથી. જો હોય તો તેની પેટાની વિગત વખતે રહી ગઈ હશે.

આકાશિક ભૂમિકા કોને કહે છે એ પ્રથમ યથાર્થ જાણવાનું છે. એ ભૂમિકા આ જગતમાં એક ચોકસ પ્રદેશ છે. તે મૃત્યુ લોકની ફરતો અને તેમાં ઓતપ્રોત થઇ રહેલો છે, પરંતુ તેની ભૌતિક પ્રકૃત્તિ અન્ય પ્રકારની હોવાથી તે આપણી સામાન્ય અવલોકન શકિતને દૃષ્ટિગોચર નથી. સ્થુળ પદાર્થનું અંસનું પરમાણું લઈ તેને ચૂર્ણ કરવામાં આવે તો સ્થુળ પ્રકૃતિનો નાશ થશે એટલે તે લોકમાં તેનું અસ્તિત્વ રહેશે નહિ. પણ તેમાં ઘણાં આકાશિક પ્રકૃતિનાં રજકણો સમાયેલાં હોય છે એવું જોવામાં આવશે. આકાશિક ભૂમિકાનો તે સ્થુળ પદાર્થ ગણાય છે. સ્થુળ પ્રકૃતિના સાત વિભાગ જણાયેલા છે,—કઠિણ પ્રવાહી, વાતરૂપ, અને ચાર ઈથર અથવા સૂક્ષ્મ વાયુરૂપ—તે સર્વનાં ભિન્ન ભિન્ન અસંખ્ય મિશ્રણથી આ સ્થુળ જગત બનેલું છે. આકાશિક પ્રકૃતિના પણ સાત વિભાગ છે તે અનુક્રમે ઉપર સ્થુળના વિભાગ કહ્યા તેને મળતા છે, અને તેનાં તેવાંજ મિશ્રણથી એ લોક બનેલું છે. સઘળાં સ્થુળ પરમાણુંઓ ઉપર આકાશિક પડ હોય છે. તે સ્થુળનું મૂળરૂપ છે

અને સ્થુળરૂપ તેમાં ભરાઈ રહેલું છે. જીવની ઉપાધિરૂપ એ આકાશિક પ્રકૃતિ છે. તે જીવ—સર્વનું જીવન–સ્થુળ પ્રકૃતિનાં દરેક રજકણુને આકાશિક પ્રકૃતિ-દ્વારા પોષણ કરે છે, તેની આસપાસ તે વહન કર્યા કરે છે, અને તેનો નિર્વાહ કરે છે. જેને આપણે સામાન્ય રીતે જીવનશક્તિ કહીયે છીયે તે જીવન આ વહનથી ઉત્પન્ન થાય છે. વળી આકર્ષણ, સંબંધ, પ્રત્યાઘાત ઈત્યાદિ તથા રસાયણિક, વૈદ્યુતિક, આકર્ષિક ઈત્યાદિ શક્તિઓએ સર્વ આ એક જીવનશક્તિનાં ભિન્ન ભિન્ન લક્ષણ છે. એ શક્તિ એક મહાસાગરરૂપ છે અને અનેક બ્રહ્માંડ તેમાં માછલાંની પેઠે તરતાં રહે છે. એ આકાશિક લોક સ્થુળમાં ઓતપ્રોત થઈ તેની સાથે નિકટ સંબંધ રાખી રહે છે ને દ્વારા દેહી સ્થુળના પ્રતિક શરીર પર્યંત પોહોંચે છે અને તેની મારફત સ્થુળ જગતમાં સઘળી અવસ્થામાં ઉપર કહેલી સર્વ શક્તિઓને પ્રકટ કરે છે, અને તેનું કાર્ય માણસોના જોવામાં આવે છે. સ્થુળ જગત્ બીજી કાંઈ પણ નિશાની મુકયા વિના ચાલ્યું જાય એવી આપણે કલ્પના કરીયે તો પણ તેનું પ્રતિબિંબ આકાશિક પ્રકૃતિમાં પૂરેપૂરૂં પડી રહે છે અને તે સાથે જો એમ પણ ધારવામાં આવે કે પ્રત્યેક સ્ત્રી પુરૂષમાં આંતરેંદ્રિ જાગ્રત થઈ કાર્ય કરી શકે તો તેઓને એક વખત તો પોતાની આસપાસ વસ્તુ વ્યવહાર ઈત્યાદિમાં કાંઈ પણ તફાવત જણાશે નહિ. ગુજરી ગયેલાં મનુષ્યો જેઓ આ. લોકની નીચેની ભૂમિકામાં જાગ્રત અવસ્થા ભોગવવા પ્રવેશ કરે છે તેઓ આ સ્થતિમાં જણાય છે અને તેઓ જાણે મૃત્યુ લોકમાં હજી છે એવું તેઓને ભાસે છે. આપણામાંના ઘણાખરાને આ લોકનું દર્શન કરવાની શક્તિ પ્રાપ્ત થયેલી નથી તેથી આ લોકમાં તેની થોડી ઘણી ચમત્કારની દુનિઆમાં ગણના કરવાની આપણને જરૂર પડે છે અને અંતર્ ચક્ષુથી જોઈ શકાતું નથી એટલે માનસિક ચક્ષુથી જોવું પડે છે. જેવું મૃત્યુલોક સત્ય ભાસે છે તેવું આ લોક પણ સત્ય ભાસે છે, અને એક રીતે જોતાં તે વિશેષ સત્ય છે. કારણ કે મૂળ સત્યની તે વધારે સમિપ છે. તેમાં જે બનાવો બને છે તેનું જેવી રીતે આ સ્થુળ લોકમાં અવલોકન કરી શકાય છે તેવી રીતે યથાસ્થિત થઇ શકે છે. આ દુનીઆમાં જેમ એક આંધળો માણસ સ્થુળ વસ્તુ પણ જોઇ શકતો નથી તેમજ કેટલીક વસ્તુઓ એવી પણ છે કે જે સૂક્ષ્મદર્શકયંત્ર, તેજ દર્શકયંત્ર ઈત્યાદિની સહાય વિના જોઈ શકાતી નથી, તેમ આકાશિક ભૂમિકાનું દર્શન તેને માટે યોગ્ય સાધન વિના થઈ શકતું નથી. જેની અંતર્ ચક્ષુ અંધ છે તેને સૂક્ષ્મ લોકનું દર્શન થાય નહિ, અને ત્યાં પણ કેટલીક એવી વસ્તુ હોય કે જે સાધારણ આંતર્ દૃષ્ટિ જાગ્રત થઈ હોય તેવાના જોવામાં આવી શકે નહિ. અત્યારે મનુષ્ય જે-

ટલે અંશે ખીલેલ છે તેટલે સુધીમાં પણ ઘણા લોકો આંતર્ ઇંદ્રિઓ ખીલવે છે તથા ખીલવી શકાય પણ છે, અને તેને લીધે સૂક્ષ્મ લોકમાં જે સૂક્ષ્મ ગતિ વહન કરે છે તે ગ્રહણ કરી શકે છે. જેમ એક બાલક આ લોકમાં વસ્તુ જોવામાં ભુલ કરે છે તેમ આવાં મનુષ્યો શરૂઆતમાં ઘણી વાર ભુલ કરે છે. પરંતુ વિશેષ અનુભવે ભુલ સુધરતી જાય છે અને કાળગત થતાં સૂક્ષ્મપ્રદેશમાં બનતા સર્વ બનાવો આ દુનીઆમાંના બનાવોની પેઠેજ જોઈ જાણી તથા અનુભવી શકાય છે. આંહી જણાવવું અવશ્યનું છે કે આ શક્તિ બલાત્કારે પ્રાપ્ત કરવી એ સલાહકારક નથી. કારણ કે કાંઇક આત્મજ્ઞાન પ્રાપ્ત થાય નહી ત્યાં સુધી આ મૃત્યુલોકનો વ્યવહાર પણ માંડમાંડ યથાસ્થિત જાળવી શકાય છે. તેમાં વળી જો એ સૂક્ષ્મલોકનું દર્શન થવા માડે, ત્યાંના નાદનું શ્રવણ થવા લાગે અને સામાન્ય બનાવો જણાવા લાગે તો તેથી મનની સ્થિતિમાં વખતે અવ્યવસ્થા થઈ જાય અને ભિતિ ઉત્પન્ન થાય પરંતુ એટલું નિશ્ચય છે કે એવો કાલ આવવાનો છેજ કે જે સમયે એટલે અંશે ઈંદ્રીઓ જાગ્રત થશે અને મુકાબલે સત્ લોક—સૂક્ષ્મ પ્રદેશ—જે અત્યારે અદર્શ છે તે જાગ્રત અવસ્થામાં છતાં અવલોકી શકાશે.

ઉપર કહેવામાં આવ્યું તેવું ઇંદ્રિયજન્યજ્ઞાન થવા જેમ તેને અનુકુળ ઇંદ્રિઓ તેમજ અનુકુળ દેહ હોવી જોઇયે. એટલુંજ નહી પણ તેને સંપૂર્ણ રીતે કાર્ય કરવા તથા વ્યવસ્થિત રાખવા ચિત્ શક્તિને તે દ્વારા તેમજ તેમાં સ્થુળ શરીર સહિત કાર્ય કરવાની ટેવ પાડવાની આવશ્યકતા છે. માત્ર એવું શરાર હોવાથી કાંઈ અર્થ સરતો નથી કારણ કે તે તો આપણે સર્વને છે. પ્રત્યેક મનુષ્ય આ સૂક્ષ્મ શરીર દ્વારા અહોનિશ કાર્ય કરે છે પણ સ્થુળથી ભિન્ન રાખી કાર્ય કરવાવાળાં બહુ થોડા છે. જો સૂક્ષ્મ શરીર હોય નહિ તો મનુષ્યના મન અને બહિર્ જગત્ વચ્ચે કોઇ વ્યવહાર ચાલી શકેજ નહિ. કર્મેન્દ્રયજન્ય જ્ઞાન થતાંજ કાંઈ એ ઇંદ્રિઓને લાગણીઓ થાય તેની અસર મન ગ્રહણ કરી શકે નહિ. કેમકે પ્રત્યેક લાગણીનો પ્રત્યાઘાત સૂક્ષ્મ શરીરને લાગે છે ત્યારેજ મન તે ગ્રહણ કરે છે. એ પ્રત્યાઘાતની અસર ગ્રહણ કરવાવાળાં ચક્રો સૂક્ષ્મ શરીરમાં રહેલાં છે અને સ્થુળ શરીરવાળું જેમ સ્થુળ મનુષ્ય કહેવાય છે તેમ તેને સૂક્ષ્મ મનુષ્ય કહે છે. પરંતુ આ માત્ર એક ઉપાધિ છે અથવા વેદાન્તિ કહે છે તેમ એક કોશ છે. તેમાં રહી દેહી પોતાનું કાર્ય કરે છે અને તે દ્વારા સ્થુળ શરીર જે તેના કરતાં સ્નિગ્ધ ઉપાધિ છે તેની સાથે સર્વ સંબંધ રાખી વ્યવહાર ચલાવે છે.

સૂક્ષ્મ શરીરનું બંધારણ સાત પ્રકારની સૂક્ષ્મ પ્રકૃતિનું બનેલું છે અને

તેમાંથી ભિન્ન ભિન્ન સૂક્ષ્મતાવાળાં રજકણો પ્રસંગ અને અનુકુળતા પ્રમાણે તેમાં આવે છે. સારા સુંદરાકૃતિવાળા સૂક્ષ્મ શરીરનો ચિતાર સહજ આવી શકે છે. જેની આંતર દૃષ્ટિ જાગ્રત થઇ હોય છે તેના જોવામાં આવે છે ત્યારે એવું મનુષ્ય પોતાનું સ્થુળ શરીર પડતું મુકી તેનાજ જેવું તેજોમય સૂક્ષ્મ શરીર હોય તેમ તે ઉભું રહે છે. સામાન્ય રીતે સર્વ મનુષ્યો તેને જોઈ શકતાં નથી. સારૂં સુંદરાકૃતિવાળું શરીર કહ્યું છે તેનું તાત્પર્ય એટલુંજ છે કે સૂક્ષ્મ શરીરની સંપૂર્ણ આકૃતિ બંધાણી હોય નહિ તો તેવું સૂક્ષ્મ શરીર ભાંગ્યુંતુટ્યું અધુરૂં દેખાય છે. તેની આકૃતિની નિશાની પણ બરાબર દેખાતી નથી. તેની ભૌતિક પ્રકૃતિ પણ ઝાંખી અને અવ્યવસ્થિત દેખાય છે, અને સ્થુળ શરીરથી છુટું પડે છે ત્યારે વાદળાના જેવું કાંઈ ઘાટ વિનાનું વિવિધ આકૃતિવાળું દેખાય છે. આવું શરીર કોઈ પણ વખત સ્વતંત્ર કાર્ય કરવા લાયક હોતું નથી વાસ્તવિક જોતાં તે સૂક્ષ્મ પ્રકૃતિનો થોડો સમૂહ હોય છે. વ્યવસ્થિત શરીર તે કહેવાય નહિ. બારીક જંતુઓ જેમ સ્થુળ પ્રકૃતિનો એક નાનો સમૂહ છે તેમ આ સૂક્ષ્મનો છે. જો સુંદર સારી આકૃતિવાળું સૂક્ષ્મ શરીર દેખાય તો એમ સમજવું કે તે મનુષ્ય સારી રીતે બુદ્ધિવાન કેળવાયેલું છે અથવા તેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલું છે. એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે કોઈ પણ મનુષ્ય કેટલે અંશે.આગળ વધેલું છે તે તેના સૂક્ષ્મ શરીરથી જાણી શકાય છે. ચોકસ આકૃતિ, પ્રકૃતિનું તેજ, રચનાની સંપૂર્ણતા ઈત્યાદિ ઉપરથી તેમાં નિવાસ કરનાર દેહી સૃષ્ટિક્રમમાં કેટલે અંશે ખીલેલ છે તેનો નિર્ણય થઈ શકે છે.

એ શરીર કેમ સુધારવું એવું પ્રશ્ન હવે ઉઠે છે, અને સર્વને સરખી રીતે લાગુ પડે તેવું છે તેથી તે ઘણું અગત્યનું પ્રશ્ન છે—તો તેમાં વિશેષે કરી ધ્યાનમાં રાખવાનું એ છે કે તેમાં એક પક્ષે જોતાં જેમ સ્થુળ શરીર પવિત્ર રાખવાની આવશ્યકતા છે તેમ બીજે પક્ષે મનની કેળવણી અને નિર્મળતાની પણ તેટલીજ આવશ્યકતા છે. વિચારના સંસ્કાર વિશેષે કરી સૂક્ષ્મ શરીર બહુ ત્વરાથી ગ્રહણ કરી લેછે કારણ કે મનની સૃષ્ટિમાંથી નિકળતા વિચારો સ્થુળ કરતાં સૂક્ષ્મ પ્રકૃતિ તત્કાલ ગ્રહણ કરી લેછે. તેના દૃષ્ટાંતરૂપે જોવું હોય તો સૂક્ષ્મ સૃષ્ટિનું દર્શન કરશું તો નિરંતર બદલાયા કરતાં રૂપો આપણી દૃષ્ટિએ પડશે. એ લોકમાં વિચાર-રૂપ જોવામાં આવે છે. આ રૂપો વિચારથી ઉત્પન્ન થાય છે અને તેમાં સત્વેનો અંશ આવે છે. એવા અંશનો મોહોટો સમૂહ પણ ત્યાં દેખાય છે. તેમાંથી વિવિધ રૂપો નિરંતર નિકળતાં અને પુનરપિ તેમાંજ લય થતાં દેખાય છે. લક્ષપૂર્વક જોઈશું તો એ સૂક્ષ્મ પ્રકૃતિ વિચારનાં

વહેનથી કમ્પતિ ભાસે છે. દૃઢ વિચારો પોતાના રૂપ ઉપર તેનું અસ્તર ચઢાવી લેછે અને ભિન્ન વ્યક્તિ થઈ ચિરકાળ પર્યંત ટકી રહે છે. નિર્બલ વિચારનું અસ્તર આછું હોય છે તેથી તરત નિકળી જાય છે. એવી રીતે એ લોકમાં વિચારની સ્ફુરણા અનુસાર સર્વદા વિકૃતિ થયા કરે છે. મનુષ્યનું સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ પ્રકૃતિનું હોય છે તેથી તે પણ વિચારની ગતિને ત્વરાથી ગ્રહણ કરી લેછે અને જે કોઈ સ્ફુરણા તે ગ્રહણ કરે છે તે અનુસાર તેમાં ગતિ પેદા થઇ જાગ્રત થાય છે. આવી ગતિ તેના પોતાના વિચાર અથવા અન્ય જનોના વિચાર ગમે તે પેદા કરી શકે છે.

વિચારોના આઘાત અંતર તથા બહારથી થતાં એ શરીર કેવી રીતે વર્તે છે તે હવે આપણે જોઇયે. આ શરીર સ્થુળ શરીરમાં ઓતપ્રોત થયેલું દેખાય છે, અને તેની બહાર ચોમેર રંગીન વાદળા જેવું આવી રહેલું છે. એ રંગો પ્રત્યેક મનુષ્યના સ્વભાવ પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે. આ સૂક્ષ્મ શરીર કામ-રૂપ અથવા વાસના-રૂપ શરીર પણ કહેવાય છે. કારણ કે સ્થુળથી બહાર રહેલ ભાગ તે મનુષ્યનો અધોવિચાર, પશુ વૃત્તિઓ, અને વિષય વાસનાઓ અનુસાર પ્રદર્શિત થાય છે. અગર જો કે અવલોકન કરતાં દૃષ્ટિએ સામાન્ય રીતે એ ભાગ મનુષ્યનાથી જુદો દેખાય છે પરંતુ વાસ્તવિક એ તેજ જુદું ગણવું ભુલ ભરેલું છે. એ તેજ શરીરની આસપાસ મેઘમંડળ પેઠે ભાસે છે એમ સામાન્ય રીતે કહેવાય છે ખરૂં પણ ખરેખરૂં જોઇયે તો મનુષ્ય પોતેજ ભિન્ન ભિન્ન ભૂમિકા ઉપર વિચરે છે તે પ્રમાણે તે દેખાય છે. પ્રત્યેક ભૂમિકાને અનુકુળ પ્રકૃતિનાં વસ્ત્ર તે ધારણા કરી લેછે અને એ વસ્ત્રો એક બીજા સાથે ઓતપ્રોત થઈ રહે છે. આ વસ્ત્રોમાં સર્વથી અંતનું અને નાનું સ્થુળ શરીર છે અને બીજાં વસ્ત્રની પ્રકૃતિઓ મિશ્રિત થઈ તેજરૂપે એ શરીર ફરતી રહે છે. એવી રીતે જોતાં સ્થુળ ફરતું કામિક તેજ જે રહે છે તે કામિક શરીરનો ભાગ છે. કામવૃત્તિની ઉપાધિ સૂક્ષ્મ શરીર છે. તેમાં સર્વ પશુવૃત્તિઓ અને વિષયવાસનાનાં મૂળ છે સર્વ ઇંદ્રિઓ તન્માત્રા રૂપે તેમાં સ્થિત થયેલી છે અને સર્વ પ્રકારની વૃત્તિઓ ત્યાં ઉદ્ભવ પામે છે. વિચારના આઘાતથી કમ્પિત થઈ તેનો રંગ વારંવાર બદલે છે. જ્યારે માણસને ક્રોધ આવે છે ત્યારે તેનો રંગ ઘેરો રાતો જણાય છે. જ્યારે તેનામાં પ્રેમભાવ પ્રકટે છે ત્યારે રક્ત-ગુલાબી દેખાય છે એમ ભિન્ન ભિન્ન રંગ ધારણ કરે છે.

જે માણસના ઉમદા ઉંચ્ચ વિચાર હોય છે તેને માટે વિશેષ સૂક્ષ્મ પ્રકૃતિની જરૂર પડે છે. અવલોકન કરતાં પણ એવું જોવામાં આવે છે કે પ્રત્યેક

પેટા વિભાગમાંથી પણ વિશેષ સ્નિગ્ધ અને ઘટ્ટ પરમાણુંઓ નિકળી જાય છે અને તેને સ્થળ વધારે સૂક્ષ્મ અને બારીક પરમાણુઓ દાખલ થાય છે જેના વિચાર હલકા અને પશુવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે તેનું સૂક્ષ્મ શરીર સ્નિગ્ધ, સંઘટ્ટ, ભારી, અને વર્ણે શ્યામ હોય છે. વખતે તો એટલું બધું ઘટ્ટ હોય છે કે સ્થુળ શરીર સાથે મળી ગયેલું દેખાય છે. પરંતુ જે કોઈ ઉંચે શિખરે પોહોંચેલ હોય છે તેનું એ શરીર બારીક, સ્પષ્ટ, તેજોમય, ચકચકિત વર્ણવાળું હોય છે. એ શરીર ખરેખરા દેખાવમાં પણ બહુ સુંદર હોય છે. એવા મનુષ્યે નિચ વૃત્તિઓને દબાવી દીધી હોય છે, અને મને પોતે પરિક્ષા કરી સૂક્ષ્મ પ્રકૃતિમાંથી ઉચ્ચ પ્રકારનાં પરમાણું ગ્રહણ કરેલાં હોય છે. એ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે ઉચ્ચ વિચારો કરવાથી સૂક્ષ્મ શરીર નિર્મળ થાય છે તે એટલે સુધી બને છે કે તેને માટે ધ્યાનપૂર્વક પ્રયત્ન કર્યા વિના પણ એ પરિણામ આવે છે. એક વાત આ પ્રસંગે સારી પેઠે લક્ષમાં રાખવાની છે કે અંદરના વિચારનું કાર્ય બહારના વિચારને સૂક્ષ્મ શરીર પ્રત્યે આકર્ષણ કરવામાં પણ બહુ અગત્યની સત્તા ધરાવે છે. જે કોઈ સર્વદા મલિન વિચારો કર્યા કરે છે તેની પ્રત્યે આસપાસનાં મલિન વિચાર-રૂપો લોહચુંબકની પેઠે આકર્ષાય છે, પણ જેનું શરીર પવિત્ર હોય છે તે એવા વિચારોને પાછા ઠેલે છે અને પોતાને અનુકૂલ પ્રકૃતિનાં વિચાર-રૂપોનેજ પોતા પ્રત્યે આકર્ષણ કરે છે.

સ્થુળ શરીરના ઉપર સૂક્ષ્મ શરીરનો એક પ્રકારે જોનાં સર્વ આધાર છે કારણ કે સ્થુળ શરીરની પવિત્રતા અથવા અપવિત્રતા તેને અસર કર્ત્તા થાય છે સ્થુળ શરીરના બંધારણમાં આવતાં નક્કર, પ્રવાહી, વાતરૂપ, અને ઇથરોનાં રજકણ સ્વચ્છ હોય અથવા મેલાં હોય, જાડાં હોય અથવા નાજુક હોય, એટલે તેની સ્થિતિ પ્રમાણે સૂક્ષ્મ કોશ ઉપર અસર થવાની જો વગર વિચારે અને વગર સંભાળે સ્થુળ શરીરમાં મલિન નક્કર રજકણો ગ્રહણ કરીયે તો સૂક્ષ્મ નક્કર રજકણો પણ તેવાજ પ્રકારના આકર્ષાય છે. પણ જો એ રજકણો પવિત્ર હોય તો સૂક્ષ્મનાં તેવાં રજકણો પણ પવિત્ર આકર્ષાય છે. ખાનપાનની વસ્તુ નિર્મળ હોય તો સ્થુળ શરીર શુદ્ધ થતું જાય છે માટે આપણા ખોરાકની વસ્તુઓમાં જાનવરોનું લોહી, દારૂ ઈત્યાદિ બીગાડ કરનારી અને અધોગતિ પમાડનારી મલિન ચીજો ગ્રહણ કરવી નહિ. એવી રીતે વર્તન કરવાથી ચિત શક્તિની સ્થુળોપાધિ સુધરે છે એટલુંજ નહિ પણ સૂક્ષ્મોપાધિ પણ શુદ્ધ થવા લાગે છે અને તે લોકમાંથી અનુકુળ નાજુક અને બારીક રજકણો ગ્રહણ કરી શરીર બાંધે છે. આની અસર આ એક અવ-

તારમાંજ અગત્યની છે એમ સમજવું નહિ પણ મરણાન્તર થવાની સ્થિતિમાં, કામલોકમાં નિવાસ કરવો પડે તેમાં, અને પુનરપિ જન્મ ધારણ કરતાં કેવું શરીર થશે તે પ્રત્યે પણ ખાસ સંબંધ ધરાવે છે. એ વિષે આગળ કહેવામાં આવશે.

આટલેથી બસ થતું નથી. આહાર કરવાની વસ્તુ નેષ્ટ પ્રકારની હોય તો કામલોકમાં નિવાસ કરનારાં હાનિકારક સત્વો સૂક્ષ્મ શરીર પ્રત્યે આકર્ષાય છે. કારણ આપણે કાંઈ માત્ર એ ભૂમિકાની ભૌતિક પ્રકૃતિથીજ સંબંધ છે એમ નથી પણ તે લોકનાં ભૌતિક સત્વો સાથેના સંબંધમાં પણ આવીએ છીયે. આ સત્વો ઉત્તમ અને અધમ પ્રકારનાં છે. તેઓની ઉત્પત્તિ મનુષ્યના વિચારથી થાય છે. એ વિના અધોગતિ પામેલાં મનુષ્યો તેઓનાં સૂક્ષ્મ શરીરથી કામલોકમાં વિચરતાં જણાય છે. તે ભુત કહેવાય છે. ભૌતિક સત્વોનું આકર્ષણ તેઓને અનુકુળ ભૌતિક પ્રકૃતિ જે શરીરમાં હોય તે પ્રત્યે થાય છે, અને ભૂતોનું આકર્ષણ જે લોકો તેઓ જ્યારે આ મૃત્યુ લોકમાં હતાં ત્યારેજ દુષ્ટ વિષયભોગ ભોગવતા તેવા ભોગવનાર પ્રત્યે થાય છે. લંડન જેવા મોહોટા શહેરમાં કોઈ વિશ્વદૃષ્ટિવાળા માણસનું વિચરવું થાય તો તે કસાઈની દુકાન આસપાસ કંટાળો ઉપજે એવાં ભૌતિક સત્વોનાં ટોળાં જોશે અને મદિરાપાન કરનારનાં સ્થાનો તથા તે વેચવાની દુકાનોમાં ભુતો એકઠાં થયેલાં દેખશે. મદિરામાંથી નિકળતા દુષ્ટ વાયુનું તે ભક્ષણ કરતાં હોય છે અને લાગ આવે તો તે પાન કરવા મળેલાં મનુષ્યોનાં શરીરમાં પ્રવેશ પણ કરે છે. જેઓ એવી સામગ્રીનાં પોતાનાં શરીર બાંધે છે તે પ્રત્યે તેઓનું આકર્ષણ થાય છે કારણ કે તેઓની આસપાસ સૂક્ષ્મ સ્થિતિમાં એવાંજ ભૂતો ફર્યા કરે છે. કામ લોકની પ્રત્યેક સ્થિતિમાં એ પ્રમાણેજ બને છે. તેથી જો આપણે સ્થુળની પવિત્રતા જાળવીયે તો સૂક્ષ્મનાં પણ તે પ્રમાણે પવિત્ર રજકણો આપણી પ્રત્યે પોતાથી આવે છે.

ઉપર જે કહેવામાં આવ્યું તેથી એટલું જણાયું કે સૂક્ષ્મ શરીરને સારૂં નરતું કરવાનો સર્વ આધાર આપણે તેમાં જેવાં રજકણો દાખલ કરીયે તેના ઉપર છે. પવિત્ર કરવાથી એ શરીરોની સૂક્ષ્મતા વૃદ્ધિ પામતી જાય છે એટલે તે અધમ વિકારોની ગતિથી ચલાયમાન થતાં નથી, પણ કામલોકની ઉત્તમ અસર તેના ઉપર તત્કાળ થાય છે. એવી રીતે આપણે એક શરીર રૂપી વાજીંત્ર તૈયાર કરીયે છીયે તે પોતાના મૂળ સ્વભાવે બહારથી થતિ અસર ગ્રહણ કરનારૂં છે છતાં તે ધીમે ધીમે અધમ અસર ગ્રહણ કરતું બંધ પડે છે,

અને ઉત્તમ અસર તત્કાળ ગ્રહણ કરી લેછે. જાણે કે ઉંચા સૂર કાઢવાને મેળવેલું હોય તેવું તે થઈ રહે છે. અનુકુળ સૂર કાઢવા માટે જેમ યોગ્ય જાડાઇનો તાર લઈ જોઇતો લાંબો રાખી તેને ચઢાવવામાં આવે છે તેવી રીતે દુનિઆંમાં આપણી આસપાસ જ્યારે ઉચ્ચ સૂર બાજતા હોય છે તે ગ્રહણ કરવા અને તેવાજ સૂર પાછા કાઢવા આપણે આપણાં સૂક્ષ્મ શરીરને મેળવી શકીયે છીયે. આ માત્ર અનુમાન અથવા અટકળની વાત નથી પણ સશાસ્ત્ર પ્રમાણ વાત છે. આપણે કોઈ પણ વાજીંત્રની દોરી અથવા તાર જેમ મેળવીયે છીયે તેવી રીતે શરીરની દોરીઓ મેળવી શકાય છે. કાર્ય કારણનો નિયમ આ લોક અને તે લોકમાં સરખી રીતે પ્રવર્તે છે. એ નિયમનો આધાર અમે બતાવીયે છીયે, એ નિયમનો આશ્રય અમે લઇયે છીયે, અને તે ઉપર વિશ્વાસ રાખી કહીયે છીયે. તેમાં માત્ર જ્ઞાનની આવશ્યકતા રહેલી છે, અને જ્ઞાન પ્રાપ્ત થાય નંતર તેનો ઉપયોગ કરવાની ઇચ્છા જોઇયે છે જો તમારી ઇચ્છા હોય તો આ જ્ઞાન આપવામાં આવે છે તેને માત્ર અનુમાન પ્રમાણ માની તે ઉપરથી આ દુનિયાંમાં તમને જ્ઞાત વાત હોય તેને અનુકુળ પ્રયોગો કરો અને અમે તો નિઃશંક છીયે કે જેમ જેમ તમે વધારે પવિત્ર થતા જશો તેમ તેમ તે અનુમાન મટી પ્રત્યક્ષ જ્ઞાન થશે. તમે પોતે અવલોકન કરવા સમર્થ થશો એટલે પ્રથમ જે માત્ર કામ ચલાઉ અનુમાન માની પ્રયોગો કરવા માંડેલા તે પ્રત્યક્ષ સત્ય વાત છે એ વાત નિઃસંશય થશે.

કામ લોકમાં સત્તા પ્રાપ્ત કરવા અને ખરેખર ઉપયોગી થવાને માટે પ્રથમ પવિત્રતાની આવશ્યકતા છે એ વાતની હવે ખાત્રી થઈ હશે. યોગની પ્રક્રિયાઓ પ્રમાણે વર્તન કરવાથી આંતરેંદ્રિયો સન્માર્ગે અને સમજ સાથે જાગ્રત થાય છે એ ખરૂં છે. પરંતુ જ્યાં સુધી અંતર્ અને બહિર્ પવિત્ર કરવાનું સાધન સાધવામાં આવે નહિ ત્યાં સુધી એ વર્તનનું શીક્ષણ લેશ માત્ર ઉપયોગનું નથી. એક વાત સાધારણ અનુભવમાં આવેલી છે કે લોકો આગળ વધવા માટે કોઈ પણ નવિન અને અપરિચિત રીતિ અજમાવી જોવા બહુ આતુર હોય છે, પણ જો લોકો પવિત્રતા પાળવાનું પ્રથમ સાધનજ પોતાના સામાન્ય વ્યવહારમાં પાળવા તત્પર રહેલા નથી તો પછી યોગની બીજી પ્રક્રિયા તેઓને બતાવવી એ નિર્થક છે. પ્રથમનું સાધન પ્રાપ્ત કર્યા વિનાના કોઇ માણસને યોગની કોઈ સામાન્ય ક્રિયા ધારો કે બતાવવામાં આવે, ત્યારે થાય શું કે એ વાત નવી અને તેણે કોઈ વાર જોયેલી જાણેલી નહિ એટલે તત્કાલ બહુ આતુરતાથી અને ઉત્સાહથી તે ગ્રહણ કરશે. પણ આ-

ગળ જતાં તેની નવિનતા મટી જશે એટલે તેનો તેને કંટાળો આવશે. કારણ કે તેનું ફળ તેની ઇચ્છા પ્રમાણે ત્વરિત પ્રાપ્ત થયું તો હશે નહિ. વળી એકાદ વર્ષ તે પ્રમાણે કરતાં તે થાકી જશે કેમકે તેના નિત્યના વ્યવહારમાં તેનો ભાર તે ખમી શકશે નહિ. એમ કરતાં તે નિરાશ થઈ જશે. આગ્રહ પૂર્વક શ્રમ લેવાની ટેવ નહિ હોવાથી તે નિરંતર એક સરખી રીતે કાર્ય કરી શકશે નહિ અને અંતે કાયર થઈ તે ક્રિયા કરવાનું પડયું મુકશે. એક વખત તે વાતની નવાઈ ગઇ એટલે કંટાળોજ આવે એ સ્વાભાવિક છે. ખાનપાનની પડેલી કુટેવમાંથી મુક્ત થવા માટે અલ્પ કાળ પણ જો મન વશ રાખી શકાય નહિ અને એટલી સહેલી અને સાદી વાત પણ જો સ્થુળ–સૂક્ષ્મ શરીરને પવિત્ર રાખવા બની શકે નહિ તો માત્ર નવિન વાત છે એટલાજ માટે તે પ્રત્યે આકર્ષણ પામી વિશેષ કષ્ટસાધ્ય ક્રિયા કરવા ઉત્કંઠા રાખવી એ કાંઈ કામનું નથી. કારણ કે થોડા કાળમાં એ સર્વ અસહ્ય ભારરૂપ થશે અને તત્કાલ પડતું મુકવામાં આવશે. જ્યાં પર્યંત સામાન્ય અને સહેલાં સાધન સાધવાનું બની શકે નહિ ત્યાં પર્યંત ખાસ ક્રિયા કરવાની વાત કેવળ નકામી છે. પરંતુ જેમ જેમ પવિત્રતા વૃદ્ધિ પામશે તેમ તેમ નવિન શક્તિ ઉદ્ભવ પામતી જશે. અભ્યાસકને જ્ઞાન પ્રકટ થતું લાગશે. અંતર્દૃષ્ટિ જાગ્રત થતી જણાશે, ચારે તરફથી નવા નવા આઘાત પડતા લાગશે અને તેનો પ્રત્યાઘાત તેનામાંથી નિકળશે. આવું જ્યારે તે આંતર્ દૃષ્ટિ રહિત અને અજ્ઞાત હતો ત્યારે બનવાનો સંભવ પણ નહિ હતો. તેના પૂર્વ કર્મના સંસ્કાર અનુસાર એ સર્વ અનુભવ વહેલો મોડો તેને થશેજ અને જેવી રીતે બાલક મૂલાક્ષર શીખ્યા પછી પુસ્તક વાંચતાં શીખે છે ત્યારે જેવો આનંદ તેને પ્રાપ્ત થાય છે તેમ આ અભ્યાસકને પણ થાય છે. તેને પોતાના પૂર્વના પ્રમાદના સમયમાં સ્વપ્ને પણ નહિ ધારેલ તેવું જ્ઞાન પ્રાપ્ત થવા લાગે છે અને નવીન શક્તિ તેનામાં આવે છે. તેની દૃષ્ટિ આગળ નવીન પ્રકારનું જ્ઞાન ઉદ્ભવ પામતું આવે છે એમ સર્વ દિશાથી વિશ્વનું વધારે વધારે દર્શન થતું જાય છે.

જાગ્રત તથા નિદ્રાવસ્થામાં સૂક્ષ્મ શરીરનું વર્તન કેવું છે એ જો આપણે જરા જોઈશું તો આપણે સ્થુળ શરીરથી અલગ થયા પછી ચિત્ શક્તિનું ઉપાધિરૂપ તે થાય છે ત્યારે કેવી રીતે વર્તે છે તેની સરળતાથી અને સહજ સમજ પડી શકશે. કોઈ પણ માણસનું જાગતાં અને નિદ્રાવશ થયા પછી અવલોકન કરવામાં આવે તો સૂક્ષ્મ શરીરમાં વિશેષે કરી ભેદ જણાય છે. જાગ્રત અવસ્થામાં સૂક્ષ્મ શરીરની સર્વ ક્રિયા–જેવી કે વર્ણનો વિકાર ઈત્યાદિ–સ્થુળ શરીરની સમિપ તેની આસપાસ થતી જોવામાં આવે છે. પણ જ્યારે

તે માણસ નિદ્રામાં હોય છે ત્યારે એ શરીર તેનાથી છુટું પડે છે અને શ-યામાં જે પડી રહે છે તે સ્થુળ અને તેનું પ્રતિક ઈથરનું શરીર હોય છે. છુટું પડેલું સૂક્ષ્મ શરીર તેમની ઉપર હવામાં વિચરે છે. જે માણસનું અવ-લોકન કરવામાં આવે છે તે સામાન્ય સ્થિતિયે પોહોંચેલો હોય તો તેનું સૂક્ષ્મ શરીર પ્રથમ કહેલું છે તેમ કોઈ આકૃતિરહિત ગોટા જેવું જણાય છે. તે સ્થુળથી બહુ દૂર જઈ શકતું નથી. તે ચિતશક્તિની ઉપાધી રૂપે પણ બહુ કામનું નથી અને તેમાંના દેહીની પણ સ્વપ્નાવસ્થા જેવી અનિશ્ચિત સ્થિતિ હોય છે. તેને સ્થુળથી દૂર જઈ કાર્ય કરવાની ટેવ હોતી નથી. જેની મારફત તેને પોતાનું કાર્ય કરવાની ટેવ પડેલી છે તે પોતાનું કાર્ય કરવા સમર્થ નહિ હોવાથી તે પોતે પણ નિદ્રાવસ્થામાં રહે છે એમ કહેવામાં કાંઈ બાધ નથી. એટલે સૂક્ષ્મભૂમિકાના સંસ્કાર તેના ઉપર સ્પષ્ટ લાગતા નથી તેમ સૂક્ષ્મ શ-રીરનું બંધારણ કાચું હોવાથી જે સંસ્કાર તેના ઉપર પડે છે તે સ્ફુટ કરી શકાતા નથી. આસપાસ વિચરતાં વિચાર-રૂપ તેની તન્માત્રા સાથે સમાગ-મમાં આવે છે અને તેને લીધે હલકી વૃત્તિઓ જાગ્રત થઈ તેના સ્વભાવને અનુકુળ કાર્ય કરવા ઉત્તેજન આપે છે; પણ એ સઘળાની એકંદર અમર અ-વલોકન કરનારને તો નિદ્રાવસ્થા જેવી અને અચોકસપણાની જણાય છે. કારણ કે તેનું સૂક્ષ્મ શરીર કાંઇ પણ રીતસર કાર્ય કરતું હોતું નથી, કાંઇ ચોકસ હેતુ વિના સુતેલા સ્થુળ શરીરથી ઉપર હવામાં ઝુલતું જોવામાં આવે છે. સ્થુળ શરીરથી તેને દૂર ખસેડવામાં આવે અથવા તેની મેળે ખસવું પડે એવું જો કાંઇ બને છે તો તે તત્કાલ અંદર પેસી જાય છે અને તે માણસ જાગ્રત થઈ જાય છે. પરંતુ જે માણસે ઉંચ્ચ શિખરે ગમન કરેલું હોય છે અને જે સૂક્ષ્મ લોકમાં વિચરી શકે છે તથા સૂક્ષ્મ શરીરનો તેવા કાર્યે પ-રત્વે ઉપયોગ કરી શકે છે તેને જો જોવામાં આવે તો તે નિદ્રાવશ થયા પછી તેનું સૂક્ષ્મ શરીર બહાર નિકળી આવે છે ત્યારે આપણે તેના તે માણ-સને તેની સંપૂર્ણ ચિત્ શક્તિ સહિત દેખીયે છીયે. સૂક્ષ્મ શરીરની આકૃતિ સ્પષ્ટ દેખાય છે અને તેના અવયવો પણ ચોકસ જોવામાં આવે છે તે સ્થુળ માણસની સમાન હોય છે અને તેમાં નિવાસ કરનાર દેહી તેને ઉપાધિ કરી લઈ તેનો ઉપયોગ કરે છે. આ ઉપાધિ સ્થુળ ઉપાધિ કરતાં વધારે સગવડતા-વાળી થાય છે. પુરૂષ સંપૂર્ણ જાગ્રત રહે છે અને સ્થુળ ઉપાધિવડે કાર્ય ક-રતો તે કરતાં વિશેષ સ્ફુરતાથી, ચોકસીથી, અને સમજથી કરી શકે છે. દૂર દેશાંતર વધારે છુટથી અને ઘણી ઝડપથી ગમન કરી શકે છે. આ પ્ર-માણે કરતાં શય્યામાં પડેલ શરીરને લેશમાત્ર અડચણ થતી નથી.

ઉપર વર્ણવવામાં આવ્યો તેવો કોઇ સખ્સ પોતાની સૂક્ષ્મ ઉપાધિદ્વારા પ્રાપ્ત કરેલ અનુભવ સ્થુળને પોહોંચાડવા શીખ્યો હોય નહિ અને સ્થુળમાંથી સરકી ગયા પછી જે ચિત્ શક્તિ રહે છે તે પૂર્વની સાથે સંબંધ ચાલુ રાખી શકે નહિ તો સ્થુળ નિદ્રાવશ રહે છે. સૂક્ષ્મ જાગ્રત અને સંપૂર્ણ ભાન સાથે સૂક્ષ્મ ભૂમિકામાં વિચરે છે પરંતુ પોતાના બહિર્ ગમન કર્યા નંતર જે કાંઈ અનુભવ મળે છે તેના જ્ઞાનના સંસ્કારની છાપ પાછો સ્થુળમાં પ્રવેશ કરે છે. ત્યારે તેના મગજ ઉપર પાડી શકતો નથી. તાત્પર્ય એટલું છે કે જે ટુંકી મર્યાદાવાળી ચિતશક્તિને આપણે જાગ્રત અવસ્થા કહીએ છીએ તે અવસ્થામાં સૂક્ષ્મ ભૂમિકાના અનુભવનું જ્ઞાન રહેતું નથી. એથી એમ સમજવું નહિ કે અંતર સ્થિત દેહીને તે જ્ઞાન નથી. પણ સ્થુળ અવયવો એવાં મલિન છે કે એ સંસ્કાર તેઓ ગ્રહણ કરી શકતાં નથી. કોઈ કોઈ વખત જ્યારે નિદ્રામાંથી જાગ્રત થઇયે છીયે ત્યારે એવું લાગે છે કે કાંઈક નિદ્રામાં બની ગયું પણ તેનું સ્મરણ રહી શક્યું નહિ. આટલી લાગણીજ બતાવી આપે છે કે સૂક્ષ્મભૂમિકામાં તેની ચિત્શક્તિ જાગ્રત હતી પણ માત્ર મગજ તેના અનુભવને ગ્રહણ કરવાને અશક્ત હોવાથી ત્યાં જે બન્યું તેનું જરા પણ સ્મરણ રહ્યું નહિ કોઈ કોઇ વાર એમ પણ બને છે કે જ્યારે સૂક્ષ્મ પાછું સ્થુળમાં પ્રવેશ કરે છે ત્યારે તે માણસ એ અનુભવના સંસ્કાર સ્થુળ ઉપર ક્ષણવાર પાડી શકે છે એથી જ્યારે તે જાગ્રત થાય છે ત્યારે થોડો કાળ તેનું સ્પષ્ટ સ્મરણ રહે છે. એ સંસ્કારનું સ્મરણ ત્વરાથી જતું રહે છે અને ફરી થતુ નથી. તે વાતને યાદ આણવા જેમ જેમ વિશેષ શ્રમ કરવામાં આવે તેમ તેમ તે યાદ આણવું અશક્ય લાગતુ જાય છે. કારણ કે સ્થુળ શ્રમથી સ્થુળ પરમાણુંની ગતિ બળવાન થાય છે અને તેને લીધે સ્થુળ મગજમાં સુક્ષ્મ ગતિ દબાતી જાય છે–કેટલીક વખત એવું પણ બને છે કે મગજ ઉપર નવિન વાતના સંસ્કાર થાય છે પણ તે વાત ક્યાંથી અને કેમ પ્રાપ્ત થઇ તેનું સ્મરણ થઇ શકતું નથી. એવા વિચારો જાગ્રત અવસ્થામાં જાણે પોતાથી જ ઉદ્ભવ પામતા હોયની એમ લાગે છે. વખતે જે વાતની પ્રથમ સમજ પડતી હોય નહિ તેવી વાત એકાએક સિદ્ધ લાગે છે અને જે પ્રશ્નો અગમ્ય લાગ્યાં હોય છે તેનું નિરાકરણ થઇ જાય છે. આવું બનવા માંડે તો તે આત્મજ્ઞાનના પ્રભાવનાં ચિન્હછે એમ જાણી ઉત્તેજન પ્રાપ્ત થાય છે. એ ઉપરથી એવો ભાવ થાય છે કે સૂક્ષ્મ શરીરનું યથાસ્થિત બંધારણ થવા લાગ્યું છે અને તેના પ્રદેશમાં તે યથાર્થ કાર્ય કરવા સમર્થ થયું છે. માત્ર સ્થુળ શરીર તેના સંસ્કાર ગ્રહણ કરવા થોડે અંશે પાત્ર થયું છે એમ સુચવે છે. આવી સ્થિતિમાં પણ કોઇવાર સ્થુળ

મગજ તે સંસ્કાર ગ્રહણ કરે છે ત્યારે તાદ્દશ્ય, સાર્થ, અને સંબંધ સ્વપ્ન થાય છે. આવાં સ્વપ્ન વિચારવંત મનુષ્યને પ્રસંગોપાત થાય છે. તે સમયે તેઓ જાગ્રત અવસ્થાના જેટલાજ જીવતા છે બલ્કે વિશેષ જીવતા પોતાને લાગે છે અને તેવે સમયે કેટલુંક જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સ્થુળ વ્યવહારમાં તેમને બહુ સહાયકારક થાય છે. આ સર્વ આત્મજ્ઞાનના પ્રભાવની શ્રેણી છે અને તે એવું સુચન કરે છે કે સૂક્ષ્મ શરીરનું બંધારણ સુધરતું જાય છે અને દેહીની શક્તિ ખીલતી જાય છે.

ઉપર જે કહેવામાં આવ્યું તેની સાથે વળી એક વિશેષ વાત બહુ ધ્યાનમાં રાખવા જેવી છે કે કોઈ મનુષ્યને આત્મજ્ઞાનનો ખરેખરો ઉદ્દ્ભવ અને તેની વૃદ્ધિ સત્વર થતી જતી હોય અને તે સૂક્ષ્મ ભૂમિકામાં ચપળતાથી અને ઉપયોગી થાય એવી રીતે કાર્ય કરે જાતો હોય છતાં તેના સંસ્કાર સ્થુળ મગજ ઉપર પડતા નથી અને તેથી તેનું સ્મરણ રહેતું નથી. પરંતુ એવાં મનુષ્યોની સ્થુળ ચિત્‌શક્તિ દિનપરદિન વધારેને વધારે પ્રકાશ પામતી જાયછે અને આત્મજ્ઞાનના સત્ય સિદ્ધાંતો સંબંધી તેનું જ્ઞાન વૃદ્ધિ પામતુ જાય છે, એ ઉપરથી એ વાત સમજી શકાય છે. વળી એ વિદ્યાના અભ્યાસકો માત્રને માટે ઉત્તેજક એક વાત કહેવી અવશ્યની છે કે જેઓને સ્થુળ ભૂમિકાથી પર કોઇ પણ ભૂમિકાના સંસ્કારની છાપ પડતી હોય નહિ તો પણ એ અભ્યાસ કરતાં કરતાં જેમ જેમ બુદ્ધિ નિર્મળ થઈ પરોપકાર કરવાની ઇચ્છા વૃદ્ધિ પામે, અન્યનું કલ્યાણ કરવાની ઉત્સુકતા વધે, જગત્‌માં સર્વનાં હિતકારી કાર્ય કરવા વૃત્તિ થવા માંડે, અને મનુષ્ય જાતીના શીષ્ટબંધુઓના કાર્યમાં સહાયકર્તા થવા આકાંક્ષા થાય અને સ્વાર્પણ બુદ્ધિ થાય, તેમજ યથાશક્તિ તે કાર્યમાં ભાગ લેવામાં આવે ત્યારે એમ નિશ્ચય માનવું કે જીવાત્મા ખીલવા માંડેલ છે અને સૂક્ષ્મ શરીર પણ સુધરતું જાય છે તથા તે દ્વારા કાર્ય કરવાની શક્તિ પણ ખીલતી જાય છે આ વાત ઉપર સર્વ કોઇએ નિઃશંક થઇ આસ્થા રાખવી. સ્મરણમાં રહે અથવા ન રહે પણ એટલી વાત નિશ્ચય છે કે એવાં મનુષ્યો ગાઢ નિદ્રામાં સ્થુળ કારાગ્રહમાંથી નિકળી સૂક્ષ્મ પ્રદેશમાં જઇ બહુ ઉપયોગી કાર્ય કરવા માંડે છે; જેઓને સહાય કરવાની તેઓની ઇચ્છા હોય તેવાં મનુષ્યોને પોતે બીજી રીતે મદદ નહિ કરી શકે તેમ હોય તોપણ આ રીતે કરી શકે છે, અને તેમને સુખ પ્રાપ્ત થાય એવી રીતે કરે છે. જેનાં અંતઃકરણ નિર્મળ હોય છે, વિચાર ઉચ્ચ હોય છે, અને પરોપકારવૃત્તિ હોય છે તેમનાં સૂક્ષ્મ શરીર આવી રીતે સુધરતાં જાય છે. તેઓ સૂક્ષ્મ ભૂમિકામાં ઘણાં વર્ષથી કાર્ય કરતાં હોય તોપણ તેનું સ્મરણ સ્થુળ જાગ્રત અવસ્થામાં

થતું નથી અને એવી સ્થિતિમાં તેઓ જગતનું એટલું બધું કલ્યાણ કરે છે કે તેનો ખરો ખ્યાલ તેઓને પોતાને પણ આવતો નથી. કર્માનુસાર એવાં મનુષ્યોને જ્યારે અખંડ પૂર્ણ ભાન સૂક્ષ્મભૂમિકાનું થશે ત્યારે તેઓ બન્ને સ્થુલ અને સૂક્ષ્મ-ભૂમિકામાં પોતાની ઇચ્છા અનુસાર વિચરશે. બન્નેની વચે સેતુ બંધાઇ જશે અને સ્મરણ શક્તિ તે ઉપર થઇ વિના શ્રમે ગમનાગમન કરી શકશે, અને તે મનુષ્ય જેવો સૂક્ષ્મ ભૂમિકામાંથી નિકળ્યો કે તત્કાળ તેના પૂર્ણ ભાન સાથે સ્થુળમાં પ્રવેશ કરવા સમર્થ થશે જેઓ સેવા કરવામાં સર્વદા તત્પર રહી તે પ્રમાણે વર્તન કરે છે તેવાં સર્વ જનોને આ સ્થિતિ નિશ્ચય પ્રાપ્ત થવાની છે. તેઓને એક દિવસ આવું અખંડ ભાન થવાનું એટલે તેઓને ભાનવાળો દિવસનો ભાગ અને બેભાન રાત્રીનો ભાગ એમ બે ભાગે જીવતર ગાળવાનું રહેશે નહિ પણ અખંડીત ભાનવાળુંજ જીવતર લાગશે. માત્ર સ્થુળ શરીરને વિશ્રાન્તિ દેવા થોડો કાળ પડયું રહેવા દેવામાં આવશે અને તેટલો કાળ તેમાંનો દેહી પોતાના સૂક્ષ્મ શરીરથી સૂક્ષ્મ ભૂમિકામાં પોતાનું કાર્ય કરશે. એવે સમયે વિચારની સંકળના ચાલુ રહેશે; સ્થુળ શરીરમાંથી ક્યારે નિકળ્યા તેનું પણ ભાન રહેશે, તેમાંથી નિકળતાં નિકળતાં જે થશે તેનું પણ ભાન રહેશે, તેમાંથી નિકળ્યા પછી જે કાંઇ કરવામાં આવશે તેનું પણ ભાન રહેશે; અને ક્યારે પાછાં ફર્યા અને પાછું સ્થુળ ધારણ કર્યું તેનું પણ ભાન રહેશે. આમ દિનપરદિન અને વર્ષપર વર્ષ ચાલ્યાં કરશે અને શ્રમિત નહિ થયેલા ભાનને લીધે એવું નિઃશંક સિદ્ધ થશે કે અંતર્યામિ પુરૂષનું અસ્તિત્વ શરીરથી નિરાળુંજ છે. શરીર તો માત્ર વસ્ત્રરૂપજ છે અને તે ઇચ્છાપૂર્વક ધારણ કરવાનાં છે અને તજવાનાં છે; અને તે ખરા જીવિત અને વિચારનાં અવશ્ય સાધન નથી. વળી તે કરતાં વિશેષ તેઓને એમ પણ જણાશે કે એ શરીર એવાં સાધન નથી એટલુંજ નહિ પણ તે વિના જીવિત વધારે ચંચળ થાય છે અને વિચાર વધારે સ્વતંત્રપણે વર્તે છે. એટલે શીખરે પહોચ્યા પછી મનુષ્ય પ્રથમના કરતાં દુનિયાં અને તેમાં પોતાનું જીવતર શું છે એ વિશેષ સારી રીતે સમજવા માંડે છે; વળી આગળ શું આવવાનું છે તેનો વધારે સારો ખ્યાલ આવવા લાગે છે; એકંદરે મનુષ્યના ઉચ્ચ ગુણ શું છે તે યથાસ્થિત સમજવામાં આવતું જાય છે. ધીમે ધીમે તેના સમજવામાં આવતું જાય છે કે જેમ પ્રથમ સ્થુલ ભાન થાય છે તદનંતર સૂક્ષ્મ ભાન થાય છે તેવી રીતે તેનાથી પણ આગળ અન્ય પ્રકારનું અને ઉચ્ચ ભાન થવાનું છે. તેના પણ ઘણા ભિન્ન ભિન્ન ચઢતા પ્રકાર છે અને તે ક્રમે ક્રમે જાગ્રત થઇ શકે તેમ છે. તે સ્થિતિ પ્રાપ્ત થતાં ઉચ્ચ ભૂમિકા ઉપર કાર્ય કરી

શકાય છે, વિશાળ સૃષ્ટિઓમાં વિચરી શકાય છે. મહાન્‌શક્તિ પ્રાપ્ત થતાં તેનો ઉપયોગ પણ કરી શકાય છે, અને એ સર્વ મનુષ્ય જાતની સહાયતા અને શ્રેય માટે પવિત્ર મહાત્માઓના સેવક થઈ કરવાનું છે એમ તેના જોવામાં આવતું જાય છે. એટલે અંશે વધ્યા પછી તેને સ્થુળ જગત્‌માંના જીવતરનો ખરો ખ્યાલ આવે છે. આ જગત્‌માં ગમે તે થાય તેની અસર જે આ સ્થિતિ પ્રાપ્ત થયા પહેલાં થતી તેવી હાલ તેના પ્રત્યે થતી નથી, અને તેને તેમજ તે જેઓને સહાયતા કરવા ધારે છે તેઓને મરણનો ભય અને દુઃખ લેશમાત્ર અસર કરી શકતાં નથી. વાસ્તવિક જોતાં મનુષ્યના કર્તવ્યમાં આ સ્થુળ જગત્‌નો અવકાશ કિંચિત્ માત્ર છે એમ તેને જણાય છે અને તે સંબંધી તેનું જે પ્રથમ અજ્ઞાન હતું તે હવે નાશ પામે છે અને ઉચ્ચ ભૂમિકામાંથી આવતો પ્રકાશ તેના સર્વ ભાગોમાં તિમિર નાશ કરી ઝળઝળાટ કરી મુકે છે.

સુક્ષ્મ શરીરનાં કાર્ય અને શક્તિ કેટલે સુધી ખીલે છે તે વિષે ઉપર કહેવામાં આવ્યું. હવે તેના સંબંધમાં કેવા કેવા બનાવો બનતા જોવામાં આવે છે તે જોઇયે એ શરીર સ્થુલ શરીરથી અલગ જીવતાં અથવા મરણ પછી પણ અન્ય જનોના જોવામાં આવી શકે છે. જેણે સુક્ષ્મ શરીરને પોતાને આધિન કરેલું હોય તે તો પોતાની ઇચ્છા પ્રમાણે સ્થુળથી છુટું પાડી શકે છે. અને પોતાના સ્નેહીને દેશાંતર મળવા જાય છે. એ સ્નેહીની પણ સૂક્ષ્મ દૃષ્ટિ કાર્ય કરી શકતી હોય તો તેના મિત્રના સૂક્ષ્મ શરીરને તે જોઇ શકે છે. જો તે જોઇ શકે નહી અને મળવા જનારને દર્શન કરાવવાની ઇચ્છા હોય તો આસપાસના વાતાવરણમાંથી સ્થુલ રજકણો ગ્રહણ કરી સૂક્ષ્મ શરીને સ્થુલ જેવું બનાવે છે અને સ્થુલ દૃષ્ટિને દૃશ્ય થાય એટલું સંઘટ્ટ કરી લે છે. ઘણાં મનુષ્યો પોતાના દૂર રહેલા મિત્રોને જુવે છે તેનો આ એક ખુલાસો છે. આ બનાવ લોકો ધારે છે તે કરતાં બહુ સામાન્ય છે પણ તે જોવા વાળા પોતે વહેમીની પંક્તિમાં ગણાશે એવા ડરથી પ્રસિદ્ધ કહી શકતા નથી. આધુનિક કાળમાં સુભાગ્યે એ ડર ઓછો થવા લાગ્યો છે, અને પોતાના દૂર દેશાવર વસતા મિત્રનાં સૂક્ષ્મ શરીર જે જે લોકોને જોવામાં આવે તેઓ હિમ્મત અને સામાન્ય સમજનો ઉપયોગ કરી ખરી વાત પ્રસિદ્ધ કરે તો આપણે એ સંબંધી પુષ્કળ પ્રમાણ મળી આવે સૂક્ષ્મ શરીર સંઘટ્ટ થયા વિના પણ જેઓની સૂક્ષ્મદૃષ્ટિ જાગ્રત થઇ હોતી નથી તેવાં મનુષ્યોને કેટલેક પ્રસંગે તે જોવામાં આવે છે. વખતે જ્ઞાનતંતુઓને અતિશ્રમ પડયો હોય છે, અને સ્થુલ શરીર નિર્બળ થઇ ગયું હોય છે તેને લીધે પ્રાણની નાડી સામાન્ય નિયમ કરતાં મંદ વહેતી હોય છે. અને સ્થુળનું જોડીયું જે પ્રતિકરૂપ છે તે જ્ઞાનતંતુનું નિયામક છે. એ નિર્બળ થઇ જવાથી તંતુઓ અતિ ચચળ થાય છે અને જોરથી કાર્ય કરવા

લાગે છે ત્યારે તે મનુષ્યની થોડો કાળ સૂક્ષ્મદૃષ્ટિ જાગ્રત થઈ જાય છે પ્રદેશ નિવાસી પુત્રની માતા તેના ભયંકર મંદવાડના ખબર જાણવાથી અત્યંત ચિં-તાતુર થાય છે ત્યારે સૂક્ષ્મ રજકણોની ગતિની અસર ગ્રહણ કરવા તે પાત્ર થાય છે; વિશેષે કરી રાત્રી સમયે જ્યારે જીવન શક્તિનું બળ બહુ મંદ પડી જાય છે ત્યારે એવું બને છે. પુત્ર પણ માતાના વિચાર કરતો હોય અને તેનું સ્થુળ શરીર બેભાન હોય ત્યારે સૂક્ષ્મ શરીર માતાને મળવા જઇ શકે છે અને માતા તેને જોઇ શકે છે. મરણ સમયે સૂક્ષ્મ શરીર સ્થુળથી છુટું પડી જાય છે ત્યારે આવા બનાવ વિશેષ બને છે. મરણ સમયે સૂક્ષ્મનાં દર્શન થયેલના દાખલા બહુ સામાન્ય છે. મરનાર મનુષ્યની જે પ્રત્યે પોતાનો અતિ પ્રેમ હોય તેને મળવાની ઉગ્ર ઇચ્છા હોય છે ત્યારે અથવા કોઇ વાત તેને કહેવાની રહી ગઇ હોય છે અને તે કહેવાની પણ તેની ઇચ્છા હોય છે ત્યારે વિશેષે કરી આવું બને છે.

સ્થુળ અને તેનું જોડીયું પ્રતિક શરીર છોડી મરણ પછી જ્યારે સૂક્ષ્મ શરીર જાય છે ત્યારે તેને જોઇશું તો તેના દેખાવમાં ફેરફાર જોવામાં આવે છે. જ્યાં સુધી તે સ્થુળ શરીર સાથે હોય છે ત્યાં સુધી સૂક્ષ્મ પ્રકૃતિના ભિન્ન ભિન્ન પ્રકાર છતાં તે એક બીજા સાથે મિશ્ર થયેલ જોવામાં આવે છે. એ પ્રકૃતિના સ્થુળ અને સૂક્ષ્મ વિભાગો ઓતપ્રોત અને સેળભેળ થયેલા જણાય છે. પરંતુ મરણ પછી એ વ્યવસ્થા ફરી જાય છે. પ્રત્યેક વિભાગનાં રજકણો છુટાં પડી જાય છે અને પોતપોતાના સ્થુળ સૂક્ષ્મપણાના ક્રમમાં ગોઠવાઈ જાય છે. એટલે સૂક્ષ્મ શરીરમાં જાણે જુદા જુદા થર હોય એવું દેખાય છે. અથવા ક્રમ પ્રમાણે ગોળાકાર ઉપરાઉપર પડ બંધાય છે તેમાં સ્થુળ પડ સૌથી ઉપર હોય છે. આ દુનિયામાં આપણે જે જીવતર ભોગવવાનું છે તેમાં સૂક્ષ્મ શરી-રને નિર્મળ કરવાની આવશ્યકતા કેટલી છે તે આ સ્થળે જણાય છે. કારણ કે એ શરીર તેના ઉપરના પડની જે પ્રકારની સ્થુળતા હોય છે તે પ્રમાણે એ ભૂમિકાના વિભાગમાં તે વિચરી શકે છે. તેનાથી ઉપર તેની ઈચ્છા છતાં જવાતું નથી. એવા સાત વિભાગ છે એટલે જેમ જેમ એક પડ છુટતું જાય છે તેમ તેમ ઉત્તરોત્તર ઉપરના વિભાગમાં તે વિચરવા લાગે છે. જે મનુષ્યની વૃત્તિ નીચ અને પશુવત્ હોય છે તેના સૂક્ષ્મ શરીરની પ્રકૃતિનાં રજકણ બહુ ઘટ્ટ અને સ્થુળ હોય છે એટલે તે કામ લોકના સર્વથી છેવટના વિભાગમાં બં-ધાઈ રહે છે અને તેનું ઉપરનું પડ ઘણું ખરૂં છુટું પડી જાય ત્યાં સુધી એ વિભાગમાં પડી રહેવું પડે છે અને તે અનિષ્ટ ભૂમિકામાં થતી પીડા ભોગવવી પડે છે. એ પડ છુટું પડી જ્યારે તેમાંથી આગળ વધવાનો સમય આવે છે

ત્યારે પુરૂષ તેની ઉપરના વિભાગમાં ગમન કરે છે. વાસ્તવિક કહીયે તો તેને એ વિભાગમાં ચાલતી ગતિનું ભાન થાય છે એટલે પોતે અન્ય વિભાગમાં આવ્યો એમ ભાસ્યમાન થાય છે એમ કરતાં એ વિભાગનું પડ છુટું પડે છે ત્યારે તેથી વળી ઉપરના વિભાગમાં ગમન કરે છે. એવી રીતે અનુક્રમે ઉપર જતો જાય છે. પ્રત્યેક વિભાગમાં કેટલો કાળ થાય એ પ્રત્યેક પડમાં પૂર્વની વૃત્તિબળ અનુસાર જે રજકણો સમાયેલાં હોય છે તેના પ્રમાણમાં હોય છે. અર્થાત્ જેમ નિચેના વિભાગને અનુકુળ વિશેષ રજકણો હોય તેમ કામ લોકના તે વિભાગોમાં વિશેષ કાળ નિર્ગમન કરવો પડે છે; અને જો આ દુનિઆમાં જ એવાં તત્વોનો નાશ કરવાનું બની શકે તો મરણોત્તર એ લોકમાં ઓછી રોકત થવાની. કદાપિ એ તત્વો નિર્મૂળ કરવાં એ બહુ મુસ્કેલ અને લાંબે કાળે થાય એમ હોવાથી કેવળ નિર્મૂળ કરવાનું બને નહિ તોપણ નીચ વૃત્તિઓ ઉપરથી મન દૂર રાખવા માટે આગ્રહપૂર્વક પ્રયત્ન કરવામાં આવે તો કાળાંતરે એ પ્રકૃતિ કાર્ય કરતી બંધ પડી જાય છે એટલે તેનું ભાન રહેતું નથી, અથવા સ્થુળ પરિભાષામાં કહીયે તો તે શક્તિ ખોટી પડી જાય છે. આટલે અંશે પોહોંચેલ પુરૂષને નીચેના વિભાગોમાં થોડો થોડો કાળ રહેવું પડે છે. પણ તે ત્યાં શાન્તિથી નિદ્રા કરે છે અને તે લોકનું દુઃખ તેને લાગતું નથી. કારણ કે તે લોકના સ્પર્શથી જાગ્રત થાય એવાં રજકણોનું ચાંચલ્ય રહેલું નથી એટલે તેનું તેને ભાન થઈ શકતું નથી.

ઉપર જે કહેવામાં આવ્યું તેથી ખાત્રી થાશે કે જેના સૂક્ષ્મ શરીરની પ્રકૃતિનાં રજકણો ઉંચા પ્રકારનાં અને નિર્મળ જ હોય છે તે ઉત્તરોત્તરના વિભાગમાં થઈ સહજમાં ઉપર ગમન કરી શકે છે એટલે તેનો કામલોકમાંથી સત્વર નિકાલ થઇ જાય છે. પ્રત્યેક બે વિભાગની વચ્ચે સંધિકાળ આવે છે, જેમકે બરફનો સંધિકાળ પાણી થતાં પહેલાંની તરતની સ્થિતિ છે કે જે સ્થિતિયે પોહોંચ્યા પછી જરા પણ ગરમી લાગતાં તે પ્રવાહીરૂપ થઈ જાય છે. તેવીજ રીતે પાણીની વરાળ થઈ જાય છે. એ પ્રમાણે સૂક્ષ્મ પ્રકૃતિ પણ એક વિભાગમાં એટલી બારીક થાય કે તેને વધારે બારીક કરતાં તેનાથી ઉપરના વિભાગની સ્થિતિ પ્રાપ્ત કરે છે, સૂક્ષ્મ શરીરના સર્વ વિભાગને નિર્મળ કરવાની ક્રિયા આંહીજ કરવામાં આવી હોય અને તેની પ્રકૃતિ કોમળતાની અંતની સ્થિતિ આણી મુકી હોય તો પછી કામ લોકમાં થઈ તે અસાધારણ ત્વરાથી આગળ નિકળી જાય છે અને ઉચ્ચ ભૂમિકામાં ગમન કરતાં તે દેહી સર્વ બંધનથી રહીત એક તેજના ચમકારની પેઠે ચાલી જાય છે.

સૂક્ષ્મ શરીર સ્થુળ તેમજ માનસિક ક્રિયાથી નિર્મળ કરવા સંબંધમાં

હજી એક વાત કહેવાની રહે છે. એ નિર્મળતાની અસર પુનરપિ જ્યારે જન્મ ધારણ કરવાનો સમય આવે છે ત્યારે તે દેહીને માટે નવું સૂક્ષ્મ બંધાય તેના ઉપર પણ થાય છે. દેહી જ્યારે કામ લોકમાંથી દેવલોકમાં ગમન કરે છે ત્યારે દુષ્ટ વિચાર–રૂપો તેની સંગાતે જઈ શકતા નથી કારણ કે દેવલોકમાં સૂક્ષ્મ પ્રકૃતિ રહી શકતી નથી અને દેવલોકની પ્રકૃતિ એ દુષ્ટ વૃત્તિઓ અને વિકારોની મલિન ગતિને ગ્રહણ કરવા પાત્ર નથી. એથી કરી પ્રત્યેક દેહી જ્યારે સૂક્ષ્મથી મુક્ત થાય છે ત્યારે તેવા વિકાર અને વૃત્તિનાં ગુપ્તબિજ માત્ર તેમાં રહે છે, તે પાછાં જ્યારે સૂક્ષ્મભૂમિકામાં અનુકુળ પ્રકૃતિથી પોષાય છે ત્યારે પુનરપિ ઉદ્ભવ પામે છે અને તે દુષ્ટ વિચાર અને દુષ્ટ વિકાર પાછા સ્ફૂરેછે. બિજરૂપે તે દેવ લોકમાં તે દેહીમાં રહે છે અને જ્યાં સુધી એ લોકમાં રહે છે ત્યાં સુધી ગુપ્ત રહે છે. પુનર્જન્મ લેવા ઉતરે છે ત્યારે તેની સાથે એ આવેછે અને પ્રકટ થાય છે. ત્યાં તેઓ પોતાને અનુકુળ પ્રકૃતિને સ્વાભાવિક રીતે આકર્ષે છે અને તે ધારણ કરી સ્ફુરવા લાગે છે. એવી રીતે ભવિષ્યમાં થનાર જન્મ માટે જે સૂક્ષ્મ બંધાય છે તેમાં પોતાને માટે યોગ્ય સ્થળ લઈ લે છે. આટલી હકીકત ઉપરથી એ પણ નિશ્ચય થાય છે કે આપણે માત્ર સૂક્ષ્મ શરીરમાં વર્તમાનકાળમાં નિવાસ કરીયે છીયે એટલુંજ નહિ પણ ભવિષ્યમાં થનાર જન્મ માટે પણ સૂક્ષ્મ શરીરની રચના ઘડતા જઇયે છીયે. આ કારણસર પણ સૂક્ષ્મ શરીરને અત્યંત નિર્મળ કરવાની પૂર્ણ આવશ્યકતા છે. માટે ભવિષ્યના શ્રેય માટે વર્તમાન કાળમાં પ્રાપ્ત થતા જ્ઞાનનો સદ્ઉપયોગ કરવો જોઇયે.

આ જગતમાં થતા જન્મ એક બીજા સાથે સંકળાયેલા છે એટલે આપણે પૂર્વે થઈ ગયેલા તેમજ ભવિષ્યમાં થનાર જન્મમાંથી એક પણ છુટો કાઢી નાંખી શકીયે એમ નથી. વાસ્તવિક જોતાં એકજ જન્મ છે અને એ બધા તેના દિવસો છે. ખાતાના પાનામાં કોરે પાનેથી શરૂ કરાય અને નવે સરથી નોંધ થાય એવી સ્થિતિમાં આપણે જન્મતા નથી. માત્ર નવું પ્રકરણ શરૂ થાય છે અને ચાલતી આવેલી કથા વિસ્તરતી જાય છે. જેમ રાત્રીએ નિદ્રા કરવાથી દિવસે કરેલ કરજનો ભાર માથેથી ઉતરી શકતો નથી તેમ પૂર્વજન્મમાં કરેલ કર્મનો ભાર મરણ પામવાથી ઉતરતો નથી. આજે કરજ કર્યું તે જ્યાં સુધી આપીયે નહિ ત્યાં સુધી માત્ર દિવસ નિર્ગમન થવાથી છુટતું નથી. પુરૂષનું જીવિત અભંગ ચાલુ છે. આ પૃથ્વિ ઉપર થતા જન્મ છુટક છુટક ગણવાના નથી પણ એક સંકળાની પેઠે સમજવાના છે. નિર્મળ કરવાની અને વિસ્તરવાની ક્રિયા પણ તેવીજ રીતે ચાલતી રહે છે અને તે ઉત્તરોત્તર જન્મમાં કરતાં રહેવાની છે. આપણામાંના પ્રત્યેક જણે કોઇને કોઇ

વખતે આરંભતો કરવાનો છેજ. કોઇને કોઇ વખતે આપણી નિચ વૃત્તિઓથી આપણે કંટાળવાના છીયેજ. પશુવૃત્તિને આધિન રહેવાથી અને સ્થુળ ઇંદ્રિઓના જુલમથી કાયર થવાના છીયેજ. પછી દેહી એ આધિનતા માન્ય રાખનાર નથી અને તે દેહી નિશ્ચય કરશે કે તેના કારાગ્રહના બંધ ત્રુટવાજ જોઇયે. એ બંધ કોઈપણ કાળે ત્રોડવાનું આપણે સ્વાધિન રાખેલું છે તો શા માટે એક ક્ષણની પણ તેમાં ઢીલ કરવી? આપણે હાથેજ આપણાં બંધન બાંધીયે છીયે અને આપણે હાથેજ તે બંધન આપણે ત્રોડવાનાં છે. તેમાં કોઇની સહાય મળવાની નથી. આપણે પોતેજ નિશ્ચય કરવાનો છે કે એ કાર્ય કયારે કરવું. તે આપણી પોતાનીજ ઇચ્છા ઉપર આધાર રાખે છે. મનુષ્ય માત્ર એક દિવસે ઉચ્ચ લોકમાં એકઠાં થવાનાં તો છે ત્યારે આપણે આ બંધનથી મુક્ત થવા તત્કાળ શા માટે ન પ્રયત્ન કરવો અને જે આપણો જાતિ હક છે તે ન પ્રાપ્ત કરવો? જ્યારથી પુરૂષ નીચ વૃત્તિઓને ઉચ્ચ વૃત્તિઓની દાસિ બનાવવાનો નિશ્ચય કરે છે; આ સ્થુળ અવસ્થામાંજ ઉચ્ચ પ્રકારનાં શરીરનાં બંધારણ કરવા આરંભ કરે છે; ઐશ્વર્ય પ્રાપ્ત કરવાનો પોતાનો હક છે અને તેવી શક્તિ પોતામાં રહેલી છે એમ માની તે પ્રત્યે શ્રમ કરવા માંડે છે, અને એ શક્તિ માત્ર પશુવૃત્તિઓના દબાણથી પ્રકટ થઈ શકતી નથી એમ સમજવા લાગે છે. ત્યારથી બંધન ત્રોડવાનો અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો આરંભ થયો એમ સમજવું.

માનસિ શરીરો.

સ્થુળ અને સૂક્ષ્મ શરીર વિષે કાંઇક વિસ્તારથી કહેવામાં આવ્યું. સ્થુળના દૃશ્ય અને અદૃશ્ય ભાગ સંબંધી પણ વર્ણન થઈ ગયું. સ્થુળ ભૂમિકામાં તેઓનો વ્યવહાર કેવો છે તે પણ કહેવામાં આવ્યું. તેનાં ભિન્ન ભિન્ન કાર્ય અવલોકયાં, તે કેમ આગળ વધે છે તે પણ સ્ફુટ કરી તપાસ્યું અને તેને ધીમે ધીમે નિર્મળ કેમ કરવાં એ પણ જોયું. એવીજ રીતે સૂક્ષ્મ શરીરનું પણ વિવેચન કર્યું. તેની વૃદ્ધિ અને તેનું કાર્ય અવલોકયાં. સૂક્ષ્મભૂમિકામાં તે જાગ્રત થાય છે ત્યારે કેમ વ્યવહાર કરે છે તે ચમત્કાર પણ વર્ણવ્યા અને તેને નિર્મળ કરવાની કૃતિ પણ કહી ગયા. આ પ્રમાણે બ્રહ્માંડની મુખ્ય સપ્ત ભૂમિકામાંની બે ભૂમિકામાં મનુષ્યનું કર્તવ્ય શું છે તે જણાવવામાં આવ્યું ત્યારે હવે આપણે ત્રીજી ભૂમિકા જોઇયે. તેને માનસિ જગત્ પણ કહે છે. એ ભૂમિકા સંબંધી થોડું ઘણું જાણીશું ત્યારે સ્થુળ–સૂક્ષ્મ–અને માનસિ જગત્ મળી ત્રણ ભૂમિકા–ત્રિલોક–(તેમાં એક આપણી પૃથ્વિ અને બે તેની આસપાસ

સ્થિત થએલ ગોળા) સંબંધી આપણે જ્ઞાન પ્રાપ્ત થયું ગણાશે. આ ત્રણ લો-કમાં મનુષ્ય પોતાની આ પૃથ્વિપરની શરીર યાત્રામાં કાર્ય વિશેષે કરી કરે છે અને એક વખત જન્મ પામી, મરણ પામી, પુનરૂપિ જન્મ પામે એટલા કાળમાં થઇ એ ત્રણ લોકમાં નિવાસ કરે છે. આ ત્રણ ઓતપ્રોત રહેલા ગોળા મનુષ્યની શાળા છે, મનુષ્યનાં રાજ્યસ્થાન છે. તેમાં રહી તે વૃદ્ધિ પામે છે તેમાં તેને આગળ જવા માટે યાત્રા કરવાની છે. તેની પેલીમેર દીક્ષા લીધા વિના તે ગમન કરવા સમર્થ નથી. કારણ કે તેમાંથી નિકળવાનો કોઈ અન્ય માર્ગ નથી.

ઉપર જે ત્રિજી ભૂમિકા માનસિ જગત્ કહેવામાં આવી તેમાં દેવસ્થાન અથવા દેવલોકના નામથી જે અધ્યાત્મવાદી યાને થીઓસોફીસ્ટને પરિચિત લોક છે તેનો સમાવેશ થાય છે. કેટલાંક માણસો તેને સુખીભૂમિ પણ કહે છે. આ નામ તેની સ્થિતિ અને સ્વભાવને લીધે આપવામાં આવેલ છે. કેમકે એ લોકમાં દુઃખ અથવા શોકનો અવકાશજ નથી. દેવલોક વિશેષે કરી માનસિ જગતજ છે. ત્યાં મન સ્થુળ અને સૂક્ષ્મનાં બંધનથી મુક્ત છે એટલે એ લોકમાં બીજી રીતે કેટલીક અપૂર્ણતા હોય છે તો પણ તેમાં દુષ્ટતા તેના યથાર્થ સ્વરૂપમાં પ્રવેશ કરી શકતી નથી.

સ્પષ્ટ સમજ માટે આ લોક સંબંધી કાંઈક ઉપોદ્ઘાત રૂપે કહેવાની જરૂર છે. આ લોકના પણ બીજા લોકની પેઠે સાત વિભાગ છે પણ તેમાં વિશેષતા એ છે કે તે સાત વિભાગ બે ભાગમાં વહેચાયેલા છે. એક ભાગમાં ત્રણ વિભાગ અને બીજામાં ચાર વિભાગનો સમાવેશ થાય છે. ઉચ્ચ પ્રકારના ત્રણ વિભાગ છે તે અરૂપ કહેવાય છે અર્થાત્ તેની અત્યંત સૂક્ષ્મતાને લીધે તેનું કોઈ રૂપ કહી શકાતું નથી અને બાકીના ચાર વિભાગ રૂપ કહેવાય છે. કારણ કે તેનું રૂપ કહી શકાય છે. દેહીની ચિતશક્તિના પણ બે ભાગ છે એટલે આ લોકમાં તે બન્નેથી કાર્ય કરે છે અને તેને લીધે એ બન્નેને માનસિ શરીરની સંજ્ઞા એક સરખી રીતે લાગુ પડે છે; પરંતુ તેમાંનો જે બીજો ભાગ ઉતરતી પંક્તિમાં છે તેને ખાસ કરી આપણે એ સંજ્ઞા લગાડશું અને તેનું વિવેચન પ્રથમ કરવાનું છે. એ શરીરના ઉચ્ચ પંક્તિના ભાગને તો કારણ શરીર કહેવામાં આવે છે, અને એ સંજ્ઞા સાર્થ છે એમ આગળ જતાં સ્પષ્ટ થશે. વાચક વર્ગને અધોમન અને ઉચ્ચ મન એવા મનઃના બે વિભાગ તો પરિચિત છે. એમાંના ઉચ્ચ મનનું શરીર કારણ શરીર છે. એ દેહી અથવા જીવાત્માનું સત્વર શરીર છે અને જન્માંતરમાં તેનું સંગાતી છે. માનસિ-શરીર-છે તે અધો-મનનું છે. તે મરણોત્તર ટકી રહે છે

અને દેવલોકમાંના રૂપ વિભાગમાં દેહી જ્યાં પર્યંત રહે છે ત્યાં પર્યંત રહે છે અને ત્યાર પછી તે છુટી જાય છે.

માનસિ શરીર:—ચિત્‌શક્તિની આ ઉપાધિ દેવલોકના ચાર નિચેના વિભાગની પ્રકૃતિથી થાય છે અને તેથી તે એ ભાગ સાથે સંબંધ ધરાવે છે. વિશેષે કરી એટલી ભૂમિકામાં તે કાર્ય કરે છે, પરંતુ સ્થુળ અને સૂક્ષ્મ ભૂમિકામાં આપણે જેને સામાન્ય રીતે મનનું કાર્ય જાગ્રત્ અવસ્થામાં સમજીયે છીયે તે પણ તેનુંજ કાર્ય છે. જે માણસ આગળ વધેલું હોતુ નથી તેની આ પૃથ્વિપરની જીંદગીમાં એ શરીર સ્વતંત્ર કાર્ય કરનાર થઈ પોતાની ભૂમિકા ઉપર કાંઈ પણ કરવા સમર્થ થતું નથી. એટલે સાધારણ રીતે તેનું કાર્ય થાય છે એવું તેના જાણુવામાં આવે તે પહેલાં તે દ્વારા સ્ફુરતી શક્તિઓ સૂક્ષ્મ અને સ્થૂળ પ્રકૃતિ વેષ્ઠિત થવી જોઇએ. એ માનસિક શરિર દેહીનું વાહન છે અને તે દ્વારા તેની તર્કશક્તિ કાર્ય કરે છે. બાળપણમાં તે એવા માણસના સૂક્ષ્મ શરીરની પેઠે બહુ નિર્બળ હોય છે તેમજ નિરાધાર અને અપૂર્ણ સ્થિતિમાં પણ હોય છે.

માનશિક શરીર જે પ્રકૃતિનું બને છે તે બહુજ બારિક અને ચંચળ છે. આગળ કહેવામાં આવ્યું છે કે સૂક્ષ્મ પ્રકૃતિ સ્થુળ ભૂમિકાના ઇથર-વાયુ કરતાં પણ બહુ ઓછી ઘટ્ટ છે. એવી રીતે આ પ્રકૃતિ સ્થુળ અથવા સૂક્ષ્મ દ્દષ્ટિને પણ અગમ્ય છે એમ સમજી તેની સૂક્ષ્મતા વિચારી લેવાની છે. મનુષ્યની અંતરેન્દ્રિઓને પણ તે ગમ્ય નથી એટલી તે ચંચળ છે. આપણા બ્રહ્માંડમાં નીચેથી ગણુતાં પાંચમી અને ઉપરથી ગણુતાં ત્રીજી ભૂમિકાની આ ભૌતિક પ્રકૃતિ છે એ પ્રકૃતિદ્વારા જીવાત્મા મનરૂપે પ્રવર્તે છે, તેવી રીતે તેનાથી નીચેની પ્રકૃતિદ્વારા જ્ઞાનેંદ્રિ રૂપે પ્રવર્તે છે. માનસિ શરીરનું એક લક્ષણ એવું છે કે તે મનુષ્ય-તેજમાં બાહિર દૃસ્ય છે. તે જેમ જેમ પુરૂપ આગળ વધે છે અને ખીલે છે તેમ તેમ જન્માંતરમાં ચાંચલ્ય તેમજ કદમાં વૃદ્ધિ પામે છે. આ લક્ષણ આપણને બહુ પરિચિત નથી. આટલાન્ટીઅન કાળમાં મનુષ્યનું સ્થુળ જેવડું હતુ તેવડુંજ આજ પર્યંત ચાલ્યું આવે છે, એમ આપણા સમજવામાં છે. પણ સ્થુળ શરીર પ્રત્યેક જન્માંતરમાં જે જાતના લોકામાં અને જે જાતિમાં પેદા થાય છે તે પ્રમાણે બંધાય છે. સૂક્ષ્મ શરીરનાં અવયવો મનુષ્ય જેમ વૃદ્ધિ પામે છે તેમ વધતાં જોવામાં આવે છે. પરંતુ માનસિક-શરીર તો પુરૂપના જ્ઞાનની વૃદ્ધિ પ્રમાણેજ વૃદ્ધિ પામે છે. જો કાઈ જ્ઞાનરહિત મનુષ્યનું અવલોકન કરવામાં આવે તો તેમાં માનસિક શરીર પૂરૂં વર્તાતું પણ નથી. કારણુ કે તે ખીલેલું હોવું નથી એટલે તેને જોવા માટે બહુ

સંભાળ રાખવાની જરૂર પડે છે. આત્મજ્ઞાન વિનાના કોઈ મનુષ્યને જેને બુદ્ધિજ્ઞાન સારી પેઠે પ્રાપ્ત થયું હોય અને જેની મનશક્તિ બહુ પ્રબળ થઈ હોય તેને જો જોવામાં આવશે તો જણાશે કે તેનું માનસિક શરીર ચોકસ રીતે સારી પેઠે ખીલેલું છે અને તેનું અંગ એવું છે કે તે દ્વારા તેનું કાર્ય કરી શકે છે. તે સ્પષ્ટ આકારવાળું જણાય છે. તેની પ્રકૃતિ બહુ સૂક્ષ્મ અને વર્ણ સુંદર હોય છે. તે અત્યંત ત્વરાથી કાર્ય કર્યા કરે છે. જીવનતત્વથી ભરપૂર હોય છે, સંપૂર્ણ રીતે બળવાન દેખાય છે. મનનું પોતાની ભૂમિકામાં આવું દર્શન થાય છે.

ઉપર જે કહેવામાં આવ્યું તેનો સાર એ છે કે તે અતિ સૂક્ષ્મ પ્રકૃતિનું બનેલું છે. તેનું કાર્ય એ છે કે તે દ્વારા દેહી સમજશક્તિ રૂપે પ્રકાશે છે. એ સમજશક્તિ જેમ જેમ જન્માંતરમાં વૃદ્ધિ પામતી જાય છે તેમ તેમ તે પણ વૃદ્ધિ પામતુ જાય છે. અને મનના ગુણ તથા ધર્મ જેમ જેમ વિશેષ સ્પષ્ટતા પ્રાપ્ત કરે છે તેમ તેનું બંધારણ પણ વિશેષ સ્પષ્ટ થાય છે. સૂક્ષ્મ શરીરની પેઠે સ્થુળ તથા સૂક્ષ્મ શરીર સંગાતે કાર્ય કરતાં આકૃતિ અને અંગ તથા અવયવમાં મનુષ્યનું નિરાળું રૂપ તે થતુ નથી. પણ એ બન્ને શરીરમાં તે ઓતપ્રોત થઈ રહે છે. તે આકારમાં ગોળ અંડાકાર દેખાય છે અને એ બન્ને શરીરની આસપાસ વીંટળાઈ રહેલી તેજોમય વાતાવરણ જેવું ભાસે છે. એ કહેવાની ભાગ્યેજ જરૂર છે કે જેમ જેમ મનશક્તિ ખીલે છે તેમ તેમ તે વધતું જાય છે, અને મનની ઉચ્ચ શક્તિઓ ખીલે છે ત્યારે આ અંડાકાર રૂપ અત્યંત સુંદર અને કાન્તિવાન દેખાય છે સૂક્ષ્મ દષ્ટિથી તે દષ્ટિગોચર થતું નથી; પણ દેવલોકનું દર્શન કરનારી દષ્ટિવડેજ તે સ્પષ્ટ જોવાય છે. જેમ સ્થુળ જગતમાં આપણે રહેતાં છતાં સૂક્ષ્મ દષ્ટિ જાગ્રત થઈ હોય નહિ ત્યાં સુધી તે લોક આપણી આસપાસ વિંટળાયલ છે તોપણ આપણે તે જોઈ શકતા નથી તેમ દેવલોક પણ આપણી આસપાસ છતાં જ્યાં સુધી આપણાં એ લોકને જોવાવાળાં ચક્ષુ ખુલ્યાં નથી ત્યાં સુધી સ્થુળ અને સૂક્ષ્મ ચક્ષુ ખુલ્યા છતાં દેવલોકનું દર્શન થઈ શકતું નથી.

માનસિક જગતનો વ્યવહાર કરનારી ઇંદ્રિઓની સૂક્ષ્મતા એટલી બધી છે કે આપણે જે ઇંદ્રિઓ પરિચિત છે તેને જરા પણ તે મળતી નથી. એને ઇંદ્રિઓ કહેવામાં પણ ભૂલ થાય છે એમ કહેવું જોઇએ; તો પણ દિવ્ય ઇંદ્રિઓ કહેશું તો ચાલશે. મન પોતાની ભૂમિકા ઉપર પોતાની સર્વ સૃષ્ટિના સાંચા સમાગમમાં એકદમ આવી જાય છે. દર્શન, શ્રવણ, સ્પર્શ, સ્વાદ, ગંધ ગ્રહણ કરવા કરનારી ભિન્ન ભિન્ન ઇંદ્રિઓ ત્યાં નથી. આ લોકમાં એ સર્વ સંસ્કાર ગ્રહણ

ભિન્ન ભિન્ન ઇંદ્રિઓ આપણે છે પણ ત્યાં તો એ સર્વ સંસ્કારની ગતિ એક સાથે મન ગ્રહણ કરી લેછે એટલે માનસિ શરીર એવા સંસ્કાર ગ્રહણ કરવા શક્તિમાન થયું હોય તો તે સર્વ એક સાથે ગ્રહણ કરે છે અને તેનું એક સાથેજ તેને ભાન થાય છે. એ સંસ્કાર કાંઈ પણ માંહે ગુંચવાડો થયા વિના એક સાથે કેમ ગ્રહણ થઈ શકે છે તેના યથાર્થ ભાવ સમજાવવો એ બહુ કઠિન છે. પરતુ તેના સંબંધમાં એક દૃષ્ટાંત આપીએ. જેમ બે કેળવાયેલા શિષ્યો એ ભૂમિકામાં જઈ અન્યોઅન્ય વ્યવહાર ચલાવે છે ત્યારે મન વિચારને આ લોકમાં જેમ આપણે શબ્દની સંજ્ઞાથી અપૂર્ણ બહાર પાડીયે છીયે તેમ નહિ કરતાં વર્ણ–સ્વર–રૂપ ત્રણે સાથે સ્ફુરે છે એટલે સુવર્ણ મધુર આકૃતિમાં તે વિચાર પૂરેપૂરો દેખાય છે. કાચિત વાચક વર્ગમાંના કોઈના સાંભળવામાં આવ્યું હશે કે પ્રાચિન પુસ્તકો કેટલાક દેવભાષામાં એટલે વર્ણ–ભાષામાં મહાન્ યોગીઓ લખી ગયા છે. આ ભાષા આધુનિક કાળમાં કેટલાક ચેલાઓ જાણે છે. એ ભાષા તેના વર્ણ અને આકૃતિ પરત્વે મૂળ દેવલોકની ભાષામાંથી લીધેલી છે. કારણ કે ત્યાં કોઈ પણ વિચાર સ્ફુરાયમાન થાય એટલે તે પ્રમાણે વર્ણ–આકૃતિ–અને સ્વર ત્રણે સાથે ઉઠે છે. આ ઉપરથી એમ સમજવાનું નથી કે વિચાર કરતાં મનમાં કોઈ વર્ણ અથવા સ્વર અથવા આકૃતિનો વિચાર કરવામાં આવે છે. પરંતુ વિચાર પોતેજ અતિ સૂક્ષ્મ પ્રકૃતિમાં એવી મિશ્ર ગતિ પેદા કરે છે કે તેને લીધે એવી રીતે તે વિચાર પ્રકટ થાય છે. માનસિક સૃષ્ટિની પ્રકૃતિ વારંવાર એવી ગતિથી ચલાયમાન થયા કરે છે અને તેને લીધે વર્ણ, સ્વર, આકૃતિઓ પેદા થાય છે. જો કોઈ મનુષ્ય પોતાની સ્થુળ અને સૂક્ષ્મ ઉપાધિથી મુકત થઈ માત્ર માનસિ ઉપાધિ વડે કાર્ય કરે તો તેને જાણવામાં આવે છે કે ઇંદ્રિયજન્ય જ્ઞાનથી તે અબાધિત થઈ રહેલ છે, અને જે જ્ઞાન પ્રાપ્ત કરવા તેને અન્ય લોકમાં ભિન્ન ભિન્ન ઇંદ્રિઓની આવશ્યકતા જણાતી હતી તેને બદલે આ લોકમાં પ્રત્યેક શરીરનો ભાગ સર્વ પ્રકારના સંસ્કાર સરખી રીતે ગ્રહણ કરી શકે છે.

મનુષ્ય પોતાની સામાન્ય જાગ્રત અવસ્થામાં જ્યારે વિચાર કરે છે ત્યારે પ્રથમ તે માનસિક શરીરમાં પેદા કરવામાં આવે છે ત્યાંથી તે સૂક્ષ્મ શરીરમાં થઈ સ્થુળ શરીરમાં પોતાનું કાર્ય ચલાવે છે. આપણે વિચાર કરીયે છીયે ત્યારે માનસિ શરીરથી વિચાર કરીયે છીયે. એ વિચાર કરનાર જેને "હું" અથવા "અહંકાર" કહેવામાં આવે છે તે છે. એ "અહંકાર" મોહમાત્ર છે, સત્ય નથી તો પણ મનુષ્ય જાતિના મોટા ભાગને જે અહંતા જણાવામાં છે તે તેજ છે. આપણે સ્થુળ શરીરની ચિતુશક્તિ સંબંધી વર્ણન કર્યું ત્યારે

કહેવામાં આવેલું છે કે સ્થુળ શરીરમાં કેટલાંક એવાં પણ કાર્ય થાય છે કે જેની તેને ખબર રહેતી નથી; કેટલાંક કાર્ય તેને સ્વાધિન પણ નથી; શરીરની જુદી જુદી સૂક્ષ્મ નલિકાઓ વિચાર ચલાવે છે તેનો તેને વિચાર પણ નથી આવતો, અને એકંદરે જોઇયે તો આખા શરીરમાં જે કાંઈ થાય છે તે સર્વનું તે શરીરને સંપૂર્ણ ભાન થતું નથી. પરંતુ માનસિક શરીરનું તેમ નથી. એ શરીર મનુષ્યની સાથે સમગ્ર રીતે ઐક્યતા ધરાવે છે કે તેની ભૂમિકા એજ ખરી મનુષ્યની ભૂમિકા છે. ત્યાં તે પોતાનું સ્વરૂપ સમજે છે. "હું જાણું છઉં" "હું વિચારૂં છઉં" ઈત્યાદિ અહંતા ત્યાં તે સમજે છે. તેનાથી આગળ કાંઈ પછી સમજાય પણ નહિ. માનસિક શરીરમાં મન એજ જીવાત્માનું રૂપ છે અને જેને આપણે ઘણે ભાગે જાણવા ઈચ્છા કરીયે છીયે તે તેજ છે. જાગ્રત અવસ્થાના જ્ઞાન માટે આ ખરી વાત છે, પરંતુ જેઓ એની શોધમાં પડેલા છે તેઓ તો સમજે છે કે સૂક્ષ્મ શરીરની ઇંદ્રિયોથી પ્રાપ્ત થતું જ્ઞાન જેમ આગળ જવાનું એક પગથીયું છે તેમ આ અવસ્થા પણ એક પગથીયું છે, અને જેઓ એથી આગળ વધેલા છે તેઓ તો જાણે પણ છે કે એ મન મૂળ જીવાત્માનું એક માત્ર સાધન છે, પરંતુ આપણે ઘણે ભાગે વિચાર કરતાં એ જીવાત્માને માનસિ શરીરથી ભિન્ન સમજી શકતા નથી કારણ કે ઘણામાં ઘણો જે જાણી શકાય છે. ઘણામાં ઘણે જ્યાં પહોંચી શકાય છે, ઘણામાં ઘણો જ પ્રકટ થઇ શકે છે અને મોટામાં મોટું જ સાધન જાણી શકાય છે તે એ મન છે. મનુષ્ય વ્યક્તિમાં સ્વાભાવિક રીતે એમજ થવું જોઇયે. એ પણ કહેવું જરૂરનું છે. કારણ કે અત્યારે જે દરજ્જે મનુષ્ય પોહોંચેલ છે તેમાં એ મન આ શરીરને ચંચળ કરે છે અને તેની પાસે કાર્ય કરાવે છે. પુરાણા કાળમાં ચિત્તશક્તિની ઉપાધિ થઈ તેણે સ્થુળ શરીરને જાગ્રત કર્યું એટલે વર્તમાન કાળમાં તેનો એ ઉપયોગ કરે તેમાં કાંઈ નવાઈ નહિ. હાલની મનુષ્ય જાતનાં પછાત પડી ગયેલાં માણસોમાં સૂક્ષ્મ શરીરને તે જાગ્રત રાખે છે, પણ ઘણા મોટા ભાગમાં તો એ પણ પૂરેપૂરૂં થાય છે એમ કહેવાય નહિ. હાલની પાંચમી પંક્તિની મનુષ્ય જાતિમાં માનસિ શરીર પ્રત્યે તેનું કાર્ય ચાલે છે તેથી મનુષ્ય માત્રે હવે જે કરવાનું છે તે એજ છે કે એ શરીરના બંધારણ અને ખીલવવા માટે મથન કરવું.

આટલું કહ્યું ત્યારે તત્કાળ આપણને એ વિચાર થાય છે કે એ શરીરના બંધારણ અને ખીલવવા માટે શું કરવું? તે માટે એ ધ્યાનમાં રાખવાનું છે કે એ શરીર વિચારવડે ખીલે છે. આપણા માનસિ શરીરની મુખ્ય સામગ્રી આપણા વિચાર છે. અહર્નિશ આપણે આપણા જીવિતકાળ પર્યંત આપણી

મનોવૃત્તિના કાર્યથી, આપણી સમજશક્તિ ખીલવવાથી, અને ઉચ્ચ મનોવિકારથી આપણે આપણું માનસિ-શરીર બાંધીયે છીયે વિચાર પરત્વે જોતાં જો આપણે આપણી મનોવૃત્તિ કેવળ શાન્ત રાખીયે તો આપણે ઉત્પાદક નહિ થતાં માત્ર ગ્રાહક થઇયે છીયે. જો અંદરથી કાંઇ પણ કાર્ય કર્યા વિના બહારથી જે આવે તે ગ્રહણજ કર્યા કરીયે અને સર્વદા અન્ય જનોના વિચારજ આપણામાં પ્રવેશ કર્યા કરે એટલુંજ માત્ર જીવિતમાં વિચાર-શક્તિ અને વિચારનું ભાન રહે તો જન્મના જન્મ વ્યતિત થાય તો પણ માનસિ શરીરની વૃદ્ધિ થવાની નથી. એ તો આવ્યા તેવા ગયા અને ગયા તેવા આવ્યા એટલું જ થવાનું. કારણ કે જન્માંતર થયા તો પણ જરા પણ ખીલ્યાં નહિ. મનુષ્યની ખરેખર વૃદ્ધિ અને માનસિ શરીરનું ખીલવું મનને કેળવવાથી, તેની પાસે કાર્ય કરાવવાથી, તેની શક્તિ ઉત્પાદક માર્ગે દોરવાથી અને સર્વદા કામે લગાડ્યા કરવાથી જ થઇ શકે છે.

આ વાત જેવી યથાર્થ સમજવામાં આવી કે તત્કાળ આપણી દિનચર્યામાં આપણે જે વૃત્તિ સામાન્ય રીતે થાય છે તેનું વલણ ઘણું કરી આપણે ફેરવવા મન થવા લાગે છે. તેના કાર્ય ઉપર આપણે ધ્યાન આપ્યા કરવા માંડીશું. આમ કરવા માંડ્યું એટલે આપણને લાગશે કે આપણે જે વિચારો કરીયે છીયે તેમાંના ઘણાખરા આપણા પોતાના નથી પણ અન્યના ગ્રહણ કરેલા છે. એ વિચાર આપણી પાસે ક્યાંથી આવે છે. તેની આપણને ખબર પડતી નથી. એ પાછા ક્યાં ચાલ્યા જાય છે તેની પણ આપણને ખબર રહેતી નથી. અને વખતે ખેદયુક્ત અને નિરાશ થઈ જવાય છે કે આપણું મન ખીલવાને બદલે વિચારોને આવવા જવાનું એક સ્થાન થયેલું છે. આપણને જે જ્ઞાન થયેલું છે તેમાંનું આપણું પોતાનું ઉત્પન્ન કરેલું કેટલું છે, અને બહારથી લીધેલું કેટલું છે તેની તપાસ કરી જોવી. દિવસમાં કોઈ કોઈ વાર મન સ્થિર કરી જોવું કે શું શું વિચાર થયે જાય છે. આમ અવલોકન કરતાં ઘણીવાર તો એમ જ નિકળી આવશે કે કાંઈ વિચાર ચાલતો જ નહિ હતો. કેમકે સાધારણ રીતે એમ જ હોય છે. અથવા કદાપિ કાંઈ વિચાર ચાલતા હોય તો પણ તે એવા અસંબંધ હોય છે કે આપણા મન ઉપર તેઓનો સંસ્કાર બહુ જુજ રહે છે. આવી રીતે માત્ર ઘણીવાર અવલોકન કરવાથી જ આપણે પ્રથમ કરતાં વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરીયે છીયે. ત્યાર પછી મનમાં જે જે વિચારો આવે તે ઉપર ધ્યાન આપતા જવું અને જ્યારે તે મનમાં પ્રથમ આવ્યા ત્યારે અને મનમાંથી બહાર ગયા ત્યારે કેટલો ફેર પડ્યો અને તેટલી મુદતમાં એ વિચારમાં આપણે કેટલો વધારો કર્યો એ જોવું. એમ કરતાં કરતાં મનનું ખરૂં ચાંચલ્ય વૃદ્ધિ

પામે છે અને તેની ઉત્પાદક શક્તિનો ઉપયોગ કરતાં તે શીખે છે. પ્રથમ તો જે વિચાર મનમાં રહેવા દેવા યોગ્ય છે તેની પસંદગી કરવી એટલે જ્યારે કોઈ સારો વિચાર મનમાં આવે કે તેના ઉપર મનન કરવાનું મન કરવું, તેનું પોષણ કરવા માંડવું, તેને બળવાન કરવું. પ્રથમ આવ્યો ત્યારે તેની સ્થિતિ હતી તે કરતાં વિશેષતા કરવી અને સૂક્ષ્મ ભૂમિકામાં તે હિતકારક થાય તેવી રીતે તેને વિદાય કરવું, પણ મનમાં કોઈ દુષ્ટ વિચાર દાખલ થઈ જાય તો સત્વર તેને કાઢવાની ઇચ્છા કરવી. આવી રીતે સારા અને ઉપયોગી વિચારના સત્કાર થવા માંડે છે અને દુષ્ટ વિચારનો તિરસ્કાર થવા માંડે છે એટલે પરિણામે બહારથી પણ વધારે વધારે સારા વિચાર આપણા પ્રત્યે આગમન કરે છે અને દુષ્ટ વિચારનું આગમન ઓછું થતું જાય છે. એમ થતાં થતાં મન જ્યારે સારા અને ઉપયોગી વિચારોથી ભરપૂર થાય છે ત્યારે તે એક લોહચુંબકની પેઠે આસપાસ જ્યાં જ્યાં સારા વિચારો હોય છે તેને પોતાની પ્રત્યે આકર્ષે છે અને દુષ્ટ વિચારોનો પ્રવેશ પણ થવા દેવામાં આવતો નથી એટલે તેવો કોઈ વિચાર કદાપિ સમિપ આવે તો પણ મન પોતાની મેળે તેને સામો ધક્કો મારે છે આટલે અંશે થવા માંડયું એટલે માનસિ-શરીર પણ તેવી જ ટેવ ગ્રહણ કરે છે અને આસપાસની ભૂમિકામાંથી સદ્‌વિચારનું આકર્ષણ કરે છે તથા દુષ્ટ વિચારને હડાવ્યા કરે છે. સારા વિચારને લઈ તેને પોષે છે અને વિશેષ ચંચળ કરે છે એવી રીતે માનસિ સામગ્રિમાં સદા વૃદ્ધિ કરે છે એટલે પોતાની વૃદ્ધિ થતી જાય છે અને વર્ષોવર્ષ પોતે માતબર થાય છે. જ્યારે સ્થુળ તથા સૂક્ષ્મ શરીર છેવટ છોડી જીવાત્મા ચાલી નિકળે છે ત્યારે માનસિ સૃષ્ટિમાં પ્રવેશ કરતાં જે સવ સામગ્રિનો આંહી સંગ્રહ કર્યો હોય છે તે સાથે લઈ જાય છે. જ્ઞાનનો સર્વ સંગ્રહ વાસ્તવિક રીતે જે ભૂમિકાને લગતો છે ત્યાં તે લઈ જાય છે અને તે સંગ્રહ કરેલી સામગ્રી દેવલોકમાં રહી શક્તિ વૃત્તિઓ તૈયાર કરવા ઉપયોગમાં લેછે.

દેવલોકમાં નિવાસ કરવાનો કાળ પુરો થાય છે ત્યારે માનસિ-શરીર પોતે તૈયાર કરેલ લક્ષણો કારણ શરીર-જે જન્માંતરમાં એકનું એક જ રહે છે-તેને આપે છે એટલે ભવિષ્યમાં થનાર જન્મમાં તે કામ લાગે છે. એ લક્ષણો જ્યારે દેહી માનસિ લોકની રૂપભૂમિકામાં થઈ આવે છે ત્યારે ત્યાંની પ્રકૃતિનું પડ ચઢાવી લેછે એટલે આ લોકમાં આવે છે ત્યારે માનસિ શરીર પૂર્વના જન્મ કરતાં વધારે સારા બંધારવાળું અને વધારે ખીલેલું હોય છે અને તેને લીધે એ લક્ષણો તે વખતે સૂક્ષ્મ અને સ્થુળ શરીરદ્વારા જ્યારથી બાળક જન્મ પામે છે ત્યારથી જ અંતરગત શક્તિઓ હોય તેમ ભાસે છે. આપણા વર્તમાન શરીરથી ઉપર ક-

લેવામાં આવી ગયું છે તેમ આપણે સામગ્રીનો સંગ્રહ કરીયે છીયે. પછી દેવલોકમાં તેને કામમાં લેવામાં આવે છે એટલે વિચારના પ્રથક પ્રથક શ્રમથી છુટી છવાઈ હોય છે તે મન–શક્તિ રૂપે એકત્ર થાય છે અને મન–શક્તિ અને તેનાં કાર્ય રૂપે પ્રદર્શિત થાય છે. દેવલોકમાંજ આ મોટો ફેરફાર કરવાની તક છે. પરંતુ તેનો સઘળો આધાર આપણે આપણી હાલની જીંદગી જેવી રીતે ગાળીએ તેના ઉપર છે માટે હાલ જેટલો બને તેટલો શ્રમ કરી સારો સંગ્રહ કરવા ચુકવું નહિ જોઇયે. આ કાળમાં આપણા માનસિ–શરીરનાં કાર્ય ઉપર ભવિષ્યના જન્મના માનસિ–શરીરનો આધાર છે એમ જો નિશ્ચય થાય તો પછી દેહીને ખીલવવા માટે વર્તમાન માનસિ–શરીરનો સદ્ ઉપયોગ કરવો એ કેટલું અગત્યનું છે તે સહજ સમજી શકાય તેમ છે. દેવલોકમાં કાર્ય કરવાનું છે તે પણ તેના ઉપર આધાર રાખે છે એટલે જો તેનો યથાર્થ ઉપયોગ આંહી કરવામાં આવે નહિ તો પૂનર્જન્મમાં મન–શક્તિ પણ વધવાની આશા રાખવી નહિ. આપણે પ્રત્યેક જન્મને પ્રથક પ્રથક કરી વિચારવાનું નથી તેમ મૂળમાં કાંઈ પણ હતું નહિ અને ચમત્કારથી થઈ આવ્યું એમ પણ બનતું નથી. જેવું વાવવું તેવું લણવું એ કર્મનો નિયમ છે એટલે શ્રમ કર્તા જેવી ખેડ કરે અને જેવું બિજ વાવે તે પ્રમાણે ઓછું વધતું અને સારૂં નરસું લણવાનું મળશે.

ઉપર માનસિ–શરીરની સ્વચેષ્ટિત ક્રિયા વિષે કહેલું છે તેની વધારે સારી સમજ પડવા માટે તેના બંધારણમાં જે સામગ્રીનો તે ઉપયોગ કરે છે તે ધ્યાનમાં લેવાની છે. મનુષ્યનું મન છે તે તેના મૂળ સ્વભાવમાં બ્રહ્માંડના મનને મળતું છે. એટલે તેના સ્થુળ ભાવમાં જે સામગ્રીનો તે ભંડાર છે તેમાંથી આ મન પણ પોતાને માટે સામગ્રી ઉપાડે છે, અને તેમાંથી જેવી જુદી જુદી મેલવણી કરે છે તે પ્રમાણે જુદી જુદી શક્તિ અને જુદા જુદા ગુણ બતાવનાર ગતિ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે માનસિ–શરીર પોતાની પરંપરાથી ચાલતી આવેલી મેળવણીને અનુકુળ સામગ્રી મુખ્ય ભંડારમાંથી લીધે જાય છે. કારણ કે એ શરીરને પણ સ્થુળ શરીરની પેઠે વારંવાર રજકણો કાઢવા લેવાની જરૂર પડે છે એટલે જેવાં રજકણ નિકળી જાય છે તેવાં પાછાં દાખલ થાય છે. પરંતુ કોઈ માણસની દુષ્ટ વૃત્તિઓ હોય અને તેને નિર્મૂળ કરવા તેની ઈચ્છા થાય ત્યારે તે કાર્ય સાધવા માટે તેને નવિન મેળવણી કરવી પડે છે એટલે નવિન ગતિ આપવી પડે છે. પણ માનસિ–શરીર તો પૂર્વની વૃત્તિને અનુકુળ ગતિ ચલાવવા તત્પર રહ્યા કરે છે તેથી ફેરફારની સામે અટકાવ કરે છે એટલે માંહોમાંહે વિગ્રહ થાય છે અને તેથી દુઃખ થાય છે.

પણ ધીમે ધીમે જેમ જેમ જુનાં રજકણો નિકળી જતાં જાય છે અને નવાં આવતાં જાય છે તેમ તેમ નવિન ગતિ પ્રાપ્ત થવામાં અનુકુળતા થતી જાય છે અને આગળ ચાલતાં તો તે ગતિના આકર્ષણને લીધેજ એવાં રજકણ ધસડાઈ આવે છે. માનસિ-શરીરનાં લક્ષણમાં ફેરફાર થઈ જાય છે અર્થાત તેના બંધારણની સામગ્રી માત્ર ફરી જાય છે. એથી કરી તેની ગતિ દુષ્ટ વિચારોને વિરોધ કર્ત્તા થાય છે અને સદ્‌વિચારને આકર્ષક થાય છે. પ્રથમારંભમાં જે કોઈ આ માર્ગે પ્રયાસ કરે છે તેને બહુ કઠિન કામ ભાસે છે તેનું કારણ એ છે, કેમકે મનનાં પૂર્વના વિચાર રૂપો સામા થાય છે અને યુદ્ધ કરે છે. માટે જેમ જેમ એ જુનાં રૂપો ખસતાં જાય છે તેમ તેમ સદ્‌વિચારો પણ સરલતાથી આવવા માંડે છે અને અંતે એ નવિન ટેવ પાડવાથી જે આપોઆપ એવા વિચાર આવે જાય છે તેનો આનંદ અનુભવવામાં આવે છે.

માનસિ-શરીરને ખીલવવાનો બીજો રસ્તો મનને એકાગ્ર કરવાની ટેવ પાડવાનો છે. કોઈ પણ એક બિંદુ ઉપર મન સ્થિત કરી ત્યાં તેને બરાબર ટકાવી રાખવું અને ત્યાંથી જરા પણ ફરવા ચલાયમાન થવા દેવું નહિ. બરાબર અનુક્રમથી અને સ્થિરતાથી વિચાર કરવાની ટેવ પાડવી. ક્ષણ ક્ષણમાં મનને ભિન્ન ભિન્ન વિષય પ્રત્યે દોડવા દેવું નહિ, અને નિર્થક ઘણા વિચારો કરવામાં તેની શક્તિનો વ્યય થવા દેવો નહિ. કોઈ પણ વિચારની પરંપરા ઉપર ઘણો કાળ વ્યતિત કરવાની ટેવ પાડવી એ સારૂં છે. એટલે કે એક વિચારમાંથી પોતાથીજ બીજો વિચાર આવી જાય છે. આમ કરવાથી ક્રમે ક્રમે અક્કલ ખીલે છે, વિચાર ક્રમાનુસાર આવે જાય છે અને તર્કના નિયમ પ્રમાણે કાર્ય થાય છે. વળી એવી રીતે મનનું કાર્ય થવાથી વિચારો નિયમસર અને ચોકસ ધોરણ પ્રમાણે આવ્યા કરે છે એટલે તે માનસિ સૃષ્ટિમાં દેહીના કાર્યનું બળવાન સાધન થતું જાય છે. અંતે સ્પષ્ટ આકૃતિવાળા અને ચોકસ થયેલા અને માનસિ-શરીરમાં ક્રમ પ્રમાણે અને એકાગ્રતાથી વિચાર કરવાની શક્તિ ખીલેલી જોવામાં આવશે. તેમજ તેવું શરીર ત્વરાથી વિશેષ ખીલતું જશે, દઢતાવાળું અને ઘડાબંધ થતું જશે. એટલે જે શ્રમ કરવામાં આવ્યો હશે તેનો સારી રીતે બદલો એ રીતે મળતો જોવામાં આવશે.

કારણ શરીર—માનસિ-શરીરનો બીજો વિભાગ જે કારણ શરીરના વિશેષ નામથી જણાયેલ છે તેનું વિવેચન હવે કરવાનું છે. તેને એ નામ આપવાનો હેતુ એ છે કે તેમાં સર્વ કારણો સ્થિત થાય છે, અને નીચેની ભૂમિકામાં કાર્યરૂપે તે પ્રદર્શિત થાય છે. એ શરીર મનનું શરીર છે. જીવાત્મા અથવા દેહીનું દશ્ય રૂપ છે. મનુષ્ય માત્રનો તે એક ભંડાર છે તેમાં તે સર્વ

ખજાનો નિરંતર માટે સંગ્રહ કરી રાખે છે. નિચેના વિભાગમાંથી જેમ જેમ વિશેષ યોગ્ય સામગ્રી મળતી જાય છે, તેમ તેમ તે વૃદ્ધિ પામતું જાય છે. કારણ શરીર એવા પ્રકારનું છે કે જે સદંતર સ્થિત થવાનું હોય તેજ તેમાં દાખલ થઈ શકે છે. તેમાં સર્વ ગુણનાં બિજ રહે છે અને તે જન્માંતરમાં સાથે જાય છે. એટલે નિચેની ભૂમિકાઓમાં જે કાંઈ સ્ફુરાયમાન થાય છે તે સર્વેનો આધાર એના ખીલવા અને એની વૃદ્ધિ ઉપર છે કેમકે તેને અંત છેજ નહિ.

ઉપર એમ કહેવામાં આવ્યું કે કારણ શરીર જીવાત્માનું દશ્ય રૂપ છે, એટલે જ્યાં પર્યંત તે શરીર બંધાય નહિ ત્યાં પર્યંત દેહી છેજ નહિ. સ્થુળ અને આકાશિક ખોળીઆં તેને માટે તૈયાર થયાં હોય અને સૂક્ષ્મ શરીરમાં કામ–રૂપ થવા માટે વૃત્તિઓ, વિકારો, વાસનાઓ ધીમે ધીમે એકઠી થયે જાય; પરંતુ જ્યાં સુધી સ્થુળ તથા સૂક્ષ્મ ભૂમિકા ઉપર જોઇયે તેટલી સંપૂર્ણતા થાય નહિ અને એ બન્ને ખીલેલાં શરીરમાં માનસિ ભૂમિકાની પ્રકૃતિનો ઉદ્દભવ પ્રદર્શિત થાય નહિ ત્યાં સુધી દેહી તેમાં વર્તમાન છે એમ કહી શકાય નહિ. આત્મા–બુદ્ધિ જે વૃદ્ધિ પામતા. દેહીનું સર્વદા સેવન કર્યા કરે છે તેના મહાસાગરમાંથી જીવાત્મા જ્યારે પોતાનું માનસિ ભૂમિકામાંથી ખોળીયું તૈયાર કરવા માંડે છે અને ધીમે ધીમે ખિલવા માંડે છે ત્યારે તેના ઉપર સિંચન થાય છે. જાણે તેની ઉર્ધ્વ વૃદ્ધિ થતા અને ખિલતાં મનને સામું આવી મળતાં હોય એમ બને છે. એવી રીતે તેઓનું સંયોજન થાય છે. મનને ફળદ્રુપ કરે છે અને તેમાંથી કારણ શરીર જે નિરંતરનો દેહી ગણાય છે તે પ્રકટ થાય છે. એ ઉચ્ચ ભૂમિકાનું જેઓ દર્શન કરવા સમર્થ થયા છે તેઓ કહે છે કે મનુષ્યનું એ રૂપ–શરીર સૂક્ષ્મતમ પ્રકૃતિનું જાણે બારિક પડ હોય એવું દેખાય છે. માંડ દશ્ય થાય છે, અને ત્યારથી મનુષ્યનું પ્રથક્ જીવિત આરંભાય છે એમ જણાય છે. એ વર્ણરહિત અને બારિક પડ ઉપર કહ્યું તેમ એક શરીર છે અને તે જ્યાં પર્યંત એમાંનો દેહી સંપૂર્ણ વિકાસિ રહે છે ત્યાં પર્યંત એકનું એકજ ચાલ્યાં કરે છે. એ સૂત્રમાં સર્વ જન્મો પરોવાયેલા છે. જન્માંતરમાં પર્યટણ કરનાર તે સૂત્રાત્મા છે. બ્રહ્માંડના નિયમાનુસાર જે કાંઈ ગ્રહણ કરવાનું છે તેનો ગ્રાહક તે છે. માત્ર જેટલું ઉચ્ચ અને એકાતાનતાવાળું છે તેનેજ તે ગ્રહણ કરે છે તેથી તે સર્વદા ટકી રહે છે. દેહી કેટલે અંશે ખિલેલો છે અને કેટલો આગળ વધેલો છે એ તેના ઉપરથી નિશ્ચય થાય છે. પ્રત્યેક મહાન ઉચ્ચ વિચાર અને પ્રત્યેક પવિત્ર ઉચ્ચ ઉર્મિઓ ત્યાં પોહોંચે છે અને તેની સામગ્રી થઈ તેમાં મળી જાય છે.

આપણે કોઈ પણ સાધારણ માણસની જીંદગી લઇએ અને તેને જોઇયે કે તેમાંથી કેટલું કારણ શરીરના બંધારણ માટે ઉપયોગી થઈ શકે છે. એ કારણ શરીર એક બારિક પડ માત્ર છે એમ આ વખત કલ્પના કરવી. હવે તેને મજબુત કરવું છે, તેને સુંદર રંગ આણવાનો છે, જીવન લાવી ચંચળ કરવાનું છે, તેને પ્રકાશિત તથા કાન્તિવાન કરવાનું છે, અને જેમ તેમાંનો દેહી વૃદ્ધિ પામે છે તેમ તેમ તે પણ વધે છે. તેથી તેને વૃદ્ધિ પમાડવાનું છે. જ્યાં સુધી તે બહુ થોડે અંશે ખીલેલ હોય છે ત્યાં સુધી તેનામાં મનોવૃત્તિ બહુ પ્રદર્શિત થતી નથી પણ માત્ર કામવિકારો અને તૃષ્ણા જોવામાં આવે છે. તેને વિકારોની અસર થાય છે અને તે ભોગવવા તત્પર થાય છે. તેનું સઘળું વલણ તે પ્રત્યે થયા કરે છે. તે વખતે એવું દેખાય છે કે જાણે અંતર્યામીએ પોતાની કોમળ પ્રકૃતિમાંથી થોડો ભાગ બહાર કાઢી નાંખેલો છે અને તેની આસપાસ માનસિ શરીર બંધાતું જાય છે. એ માનસિ શરીર સૂક્ષ્મ ભૂમિકામાં વધી સૂક્ષ્મ શરીર સાથે સંબંધ બાંધે છે અને એ સંયોજનથી એક સેતુ બંધાય છે તે ઉપર થઈ જે કાંઈ ઉપર જવા યોગ્ય હોય છે તે પસાર થઈ શકે છે. દેહી પોતાના વિચારો આ સેતુદ્વારા સૂક્ષ્મ ભૂમિકામાં મોકલે છે ત્યાં તે ઇંદ્રિયજન્ય વૃત્તિ, કામવિકાર, પશુવૃત્તિ ઇત્યાદિ સાથે મળી જાય છે અને માનસિ શરીર સૂક્ષ્મ શરીર સાથે ગુંચાઈ પડે છે. એટલે એક બીજાને વળગી રહે છે અને મરણ સમયે પણ તેને છુટાં પાડવાં મુશ્કેલ છે. પણ જો પુરૂષ આ સંસારમાં સ્વાર્થરહિત વિચારો કરે છે અથવા કોઈ અન્યની પ્રત્યે પોતાનો પ્રેમ હોય તેનું શ્રેય કરવા વિચાર કરે છે, અને એ અન્ય જનના કલ્યાણ અર્થે કાંઇ ભોગ આપે છે તો તેણે કાંઇક એવું ઉત્પન્ન કર્યું ગણાય કે જે કાલાંતરમાં ટકી રહેશે, જેનો ક્ષય થવાનો નહિ અને જે તેના સ્વભાવને લઈ ઉચ્ચ લોકમાં જઈ શકશે. એવી વસ્તુ કારણ શરીર પર્યંત પોહોંચી શકે છે, તેની સામગ્રીમાં એકમેક થઈ શકે છે અને તેને વધારે સુંદર બનાવે છે તથા તેના રંગમાં પ્રથમજ આવે સમયે વધારો જોવામાં આવે છે. મનુષ્યની આખી જીંદગીમાં આવાં કાળાંતરમાં ટકી રહે એવા બનાવ ઘણું કરી બહુ થોડા બને છે એટલે દેહીની વૃદ્ધિમાં પોષણ કર્તા થાય એવા બહુજ થોડા નિકળી આવે છે એથી કરી વૃદ્ધિ બહુ મંદ થાય છે. બાકીના જીંદગીના બનાવ તો તેને કાંઈ કામ આવતા નથી, તેના દુષ્ટ વિચારો જે અજ્ઞાનથી પેદા થયેલા હોય છે અને તેને દ્રઢિભૂત કરવામાં આવે છે તેનાં બિજ તો જ્યારે તેઓનું નિવાસસ્થાન સૂક્ષ્મ શરીર સૂક્ષ્મ ભૂમિકામાં લય પામી જાય છે ત્યારે અંતર્ સ્થિત થઈ ગુપ્તપણે માનસિ શરીરમાં રહે છે

કારણ કે દેવલોકમાં તો તેને સ્ફુરાયમાન થવા અનુકુળ સાધન મળતાં નથી. માનસિ શરીર જ્યારે લય પામે છે ત્યારે કારણ શરીરમાં તેઓ જાય છે અને ત્યાં પણ ગુપ્ત રીતે શુન્યકાર થઈ રહે છે. પુનરપિ જ્યારે જીવાત્મા આ દુનિઆમાં અવતરવા નિકળે છે ત્યારે સૂક્ષ્મ ભૂમિકામાં આવતાં વાર તે પ્રકૃટ થાય છે અને પૂર્વ જન્માંતરની દુષ્ટ વૃત્તિઓ પાછી પ્રદર્શિત થાય છે. એ રીતે જોતાં કારણ શરીર સદ્વૃત્તિ તેમજ દુષ્ટ વૃત્તિનો ભંડાર છે અને નીચેની ઉપાધિઓ લય પામ્યા પછી તેજ શેષ રહે છે. પણ તેઓમાંથી જે કાંઈ સારૂં છે તે તેમાં એક એક થઈ તેની વૃદ્ધિમાં સહાય કર્ત્તા થાય છે અને દુષ્ટ છે તે તેમાંથી નિચેના એક અપવાદ વિના સર્વ બિજરૂપે રહે છે.

કોઈ પણ દુષ્ટ વિચારને અમલમાં લાવી માણુસ દુષ્ટ કર્મ કરે છે તે ભવિષ્યમાં થવાના પાપ અને શોકના બિજરૂપે ગુપ્ત પડી રહેનાર દુષ્ટ વિચાર કરતાં કારણ શરીરને વિશેષ હાનિકારક થાય છે. પુરૂષને વૃદ્ધિ પામવામાં તે સહાય કર્તા થાય નહિ એ તો વાત એક પડખે રહી; પરંતુ જો તે દુષ્ટતા નિરંતર થયે જતી હોય અને સૂક્ષ્મ હોય તો ઉલટી તેની મૂળ કમાણીમાંથી પણ કાંઈક ખેંચી જાય છે કોઈ દુર્ગુણ વારંવાર અનુસરવામાં આવ્યા કરે અને દુષ્ટતા પણ એવી રીતે થયા કરે તો માનસિ શરીર સૂક્ષ્મ શરીર સાથે એવું ફસાઈ પડે છે કે મરણોત્તર પણ પૂરેપૂરૂં તેમાંથી છુટું થઈ શકતું નથી અને તેની મૂળ સામગ્રીમાંથી પણ કાંઈક તેમાં રહી જાય છે. એથી કરી જ્યારે સૂક્ષ્મ શરીર લય પામે છે ત્યારે તેમાં ચોંટી રહેલો ભાગ માનસિ પ્રકૃતિમાં જઈ વિખરાઈ જાય છે અને દેહીને એટલી હાનિ પોહોંચે છે. આવી રીતે આપણા બારીક પડવાળા શરીરનો વિચાર કરીયે તો તે દુષ્ટ વર્તનથી કેટલેક અંશે વિશેષ પાતળું થઈ જાય છે એટલે તે આગળ વધવા પામતું નથી. એટલુંજ નહિ પણ તેની એવી સ્થિતિ થઈ જાય છે કે તે બીજીવાર ગ્રહણ કરવાને અને તેને પોતામાં એકમેક કરવાને પણ મુસ્કેલ થઈ પડે છે. એ પડની જાણે વૃદ્ધિ પામવાની યોગ્યતા ન્યુન થઇ ગઇ હોય અથવા તેની એ શક્તિ બહેર મારી ગઇ હોય એવું થઇ જાય છે. આ કરતાં વિશેષ હાનિ સામાન્ય રીતે કારણ શરીરને થતી નથી.

હવે જ્યાં દેહીની સમજશક્તિ અને ઇચ્છાશક્તિ બળવાન થયેલ હોય છે પણ પરોપકારબુદ્ધિ અને પ્રેમભાવના વૃદ્ધિ પામ્યાં નથી; જ્યાં માત્ર 'અહં' ના લાભ માટે સર્વ પ્રકારે શ્રમ થયા કરે છે અને સર્વાત્મભાવનો વિચારજ નથી આવતો એટલે સ્વાર્થના બિંદુની આસપાસ સર્વ સંગ્રહ કરી દેહીને લઘુતા પમાડવામાં આવે છે અને તેની વૃદ્ધિ થતી નથી ત્યાં દેહીની દશા

ઘણુંખરાં ધર્મ પુસ્તકોમાં વર્ણવેલી છે તેવી થાય છે. તેની દશા બહુ ભયંકર અને દુષ્ટ થાય છે. દેહી સમજીને પાપકર્મ કરે છે અને ઇચ્છાપૂર્વક વૃદ્ધિ પામતાં અટકાવે છે. એવા મનુષ્યના કારણ શરીરમાં .માનસિ ભૂમિકાપર સમજ અને ઇચ્છાશક્તિનું અતિ ચાંચલ્ય હોવાથી અને તે પણ માત્ર સ્વાર્થ સાધવા માટેજ હોવાથી તેનો સંકોચ થાય છે તથા તેમાં શ્યામવર્ણ પ્રદર્શિત થાય છે અને તેના મૂળ ગુણને લીધે જે ઝંખવાવી નાંખે તેવી તેજોમયતા હોય છે તે નાશ પામે છે. સામાન્ય મનોવિકાર અને માનસિક ભૂલો થાય છે તેથી અથવા જે દેહી હજી પૂરા ખીલેલા નથી તેનાથી આટલે અંશે હાનિ થાતી નથી. કારણ કે તેમાં તો માનસિ ભૂમિકાપર કાર્ય કરવા માટે બળવાન શક્તિઓની આવશ્યકતા છે તેથી જે દેહી સારી રીતે ખીલેલ હોય છે તેનાથીજ એવું થાય છે. એથી કરી માત્ર સ્વાર્થ માટે સઘળી સમજ ચલાવી તથા લોભ, મદ ઇત્યાદિ રાખવાં તેમાં ભય સમાયેલ છે, અને તેનાં પરિણામ એટલાં બધાં ઘાતક થાય છે. નીચેની વૃતિઓથી થતી ભૂલો એટલી હાનિ કર્તા નથી. અર્થાત સામાન્ય પાપકર્મ કરનાર અથવા દુરાચારિ મનુષ્યો કરતાં સમજીને દુષ્ટ વર્તન કરનાર ઈશ્વરના ધામથી વધારે દૂર છે. એ પ્રકારનાં મનુષ્યોમાં વામમાર્ગી ઉપાસકો હોય છે. તેઓ વૃત્તિઓ અને કામના વશ કરી ઇચ્છાશક્તિ પ્રબળ કરી આગળ વધે છે અને અન્ય સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરે છે. પણ તેનો ઉપયોગ સામાન્ય મનુષ્ય જાતની વૃદ્ધિ માટે કરવા આનંદથી બહાર પડતા નથી; પરંતુ તેનો બીજાઓને લાભ આપવા કરતાં પોતાના સ્વાર્થ માટે મુંકી બાંધી રાખવામાં વધારે આનંદ માને છે. તેઓ અવિભક્ત કરતાં વિભક્તપણું રાખવા મથન કરે છે અને વૃદ્ધિ કરતાં હાનિ કરવાનું તેઓનું પ્રયત્ન હોય છે. તેથી તેઓ સમસ્ત જગત્ સાથે અનુકુળતાથી નહિ પણ પ્રતિકુળતાથી વર્તે છે. એથી કરી તેવા જીવાત્મા વિખુટા પડી જવાનો ભય છે એટલે વૃદ્ધિનો લાભ સર્વ નાશ પામે છે.

આપણે જ્યારે એ કારણ શરીર વિશે કાંઇક સમજ ધરાવા માંડી છે તો આપણે આ જીંદગીમાં દેહીની વૃદ્ધિ કરવાની નેમ ચોકસ રાખવી જોઇયે. આપણે સ્વાર્થ બાજુપર રાખી સર્વ વિચાર કરવા જોઇયે અને એથી કરી તેની સ્ફુરતા અને વૃદ્ધિમાં સહાય કરવી જોઇયે. એમ કરતાં કરતાં જન્માંતર થતા જશે, યુગાંતર પણ થશે અને કલ્પાન્તર પણ થશે તેમ તેમ દેહી આગળ વધશે. આપણે તેની વૃદ્ધિમાં ઇચ્છાપૂર્વક પ્રયત્ન કરવાથી ઈશ્વર–ઇચ્છા અનુસાર કાર્ય કરીયે છીયે અને આ સૃષ્ટિમાં આપણા આગમનનો હેતુ પાર પાડીયે છીયે. કારણ શરીરના બંધારણમાં લેશમાત્ર શુભ દાખલ થયું તે

કદાપિ કાળે પણ જવાનું નથી, તેનો કોઇ વખત પણ નાશ થતો નથી. કારણ કે તે સનાતન સ્વરૂપ છે.

આ હકીકતથી એટલું સમજવામાં આવશે કે વૃદ્ધિના નિયમાનુસાર કોઇ પણ દુષ્ટતા અમુક કાળે તે ગમે તેટલી બળવાન દેખાય તો પણ સર્વદા રહેવાની નથી પણ તેની મેળેજ તેનો ક્ષય થવાનો. પરંતુ જે કલ્યાણકારી છે તે અમર રહેનાર છે. આનુ રહસ્ય એટલુંજ છે કે દુષ્ટતા એ પ્રતિકુળતા છે એટલે તે બ્રહ્માંડના નિયમને અનુસરતી નથી તેથી એજ નિયમના બળથી વહેલી મોડી તે નાશ પામે છે. તે નિયમ સાથે અથડાતાં તેના ભાંગી કટકા થઈ ચુર્ણ થઇ જાય છે. પરંતુ કલ્યાણકારી સર્વ એ નિયમને અનુકુળ છે તેથી તેનું તે ગ્રહણ કરે છે અને તેને સાચવી રાખી લેછે. એટલે તે વૃદ્ધિના વહનમાં આગળ વધે જાય છે; અને આપણા એકના માટેજ નહિ પણ જેમાંથી સાત્વિકનો ભંડાર થાય છે તેમાં તે જાય છે તેથી તેનો કોઇ કાળે નાશ થતો નથી તેમ તેનો કોઇ નાશ કરી શકતું નથી. આ વાત મનુષ્ય માત્રને સારી આશા બંધાવે છે એટલુંજ નહિ પણ અંતે તેનો જય નિશ્ચય કરી આપે છે. ગમે તેટલી મંદ વૃદ્ધિ થાય તો પણ તે થવાનીજ છે. ગમે તેટલો લાંબો માર્ગ દેખાય તો પણ તેનો અંત આવવાનો છે. આપણો જીવાત્મા—દેહી—વૃદ્ધિ પામતો જાય છે એટલે તેનો કેવળ નાશ હવે થવાનો નથી. માત્ર એવું બનવાનો સંભવ છે કે આપણે આપણી મૂર્ખાઇથી તેની જેટલી ત્વરિત વૃદ્ધિ થવી જોઇયે તે નહિ થવા દેતાં તેના કરતાં મંદ થાય, તો પણ તેમાં કિંચિત માત્ર પણ વધારો કરવામાં આવે તે તેમાં સદાકાળ માટે જઇ રહેવાનું અને ભવિષ્યમાં જેટલો કાળ હજી રહેલો છે ત્યાં સુધી તે તેના કબજામાં રહેવાનું છે.

આત્મ સ્વરૂપ—કારણ શરીરથી પણ એક અંશે આગળ ચાલીયે. પણ તેમ કરતાં એવી ભવ્ય ભૂમિકામાં પ્રવેશ થાય છે કે આપણી કલ્પના પણ કામ કરી શકતી નથી. કારણ શરીર સર્વથી ઉચ્ચ સ્વરૂપ નથી અને આત્મ સ્વરૂપ એ મન અને બુદ્ધિનો સંયોગ છે. એટલે ત્યાં મન બુદ્ધિમાં લય પામે છે. મનુષ્ય જાતની વૃદ્ધિનું આ શિખર છે. જન્મ મરણના ચક્રનો આંહી અંત આવે છે. એથી પણ ઉપરની ભૂમિકા છે તેને તુર્ય કહે છે એ બુદ્ધિનો પ્રદેશ છે. ત્યાં આત્મ સ્વરૂપની ઉપાધિની જાગ્રત અવસ્થા છે એ આનંદમય કોશ છે. માત્ર યોગી ત્યાં પોહોંચી શકે છે અને એ દિવ્ય ભૂમિકાનો અનંત આનંદ ભોગવે છે તથા જે સર્વત્ર એકાત્મભાવ પ્રવર્તે છે તેનો યથાર્થ અનુભવ કરી શકે છે. તેઓનેજ ત્યારે તેનું અપરોક્ષ જ્ઞાન થાય છે. અને જે અત્યાર સુધી માત્ર

તર્કનો વિષય હતો તેમ તે રહેતો નથી. મનુષ્યમાં સત્, ચિત્, તથા આનંદનો પૂર્ણ પ્રભાવ થાય તેવા કાળનો વિચાર કરીયે ત્યારે તે એક મહાન દ્વારમાં પ્રવેશ કરે છે અને ત્યારથી તેની વૃદ્ધિ વિશેષ અંશે થતી જવાની એમ જણાય છે. આ દ્વાર દીક્ષાનું છે. તેમાં થઈ ગુરૂ મહારાજ તેને દોરી જાય છે ત્યારે મનુષ્યને પ્રથમજ આત્મસ્વરૂપનું ભાન થાય છે, અને આ જગતના દ્વૈતભાવ તથા અનેક ભિન્નભાવ જે સૂક્ષ્મ તેમજ દેવલોકમાં પણ કેટલેક અંશે રહે છે તે સર્વના મૂળમાં ઐક્યતા રહેલી છે તેનું તેને અપરોક્ષ જ્ઞાન થાય છે. જ્યારે એ ભૂમિકાઓને મુકી તે આત્મ સ્વરૂપમાં ઉંચે ગમન કરે છે ત્યારે તેને પ્રથમજ અનુભવ થાય છે કે દ્વૈતભાવ છે તે નીચેની ભૂમિકાનોજ માત્ર ધર્મ છે. ત્યાં પોતે સર્વત્ર ઐક્યતા અનુભવે છે અને સ્વાનુભવનું ભાન નહિ ભુલતાં તેનો એટલો વિસ્તાર જુવે છે કે તેમાં સર્વનો સમાવેશ થઇ જાય છે અને ખરેખર જાણે પોતે તે સર્વ સાથે એકરૂપ હોય એમ તે અનુભવે છે. આંહી જે એકાત્મભાવ છે તે અનુભવવા મનુષ્ય માત્ર ઝંખે છે. તે ઐક્યતા તેણે ખરી જાણી છે પણ તેને નીચેની ભૂમિકામાં અનુભવવા તેનો સર્વ શ્રમ વ્યર્થ જાય છે. તેણે સ્વપ્નમાં પણ નહિ અનુભવેલ એવી ઐક્યતા આંહી અનુભવાય છે અને મનુષ્ય માત્રની પોતાના અંતરાત્મા સાથે ઐક્યતા છે એવું તેને જ્ઞાન આંહી થાય છે.

કાર્યાર્થ થતાં શરીરઃ—આપણે મનુષ્યનાં ભિન્ન ભિન્ન શરીરની જ્યારે ચર્ચા કરીયે છીયે તે પ્રસંગમાં કેટલાંક અમુક કાર્યને લઈ બનતાં શરીરનું વિવેચન પણ કરવું અવશ્યનું છે. એ શરીર સ્વભાવે માત્ર બનાવટી કહીયે તો પણ ચાલે. જ્યારે કોઈ મનુષ્ય સ્થુળ શરીરમાંથી બહીર વિચરતાં શીખે છે ત્યારે તે સૂક્ષ્મ શરીરને કામમાં લેછે; પરંતુ એ શરીર તેને અનુકુળ ભૂમિકામાં જ કાર્ય કરી શકે છે. તે માનસિ શરીરનો પણ ઉપયોગ કરી શકે છે અને તે દ્વારા દેવલોક પર્યંત વિચરે છે. એટલે સ્થુળ સૂક્ષ્મ ભૂમિકામાં તો કાંઈ પણ બાધરહિત થઈ વિચરે તેમાં કહેવુંજ શું. એ શરીરને માયાવિ-રૂપ કહે છે અર્થાત માયિક શરીર છે. તે માનસિક શરીર મૂળે હોય છે તેને અમુક રીતે કામમાં લેવામાં આવે છે. મનુષ્ય પોતાના માનસિ શરીરને પોતાના સ્થુળરૂપ જેવુંજ બનાવે છે તેમાં જરા પણ ભેદ પડતો નથી, અને તેમાં રહી તે સ્થુળ-સૂક્ષ્મ અને દેવલોક ભૂમિકા એ ત્રણેમાં પોતાની ઇચ્છા અનુસાર વિચરે છે. તથા સાધારણ મનુષ્યની સ્થિતિ કરતાં ઉચ્ચ અનુભવ પ્રાપ્ત કરે છે. થિઓસોફીનાં પુસ્તકોમાં મનુષ્ય દેશાંતર કરી શકે છે. એવું જે કહેવામાં આવેલું છે તે આ બનાવટી શરીર દ્વારા જાય છે. માનસિ-ભૂમિકામાં

પણુ તે જાય છે નવાં સત્ય શીખે છે. નવિન અનુભવો પ્રાપ્ત કરે છે અને સ્થુળ જાગ્રત અવસ્થા પર્યંત તેને પોહોંચાડે છે. આ ઉચ્ચ પ્રકારનું શરીર વાપરવાથી સૂક્ષ્મ શરીર જેમ સૂક્ષ્મ ભૂમિકામાં વખતે ભુલથાપ ખાઈ જાય છે તે ખવાતી નથી. કેળવાયા વિનાની સૂક્ષ્મ ઇંદ્રિઓ ઘણીવાર ભુલ ખવરાવે છે અને તે દ્વારા થતા જ્ઞાનનો વિશ્વાસ રાખતાં પહેલાં બહુ અનુભવ થવાની આવશ્યકતા છે. પરંતુ આ કાર્ય પ્રસંગે ધારણુ કરેલ શરીર એવી ભુલ ખાતું નથી. તેનું દર્શન, તેનું શ્રવણ યથાર્થજ હોય છે. સૂક્ષ્મ ભૂમિકાની મોહીનિ તેને ઠગવા સમર્થ નથી ત્યાંની માયામાં તે લેપાઈ જતો નથી. તેથી કરી જે દેશાંતર અથવા અન્ય ભૂમિકામાં વિચરવા માટે કેળવાયા હોય છે.. તેઓ આ શરીર ધારણુ કરવાનું પસંદ કરે છે. જ્યારે અવશ્ય જણાય ત્યારે બનાવી ધારણુ કરી લેછે. કાર્ય થઈ રહ્યું એટલે પડતું મુકે છે. શીષ્યો એવી રીતે જ્ઞાન–પાઠ શીખે છે અને જે બોધ અન્ય પ્રકારથી પ્રાપ્ત થઈ શકે નહિ તે એવી રીતે પ્રાપ્ત કરી લેવામાં આવે છે. એ વિનાનાં બીજાં કેટલાંક એવાં બનાવટી શરીરને પણુ માયાવિ–રૂપ કહે છે. પણુ આપણે તો ઉપર જે વર્ણુન કર્યું તેનેજ એ નામ આપશું. કેટલીકવાર વિચાર–રૂપમાં પણુ મનુષ્ય દૂર દેખાઈ શકે છે પણુ તે ભાન વિનાની ઉપાધિ છે. માત્ર વિચાર આકાશિક ભૂમિકાના ભૌતિક પદાર્થને લઈ રૂપ ધારણુ કરે છે. આવાં શરીર માત્ર કોઈ એકજ વિચાર અથવા ઈચ્છા પ્રદર્શિત કરી શકે•તે વિના તેને બીજું કોઈ પણુ રીતનું ભાન હોતું નથી. એટલે તે વિષે આટલુંજ જણાવવું બસ છે.

મનુષ્ય–તેજઃ—આ મનુષ્ય તેજ વાસ્તવિક શું છે તે હવે યથાર્થ સમજી શકાશે તે દેહીનું સ્વરૂપ છે અને તે ચારે ભૂમિકામાં એકી વખતે સ્ફુરાયમાન થઈ જાગ્રત અવસ્થા ભોગવવા સમર્થ છે. પણુ તેનું પ્રત્યેક ભૂમિકાનું જ્ઞાન તે જેટલે અંશે ખીલેલ હોય તે ઉપર આધાર રાખે છે. દેહીનાં સર્વ શરીરનું તે એકંદર પરિણામ છે. તેની એકત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉપાધિનો તે સરવાળો છે. ટુંકામાં દેહીનું ખરૂં દશ્ય–રૂપ તે છે. આપણે પણુ તેવીજ તેની ગણુના કરવી જોઇયે. માત્ર માણુસની ફરતો ગોળો છે એમ સમજવાનું નથી. એમાં સર્વથી તેજોમય આત્મોપાધિ છે. તે મહાન્ યોગીઓમાં જોવામાં આવે છે. તે દ્વારા આત્માની જ્વલિત અગ્નિ પ્રકટ થતી ભાસે છે. બુદ્ધિના પ્રદેશમાં દેહીનું આ સ્ફુરવું છે. તેની પછી કારણોપાધિ છે. દેવલોકના ઉચ્ચ પ્રદેશમાં દેહીનું સ્ફુરવું તે દ્વારા થાય છે. એ ભૂમિકાના અરૂપ પ્રદેશમાં જ્યાં દેહીનું સ્થાન છે ત્યાં તે સ્ફુરે છે તે પછી માનસુપાધિ છે. તેનો પ્રદેશ દેવલોક ભૂમિકાનો નીચેનો પ્રદેશ છે. તેની પછી સૂક્ષ્મ, સૂક્ષ્મવાયુરૂપ, અને સ્થુળોપાધિ છે. તે પ્રત્યેક પોતપોતાના સ્થુળ થતા આવતા પ્રદેશની ભૂત પ્રકૃતિ-

માંથી બને છે અને તે તે પ્રદેશમાં તે અનુક્રમે યથાસ્થિત સ્ફુરાયમાન થાય છે. શિષ્ય જ્યારે કોઈ માણુસ જુવે છે ત્યારે આ બધી શરીરોપાધિ એકત્ર થયેલી તેના જોવામાં આવે છે. પણ તેમાં તેની સ્થુળ–સૂક્ષ્મતા પ્રમાણે તે ભિન્ન ભિન્ન દેખાય છે અને તે ઉપરથી અમુક માણુસ કેટલે અંશે આગળ વધેલ છે તે તત્કાળ ભાસ્યમાન થઈ આવે છે. જેમ જેમ આંતર્ દૃષ્ટિ શિષ્યની વિકાસતી જાય છે તેમ તેમ એ શરીરોપાધિ પ્રત્યેક કેટલું કાર્ય કરે છે તે પણ સંપૂર્ણ ભાસ્યમાન થાય છે. બીજાં શરીરોની મધ્યમાં સ્થુળ શરીર સ્નિગ્ધ કઠિણ પદાર્થ જેવું બંધાયેલું જોવામાં આવે છે. તે બીજાં સર્વ કરતાં નાનું હોય છે, અને બીજાં શરીર તેની ફરતાં અને તેમાં ઓતપ્રોત થયેલ જોવામાં આવે છે. સૂક્ષ્મ શરીર તે પછી આવે છે. તેમાં સાધારણ રીતે મનુષ્યમાં જે કામના, વૃત્તિ, વિકાર ઉર્મિઓ, ઈત્યાદિ પ્રવર્તેલ હોય છે તે જોવામાં આવે છે. મનુષ્યની એ કામના ઈત્યાદિ જે પ્રમાણે ઉચ્ચ નીચ હોય છે તેના પ્રમાણમાં તેના રંગ, સૂક્ષ્મતા ઇત્યાદિમાં ભિન્નતા જોવામાં આવે છે. તે માણુસ જેટલે અંશે આગળ વધેલો હોય તેના પ્રમાણમાં સ્થુળ, સૂક્ષ્મ, અને સૂક્ષ્મતમ, તે દેખાય છે. તેની પછી માનસ્–શરીર દેખાય છે, તે સામાન્ય મનુષ્ય જાતિમાં બહુ વિકાસ પામેલું હોતું નથી; તો પણ ઘણાં માણુસોમાં તે સુંદર ભાસે છે અને તેની મનશક્તિ તથા નીતિના પ્રમાણમાં તેમાં ભિન્ન ભિન્ન રંગ જોવામાં આવે છે. તે પછીનું કારણ–શરીર તે ઘણાખરાં માણુસોમાં દેખાતું નથી. કારણ કે તે એટલું થોડું વૃદ્ધિ પામેલું હોય છે કે જો બહુ લક્ષપૂર્વક અવલોકન કરવામાં આવે તોજ તેનો આછો રંગ, અને તેનું મંદ કાર્ય જોવામાં આવે છે. પરંતુ જે માણુસો આગળ વધેલાં છે તેમાંનું કોઇ જોવામાં આવે તો તેનામાં તો આ કારણ શરીર અને તે ઉપરનું શરીર એ તેજ જાણે તે માણુસનું ખરૂં સ્વરૂપ હોય તેમ એકદમ દૃષ્ટિ સમિપ આવી જાય છે. તેનું તેજ પ્રકાશતું દેખાય છે, રંગ બહુ રમણીય અને છાંયા બહુ કોમળ ભાસે છે, એ વર્ણોનું ચિત્ર વાણીથી અવર્ણ્ય છે. આપણે જગતમાં જે રંગની છાંયા જોઇએ છીયે તેમાં તે આવી શકતાજ નથી. એ વર્ણોની સૂક્ષ્મ અને ખુબસુરતી એટલી છે કે તેનો આપણે જોવામાં આવતાં રંગ સાથે મુકાબલો કરી બતાવી શકાય તેવું નથી. કેટલાક વર્ણ આપણે આ જગત્માં જોઇએ છીયે તે કરતાં નવિન છે. તે ઉપરથી એ ભૂમિકામાં જે ઉચ્ચ ગુણ અને શક્તિઓ પ્રાપ્ત થાય છે તેની પ્રાપ્તિ તથા તે પ્રમાણે એ દેહીની વૃદ્ધિ બતાવી આપે છે. જો મહાત્માના દર્શનની દૃષ્ટિ સુભાગ્યે પ્રાપ્ત થવાની કૃપા થઇ હોય તો તે જીવન અને વર્ણનુંજ એક મહાનરૂપ જોવામાં આવે છે. તે

જોમય અને કાન્તિવાન દેખાય છે અને દૃષ્ટિગોચર થતાંજ તેનો સ્વભાવ પ્રદર્શિત થઇ આવે છે. તેનું સૌંદર્ય અવર્ણ્ય હોય છે અને તેની તેજોમયતા કલ્પનામાં પણ આવી શકે તેમ નથી; પરંતુ જેવા તે દેખાય છે તેવું એક દિવસ સર્વને થવું છે. એ નિશ્ચય જાણવું. તેનામાં જે કાંઇ પરિપૂર્ણતાની સ્થિતિએ પોહોંચેલ છે તે સર્વ પ્રત્યેક મનુષ્યમાં બિજરૂપે રહેલ છે.

આ તેજ સંબંધી એક વ્યવહારોપયોગી વાત છે તે અત્રે જણાવવા જેવી છે. એ તેજના ભૌતિક પદાર્થની આપણે આપણી આસપાસ એક દીવાલ બાંધી ઘણે અંશે આપણે અન્યના વિચારોને આપણા પ્રત્યે આવતા અટકાવી શકીયે છીયે. વિચારનો ધક્કો એ તેજ ઉપર લાગવાથી હેને તે તત્કાળ આધિન થાય છે, એટલે જો આપણે કલ્પના કરી તેની બહારની કોર જાણે એક મજબુત કોટના જેવી સખત કરી છે એમ વિચાર કરીયે તો વસ્તુતઃ એવી રક્ષક દીવાલ થઇ જાય છે. આકાશી ભૂમિકામાં જે વિચાર-રૂપ અથડાયા કરે છે તેને અંદર આવતાં એ કોટ અટકાવે છે. અને કેળવાયા વિનાના મન ઉપર જે તેઓ માઠી અસર કરે છે તે તેથી અટકે છે. એવા રક્ષણથી કેટલાક લોકો અણુજાણપણે આપણી સમિપ આવવાથી આપણું જીવનતત્વ હરે છે એવું આપણને લાગે છે તે પણ અટકે છે. માટે જેઓની તિવ્ર લાગણીઓ હોય અને જેને એવી રીતે જીવનહરણ થતું લાગતુ હોય તેઆએ આવી રીતે પોતાનું રક્ષણ કરવું એ ડહાપણવાળું છે સૂક્ષ્મ ભૌતિક પ્રકૃતિ પ્રત્યે વિચારશકિત એવી બળવાન છે કે આપણે એવા કોટમાં છૈયે એમ ધારણા કરી કે એ કોટ બંધાયો એમજ સમજવું.

આપણી ચોમેર જે મનુષ્યો હોય તેનું અવલોકન કરવામાં આવે તો તેઓ જુદે જુદે અંશે ખીલેલાં જોવામાં આવશે. કોઇ પણ મનુષ્ય કેટલે અંશે ખીલેલ છે તે તેનું શરીર જોવાથી તેઓ ભિન્ન ભિન્ન લોકમાં વિચરતાં હોય છે તેથી, ભિન્ન ભિન્ન ભૂમિકામાં કાર્ય કરતાં હોય છે તેથી, અને ભિન્ન ભિન્ન જ્ઞાનાવસ્થા માટે જોઇતી ઉપાધિ તૈયાર થતી હોય છે તેથી તત્કાલ જણાઇ આવે છે. આપણી ખરેખરી સ્થિતિ આપણું તેજ કહી આપે છે. સત્ય જીવનવૃદ્ધિ કરે છે. આપણે ઉંચ્ચ વૃત્તિ અને પવિત્ર વર્તનથી આપણી નિર્મળતામાં વૃદ્ધિ કરીએ છીયે અને તેને લીધે ઉંચ્ચ ગુણો આપણામાં વિશેષ નિવાસ કરતા જાય છે.

'જીવિત સંબંધે કોઇ પણ તત્વજ્ઞાન આના કરતાં વિશેષ આશાપુરિત અથવા વધારે બળવંત, અથવા વધારે આનંદકારક હોવાનો સંભવ છેજ નહિ. સ્થુળ દૃષ્ટિથી જોતાં જગતમાં મનુષ્ય ઉતરતું જાય છે, વિશેષ દુઃખી થતું

જાય છે, નિરાશ થતું જાય છે એમ જણાય છે અને ચર્મચક્ષુનો અનુભવ તો ખરેખર એજ છે. પણ જ્યારે જ્ઞાન દૃષ્ટિથી જગત્‌માં મનુષ્યનું અવલોકન કરીયે છીયે ત્યારે તેજ જગત્ અન્ય પ્રકારનું દેખાય છે. આપણે દુઃખ અને શોક દેખાય છે એ ખરૂં; આપણને નિર્લજપણું અને ઉતરતી પંક્તિ થતી જણાય છે એ ખરૂં પણ એ માત્ર ક્ષણિક છે એમ જાણીયે છીયે. તે માત્ર થોડો કાળ રહેનાર છે કારણ કે મનુષ્ય જાતનું બાળપણ છે, પરંતુ તે જાત તેમાંથી આગળ નિકળી જશે એ નિશ્ચય છે. હલકામાં હલકાં અને દુષ્ટમાં દુષ્ટ, નીચમાં નીચ અને પશુ જેવાં મનુષ્ય જોતાં પણ તેમાં ઇશ્વરી અંશનું બિજ દેખાય છે. તેઓ ભવિષ્યમાં કેવાં થશે તેનો આપણને ખ્યાલ આવી શકે છે. પાશ્ચાત્ય લોકોને થિઓસોફી—અધ્યાત્મ વિદ્યા—એ એ આશા ભરેલો સંદેશો આણી આપ્યો છે. તેમાં જણાવેલ છે કે આખું જગત્ અજ્ઞાનના અંધકારમાંથી બહાર નિકળનાર છે અને સર્વત્ર દુઃખનો નાશ થવાનો છે. આ સ્વપ્નની વાતો પેઠે થનાર નથી પણ ખરો અનુભવ થવાનો છે. માત્ર આશા બાંધી બેસવાનું નથી પણ નિશ્ચય અનુભવવાનું છે. જેમ જેમ એક એક માણસમાં નવિન વૃદ્ધિ થતી જણાય છે તેમ તેમ એ સંદેશાની સત્યતા અને અમલનો તાજો અનુભવ થતો જાય છે. આરંભકાળનાં ફળ તો સર્વત્ર આવવા લાગ્યાં છે અને એક દિવસ એવો પણ આવશે કે જે દહાડે આખા જગત્‌માં તે ફળ વિણવા માટે પરિપકવ થશે અને બ્રહ્માએ સૃષ્ટિ રચી તેનો હેતુ પરિપૂર્ણ પાર પડ્યો એમ જણાશે.

દેહી.

અત્યાર પર્યંત જે જે ઉપાધિદ્વારા વિવિધ પ્રકારનું જ્ઞાન જીવાત્મા દેહી પ્રાપ્ત કરે છે તેનું વિવેચન કરવામાં આવ્યું. હવે તે જ્ઞાન પ્રાપ્તિના કાર્યનો અનુભવનાર દેહી તેનું તથા એ કાર્યની ભિન્ન ભિન્ન ઉપાધિ પ્રત્યે થતી અસર તેમાં કાર્ય કરનાર દેહીને કેવી અસર કરે છે તેનું વિવેચન કરવાનું છે. આંહી જે દેહી કહેવામાં આવેલ છે તે જીવાત્મા સમજવો. તે વારંવાર જન્મ મરણને આધિન થવા છતાં એકનો એક સર્વદા રહે છે. જે કાળાંતરમાં ધીમે ધીમે ખીલતો આવે છે; જે વિધ વિધ અનુભવો પ્રાપ્ત કરી તેને પોતામાં એકમેક કરતો જાય છે અને વૃદ્ધિ પામતો જાય છે, અને જેનું નિવાસસ્થાન આગળ કહેવામાં આવ્યું છે તેમ ઉચ્ચ—માનસિ અથવા દેવલોક ભૂમિકામાં છે. એવા પુરૂષ વિષે આપણે હવે ચર્ચા કરવાની છે કારણ કે સ્થુળ, સૂક્ષ્મ અને મા-

નસિ ભૂમિકાઓ, જેની સમજ આગળ આપાઈ ગઈ છે, તેમાં કાર્ય કરનાર તે છે.

દેહીના અનુભવનો પ્રથમારંભ સ્થુળ ભૂમિકામાં અહંભાવનાનું જ્ઞાન જાગ્રત્ થવાથી થવા માંડે છે. આ ભૂમિકામાં જેને આપણે સામાન્ય રીતે જાગ્રત્ અવસ્થા કહીયે છીયે તે પ્રથમ અનુભવાય છે. એ અવસ્થાનું ભાન મગજ અને જ્ઞાનતંતુઓદ્વારા થાય છે, જે કે આપણા સામાન્ય તર્કશક્તિનાં સાધન છે. તે વડે આપણે આપણા સર્વ તર્ક ચલાવીયે છીયે; તે દ્વારા આપણી આ જીંદગીની ભૂતકાળની સર્વ ખીનાઓનું સ્મરણ આપણને રહે છે; અને અહોનિશ વ્યવહારમાં આપણે સારાસારનો વિચાર પણ તે દ્વારા કરીયે છીયે. આપણે જેને મનશક્તિ કહીયે છીયે તે તો પૂર્વે કરેલી શરીરયાત્રામાં દેહીએ કરેલાં કાર્યનાં પરિણામ હોય છે. એટલે જેમ જેમ પુરૂષ પ્રત્યેક યાત્રા પછી વૃદ્ધિ પામતો જાય છે અને વિકસતો જાય છે તેમ તેમ ત્યાર પછીની યાત્રામાં આ લોકમાં તેનું જાગ્રત્ જ્ઞાન વિશેષ સ્પષ્ટ, વિશેષ તિવ્ર, અને વિશેષ ચંચળ જોવામાં આવે છે.

કેવળ વિકાસ પામ્યા વિનાના કોઈ પુરૂષનું આપણે અવલોકન કરીશું તો તેની જાગ્રત્ અવસ્થામાં તેના મનની ચાંચલ્યતામાં ગુણ તેમજ સમૂહ બહુજ જુજ જોવામાં આવશે; સ્થુળ અને પ્રતિક મગજ તેનાં કાર્ય કરતાં હોય છે. જ્ઞાનતંતુની રચનામાં નિરંતર દશ્ય તથા અદશ્ય કાર્ય થયાં કરે છે, પણ તે કાર્ય ઢંગધડા વિનાનું હોય છે તેની કાંઈ નિયમિત વ્યવસ્થા જણાતી નથી. તેમાં મનની સત્તાની ખુબી દેખાતી નથી. મનનું ચાંચલ્ય કાંઈક ભાસે છે પણ તે બાલ્યાવસ્થાના જેવું હોય છે. બહુ નજીવી વસ્તુમાં તેનું ધ્યાન રોકાઈ રહેલું હોય છે. નજીવા બનાવ જોતાં તેને આનંદ થતો દેખાય છે. તેનું ધ્યાન નજીવી વાતો તરફ આકર્ષાય છે. ક્ષણિક સ્થિત થતા વિષયો પ્રત્યે તેની ઇચ્છા થાય છે. જેમકે બારી આગળ બેસી રસ્તામાં ચાલતાં હાલતાં લોકો વાહનો પ્રત્સાદિ જોવામાં આનંદ માને છે. તે ઉપર ટીકા કરે જાય છે. કોઈ સારાં સુંદર વસ્ત્ર ધારણ કરેલ મનુષ્ય નિકળે છે અને તે કોઈ ખાડાં ખાબોચીએ પડે છે અથવા કોઈ જાતી આવતી ગાડીથી કાદવના છાંટા ઉડી તેનાં વસ્ત્ર બગડે છે તે જોઈ ખડખડાટ હસવા મંડી જાય છે. એવા મનુષ્યને પોતાનું મન રોકવા માટે કાંઈ ખાસ વિષય તો હોતો નથી એટલે તેનું કાર્ય કરે જાય છે એવું માનવા માટે બહાર દોડી જાય છે. કોઈ પણ મનુષ્યના મનની સ્થિતિ છેક કનિષ્ટ છે અને તે માત્ર સ્થુળ–પ્રતિક ઉપાધિદ્વારા માત્ર કાર્ય કરે છે અને તે ઉપાધિઓને જાગ્રત્ અવસ્થાના જ્ઞાન માટે તે નિયમમાં મુકવા

મથન કરે છે તેનું મુખ્ય ચિહ્ન એ છે કે એવા મનુષ્યને જુસ્સો ચઢી આવે એવો દેખાવ જોવા બહુ મથન થયા કરે છે તેને પોતાની લાગણીઓ ઉપર બરાબર અસર થાય છે તેની ખાત્રી કરવા માટે અને વસ્તુઓમાં રહેલ ભેદનું જ્ઞાન મેળવવા માટે તેની મજબુત અને તિવ્ર છાપ તેના મન ઉપર પડવાની જરૂર છે. પુરૂષની વૃદ્ધિમાં આ પ્રથમ પગથીયું છે ખરૂં પણ તેની જરૂર છે. આમ બને નહિ તો તેની વ્યવસ્થા બંધાય નહિ. અંતર્ અને બહિર્ સર્વમાં અવ્યવસ્થાજ નિરંતર રહ્યા કરે. ખરૂં સ્વરૂપ શું છે અને ખોટું શું છે તેનો કક્કો તેણે ભણવો જોઇયે. પદાર્થ આઘાત કરે છે અને તે આઘાતથી લાગણીઓ થાય છે તે બે ભિન્ન છે એ તેને પ્રથમ જાણવાની વાત છે. અર્થાત્ મનને જાગ્રત કરવું અને મન ઉપર લાગણી કરવી એ બે ભિન્ન વાત છે એ સમજવું જરૂરનું છે. આવા પ્રકારની હલકામાં હલકી સ્થિતિ ભોગવતાં મનુષ્યને બહુ દૂર શોધવા જવું પડે તેમ નથી તે પ્રત્યેક શેરીએ ખુણા આગળ ઉભાંજ હોય છે. દીવાલને અઢીંગી આળસમાં ઝોલાં ખાધાં કરે છે અને વચમાં વચમાં ભિન્ન ભિન્ન પ્રસંગના ઉદ્દગાર કાઢ્યા કરે છે તથા કારણ વિના પણ ખડખડાટ હસતા હોય છે. તેઓનાં મગજ જો કોઈ જોશે તો જણાશે કે આસપાસ બનતા બનાવની અસ્પષ્ટ છાપો તેમાં પડે છે અને તેવી છાપોનો આગળ પાછળનો સંબંધ જોડાતો હોય એમ દેખાતું નથી. એ છાપોના સંસ્કારનો જાણે છુટા કાંકરાનો ઢગલો હોય તેમ જણાય છે પણ તેમાં કાંઈ ગોઠવણ અથવા વ્યવસ્થા જોવામાં આવતી નથી.

આપણે જે સ્થુળ અને પ્રતિક મગજ વિષે કહી ગયા તે જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધન કેવી રીતે થાય છે તે સમજવા માટે આપણે પ્રથમારંભમાં અહંકાર કેમ પ્રાપ્ત થયો તે જોવું જોઇયે. આ સ્થિતિ આપણી આસપાસ જે હલકા વર્ગના પ્રાણીઓ છે તેમાં જોવામાં આવે છે. બહિર્ પદાર્થની છાપનું બિંબ મગજમાં પડે છે ત્યાંથી તે સૂક્ષ્મ શરીરમાં જાય છે અને તેનું ઇંદ્રિયજન્યજ્ઞાન થાય છે પણ ત્યાં સુધી એ પદાર્થ અને જ્ઞાનનો સંબંધ હોતો નથી. કારણ કે એ સંબંધ મનનું એક ચોકસ કાર્ય છે—અર્થાત્ તે વસ્તુનું યથાર્થ જ્ઞાન ત્યારેજ થાય છે. પદાર્થનું દર્શન થવા લાગે છે એટલે જ્ઞાન પ્રાપ્તિ માટે સ્થુળ અને પ્રતિક મગજ તેના સાધન તરીકે કામે લાગી જાય છે અને તે દ્વારા બહિર પદાર્થ જ્ઞાન સમજથી પ્રાપ્ત કરવા માંડે છે. આપણી હાલની મનુષ્ય જાતની સ્થિતિમાં એ પગથીયું લાંબા કાળ ઉપર આવી ગયું છે. પરંતુ તેનો ભાસ કિંચિત કાળ માટે જ્યારે જીવ પુનર્જન્મ લેછે અને નવું મગજ તૈયાર થાય છે ત્યારે જોવામાં આવે છે. બાલક જ્યારે પોતાની આસ-

પાસની વસ્તુઓ ઓળખવા માંડે છે ત્યારે માતા કહે છે કે બાલક સમજણું થવા લાગ્યું. અર્થાત્ ત્યારે બાળક બહિર્ પદાર્થ તેની નવી ઉપાધિ ઉપર જે છાપ પાડે છે તેનું જ્ઞાન ગ્રહણ કરવા માંડે છે. એટલે તે સમજણું થયું અથવા સમજવા લાગ્યું એમ કહે છે.

કાંઈક કાળ વ્યતિત થયા પછી કોઈ પદાર્થનું જ્ઞાન પ્રદર્શિત કરવા તે પદાર્થનું ચિત્ર સમિપ હોવાથી આવશ્યકતા રહેતી નથી અને કાંઈ પણ ઈંદ્રિની સાથે સંબંધમાં આવ્યા વિના પણ તેવા પદાર્થના ચિત્રનું સ્મરણ લાવી શકે છે. આવું સ્મરણ જ્ઞાન ને વિચાર, આંતર્ જ્ઞાન, અથવા માનસિ મૂર્તિ કહેવાય છે બહિર પદાર્થના જ્ઞાનનો આ ભંડાર થાય છે. જીવ આ ભંડારમાં પોતાનું કામ ચલાવે છે. તેનું પ્રથમ કાર્ય એ વિચારોને યથાસ્થિત ગોઠવવાનું છે અને ત્યારપછી તે વડે તર્ક કરે છે. એ વિચારોની અન્યઅન્ય તુલના કરવી એ તર્કનો આરંભ છે. અને ત્યાર પછી તેવા વિચાર એક સાથે આવ્યા હોય અથવા આગળ પાછળ આવ્યા હોય તેને લઈ તેમાંથી સારાંશ અથવા અનુમાન કાઢતાં શીખે છે. આ કાર્ય કરતી વેળા જ્ઞાન અંતર્ધ્યાન થઈ જાય છે. બહિર પદાર્થમાંથી સંગ્રહ કરેલા વિચારોને પોતાની સાથે લઈ જાય છે અને તેમાં પોતામાંથી કાંઈક ઉમેરી તેમાંથી અનુમાન અથવા સારાંશ બહાર પાડે છે એટલે તેમાં કાર્ય–કારણરૂપે શું એક બીજાનો સંબંધ છે તે પ્રદર્શિત કરે છે. ત્યારે તે પરિણામ નિશ્ચય કરવા માંડે છે. અને અનુક્રમ સંબંધ જાણતાં શીખ્યા પછી ભવિષ્ય કહેવા પણ માંડે છે. અર્થાત જે બહિર જ્ઞાન કારણરૂપે જોવામાં આવ્યું હતું તે કાર્યરૂપે ક્યારે જણાશે તે નિશ્ચય કરી શકે છે. એક વખત અનુક્રમ તેના સમજવામાં આવ્યો એટલે ભવિષ્યમાં શું થશે તે નિશ્ચય કરવા તેમજ પરિણામ કેવાં આવશે તે ચોકસ કરવા એ સમર્થ થાય છે. તે એમ જાણી શકે છે એક બહિરજ્ઞાન કારણરૂપે પ્રકટ થયું તો બીજું તેવુંજ જ્ઞાન કાર્યરૂપે આગળ થવાનું. વળી વિચારોની તુલના કરતાં તેની દૃષ્ટિએ એમ પણ આવે છે કે તેમાંના એક કરતાં વધારેમાં કેટલીક સામાન્યતા છે અને કેટલીક બાબતમાં તેવી સામાન્યતા નથી. એટલે સામાન્ય લક્ષણવાળાનો એક અલગ વર્ગ પાડે છે અને પછી તેવી વસ્તુનો એક સમુહ બાંધી તેનો વર્ગ બાંધે છે. વળી કોઈ નવિન વસ્તુ તેવા લક્ષણવાળી ધ્યાન ઉપર આવે છે એટલે તેને તેમાં મુકે છે. આવી રીતે મનનો પ્રથમ વ્યવહાર મંડાય છે ત્યારે જે બહિર વસ્તુ જ્ઞાનનો એક ખીચડો હોય છે તેની વ્યવસ્થા કરી સૃષ્ટિના નિયમ નિશ્ચય કરે છે, અને આ જગત્માં જે જે ભિન્ન ભિન્ન વસ્તુજ્ઞાન થાય છે તથા જે ભિન્ન ભિન્ન બનાવો વારાફરતી થતા જોવામાં આવે છે તેમાં સારરૂપ

નું જ્ઞાન પ્રાપ્ત કરી તે સ્થાપિત કરે છે. આ સર્વ કાર્ય સ્થુળ મગજદ્વારા તે મગજમાં થાય છે; પરંતુ તેમાં જરા ઉંડા ઉતરી જોઈશું તો એ મગજમાં જે સત્તા નથી તેવી અન્ય સત્તાનું કાર્ય સાથે છે એમ જણાશે. મગજ વસ્તુઓના પરમાણુઓના સંક્રમણની ગતિનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને સૂક્ષ્મ શરીરમાં જે જ્ઞાન સ્થિત થયેલ છે તે એ ગતિજ્ઞાનને ઇંદ્રિયજન્ય જ્ઞાનનું રૂપ આપે છે અને માનસિક શરીર તે ઇંદ્રિયજન્ય જ્ઞાનને વસ્તુજ્ઞાનનું રૂપ આપે છે. આમ સર્વદા ક્રિયા થયે જાય છે અને તેમાંથી જગતની વ્યવસ્થા બંધાય છે. આમાં જે જ્ઞાન કાર્ય કરે છે તેને વળી બહિર વસ્તુજ્ઞાનથી સ્થિત થતા વિચાર વિના અન્ય વિચાર પણ ઉપરથી આવી વિશેષ પ્રકાશિત કરે છે. આ વિચારોનું બ્રહ્માંડના મન–મહત્–માંથી પ્રતિબિંબ પડે છે. વિચારના મહાન્ નિયમાનુસાર સર્વ વિચારની ક્રિયા થયે જાય છે. પ્રથમ વિચારની ક્રિયા થાય છે એજ સુચન કરે છે કે એવા નિયમનું પૂર્વેથી અસ્તિત્વ છે. કારણ કે એ નિયમ પ્રમાણે અને તેને અનુસરી વિચારની ક્રિયા થાય છે તે વિના એ ક્રિયાનો સંભવજ નથી.

આરંભકાળમાં અપૂર્ણ વસ્તુજ્ઞાન અને ભૂલ ભરેલાં અનુમાનને લીધે સ્થુળ ઉપાધિદ્વારા જે જ્ઞાનશક્તિ કાર્ય કરે છે તેમાં દોષ આવે એ સહજ સમજી શકાય તેવું છે. ઉતાવળથી બાંધેલાં અનુમાન, થોડા અનુભવ ઉપરથી સ્થાપિત કરેલા સામાન્ય નિયમો ઘણીવાર ધારેલાં પરિણામ ખોટાં પાડે છે. તર્કના નિયમો એટલા માટે વિચાર–શક્તિને કેળવવા બાંધવામાં આવે છે એટલે કેળવાયા વિનાની શક્તિ જે દોષને પાત્ર થાય છે તે થાય નહિ. એટલું છતાં એ તો કહેવુંજ જોઇયે કે તર્ક કરવા તરફ સહજ પ્રયત્ન થાય તે સ્પષ્ટ બતાવી આપે છે કે દેહી વિકાસ પામવા લાગ્યો છે. કેમકે તે ઉપરથી એટલું નિશ્ચય થઈ શકે છે. બહિરજ્ઞાનથી જે પ્રાપ્ત કર્યું તેમાં તે કાંઇક ઉમેરે છે. એવી રીતે સંગ્રહ કરેલાં સાધનો પ્રત્યે જે કાંઇ કાર્ય થાય તેની સ્થુળોપાધિ ઉપર પણ અસર થાય છે. જ્યારે મન કોઈ બે બહિરવસ્તુજ્ઞાનના વિચારનો સંબંધ ધારે છે ત્યારે તે પ્રમાણે મગજમાં પણ ગતિ પેદા થાય છે અને તેને લીધે જે વસ્તુનું જ્ઞાન થયું હોય છે તેની પ્રત્યે એ ગતિ પોહોંચી તેમાંથી ચાલતી ગતિ સાથે સંબંધ જોડે છે. તેનું કારણ એ છે કે માનસિક શરીર ચંચળ થાય છે કે તત્કાળ તેની અસર સૂક્ષ્મ શરીર ઉપર થાય છે અને તેની અસર તેવીજ રીતે પ્રતિક અને સ્થુળ ઉપર થાય છે. એથી કરી પ્રથમના આઘાત પ્રમાણે સ્થુળ શરીરની જ્ઞાનતંતુની રચના ગતિમાન થાય છે, એ સર્વ કાર્ય વિજળીના બળના ધક્કાની પેઠે થતું જોવામાં આવે છે, અને ત્ર્યણુક તથા

વ્યણુકના સમુહોની વચ્ચે આકર્ષક વહનો થયાં કરે છે. આમ થવાથી ગુંચવણ ભરેલા અન્યોઅન્ય સંબંધ પેદા થયા કરે છે. એવી રીતે થયેલ જ્ઞાનતંતુઓમાં એક ચીલો પાડી દેછે અને તેને લીધે એવું વહન ફરી થાય તો તે માર્ગ ઉપર બહુ ત્વરાથી ગતિ કરે છે પણ જો આગળ વધવું હોય તો એટલી ત્વરાથી જઈ શકતું નથી. એવીજ રીતે બહિરજ્ઞાન એવાજ પ્રકારની ગતિ તેવાં વ્યણુકના સમુહદ્વારા ઉપર ચલાવે છે તો તે પૂર્વના સંબંધને લઈ તે ગતિ તત્કાળ ગ્રહણ કરી આગળ ચલાવી દેછે અને તેવાં વ્યણુકના ઉપરના સમુહ તત્કાળ ચંચળ થઈ તે ગતિ ગ્રહણ કરી લેછે. એમ તે મન પર્યંત પોહોંચી જાય છે અને ત્યાં પ્રથમના વિચાર સાથે સંબંધ ધરાવનાર વિચાર રરૂપે જઈ રહે છે. આ ઉપરથી અન્યોઅન્ય સંબંધ ધરાવનાર વિચારનો સંગ્રહ કરવામાં સાવચેતી રાખવાની કેટલી અગત્ય છે તે જણાશે. મગજનું કાર્ય કોઈ કોઈ વેળા બહુ કંટાળા ભરેલું થઈ પડે છે; કારણ કે કોઈ અત્યંત ગંભિર અથવા પવિત્ર વિચાર સાથે કોઈ મૂર્ખાઈ ભરેલા અથવા હાસ્યજનક વિચારનો સંબંધ બંધાઈ જાય છે ત્યારે મનમાં એ ગંભિર કે પવિત્ર વિચાર ઉપર વિશેષ ધારણા કરવા વિચારવામાં આવે છે કે તેજ ક્ષણે ઇચ્છા નહિ છતાં પેલો દુષ્ટ વિચાર આગળ આવી પડે છે કારણ કે મગજનું યંત્ર કામ તો ચાલતુંજ હોય છે. આવી રીતે દુષ્ટ વિચાર પવિત્ર સ્થાનમાં આવી તેને મલિન કરે છે. સુજ્ઞજનો એવા સંબંધ ઉપર બહુ લક્ષ આપે છે અને પવિત્ર વિચાર કરતાં અને તે વિશે બોલતાં બહુ સાવચેત રહે છે. નહિ તો વખતે કોઈ નાદાન અને અજ્ઞાન માણસ એવી પવિત્ર વાત સાથે કોઈ મલિન અથવા નાદાન વાતનો સંબંધ બંધાય એવી વાત કરી દે અને તેને લીધે જ્યારે જ્યારે એ પવિત્ર વાતનું સ્મરણ થાય તેની સાથે એ દુષ્ટ વાતનું પણ સ્મરણ થાય. યાહુદી મહાન ગુરૂએ કહેલ છે કે પવિત્ર વસ્તુ છે તે શ્વાનને આપવાની નથી તેમ ડુક્કર પાસે મોતી નાંખવાનાં નથી એ કેવો સદ્બોધ છે તે આ વાતથી સહજ સમજી શકાશે.

જીવાત્માના આગળ વધવાનું બીજું ચિહ્ન એ છે કે તેવું મનુષ્ય આંતર્ નિશ્ચયો પ્રમાણે વર્તન કરે છે અને બહિર વસ્તુઓથી થતી અસરને આધિન થતા નથી. તે પોતાના સંગ્રહ કરેલા અનુભવના ભંડારનો ઉપયોગ કરે છે. ભૂતકાળની વાતનું સ્મરણ કરે છે, અને ભૂતકાળમાં જુદાં જુદાં વર્તનથી થયેલાં પરિણામની તુલના કરે છે તથા વર્તમાન કાળમાં કેવું વર્તન કરવું તેનો નિશ્ચય કરે છે. તે ભવિષ્ય જાણવા માંડે છે. ભવિષ્યમાં કેમ થશે તે નિશ્ચય કરી શકે છે, અને ભૂત ઉપરથી ભવિષ્યનો નિર્ણય કરી શકે છે એટલે